Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૮૭
તા.૦૩-૦૫-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૬ સૂર્યાસ્ત : ૦૭:૦૬

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૨.૫ | વડોદરા | ૪૧.૩ |
| અમદાવાદ | ૪૩ | સુરત | ૩૩.૮ |
| ગાંધીનગર | ૪૨.૭ | નલિયા | ૩૬ |

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૧,૮૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ   પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭   જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# નવી એમ્સ સહિતની યોજનાઓને કેબિનેટની લીલીઝંડી

## પ્રધાનમંત્રી આરોગ્ય સુરક્ષા યોજનાની અવધિને વધારી દેવાઈ : નવા એમ્સના નિર્માણ, સરકારી મેડિકલ કોલેજોને અપગ્રેડ કરાશે : કારોબારી વિવાદનો ઉકેલ લાવવા કાયદામાં સુધારો : હવે ૪ એરપોર્ટને અપગ્રેડ કરાશે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં કેટલાક મોટા નિર્ણયો પર મંજુરીની મહોર આજે મારવામાં આવી હતી. મિટિંગમાં વડાપ્રધાન આરોગ્ય સુરક્ષા યોજનાની અવધિ ૧૨મી પંચવર્ષીય યોજનાથી વધારીને વર્ષ ૨૦૧૯-૨૦ સુધી કરી દીધી હતી. આ યોજના હેઠળ નવા એમ્સના નિર્માણ અને સરકારી મેડિકલ કોલેજોના અપગ્રેડેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નવા એમ્સ સહિત કેટલીક યોજનાઓને કેબિનેટે મંજુરી આપી હતી. આ યોજના માટે ૧૪૮૩૨ કરોડ રૂપિયાની નાણાંકીય ફાળવણી કરવામાં આવનાર છે. મંત્રીમંડળે આ ઉપરાંત કેટલીક અન્ય યોજનાઓને પણ મંજુરી આપી હતી. નવા એમ્સની સ્થાપનાથી આરોગ્ય શિક્ષણમાં ધરખમ ફેરફાર લાવી શકાશે. સાથે સાથે આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલોની કમીની તકલીફને દૂર કરી શકાશે. કેબિનેટે કેટલાક રાજ્યોમાં એમ્સ બનાવવાની દરખાસ્તને મંજુરી આપી હતી. નવા એમ્સના નિર્માણની સાથે સાથે આના સંચાલન અને જાળવણીનો ખર્ચ સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે હિસ્સેદારીના આધાર પર હોસ્પિટલોને આધુનિક બ્લોક અને ટ્રોમા સેન્ટરના નિર્માણ તથા સાધન સામગ્રીની ખરીદી તથા નવી સુવિધાઓના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવે છે. સરકાર તરફથી જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નવા એમ્સના નિર્માણથી ૩૦૦૦થી વધુ લોકોને રોજગારી મળશે. કેન્દ્રીય મંત્રીમંડળે નવી દિલ્હીના નજફગઢમાં ૧૦૦ બેડની સામાન્ય હોસ્પિટલના નિર્માણને પણ મંજુરી આપી હતી. આના પર ૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. કેબિનેટ બેઠકમાં કારોબારી વિવાદના વહેલીતકે નિરાકરણ માટે કાયદામાં સુધારાને પણ મંજુરી આપવામાં આવી હતી. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતના રેંકિંગમાં વધારે સુધારો લાવવાના હેતુસર આ પગલું લેવામાં આવ્યું છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ વર્લ્ડબેંક દ્વારા જારી કરવામાં આવે છે. મિટિંગમાં દેશના ચાર એરપોર્ટને અપગ્રેડ કરવા ઉપર પણ સહમતિ થઈ છે જેમાં લખનૌ, ચેન્નાઈ અને ગુવાહાટી વિમાની મથક સામેલ છે. લખનૌમાં ૮૮૦૦૦ સ્કવેર મીટરમાં વધુ એક ટર્મિનલ બનાવવામાં આવશે. સ્થાનિક અને ઈન્ટરનેશનલ ટ્રાફિકને હેન્ડલ કરવામાં સરળતા રહેશે. ગુવાહાટી એરપોર્ટ ઉપર પણ નવા ટર્મિનલને મંજુરી આપવામાં આવી છે. મંત્રીમંડળે કૃષિ ક્ષેત્રમાં હરીત ક્રાંતિ યોજનાને જારી રાખવાની મંજુરી આપી છે.

## વિચાર વૈભવ...

### કેતકી

રવીન્દ્રનાથ ટાગોર.

વાંચન- મનન- લેખન એ એમની અગ્રતાક્રમની પ્રવૃત્તિ... તેમની મનગમતી પ્રક્રિયા.. એના સિવાય ચેન પણ પડે નહીં.

એક વખતની વાત છે. તેઓ પોતાના અધ્યયનકક્ષમાં બેસીને કંઈક લખી રહ્યા હતા. પુસ્તકોના ઢગલા વચ્ચે બેઠેલા તેઓ લખવામાં મસ્ત હતા.. તલ્લીન હતા.

તે વખતે એક માણસ તેમના અધ્યનકક્ષમાં ઘૂસી ગયો. તેઓ એટલા બધાં તન્મય હતા કે તેમને તેની કશી જાણ પણ નહીં.

અંદર ઘૂસી જનાર વ્યકિત ચોર હતી. તેનું ગણિત હતું કે દબાતા પગલે અંદર પ્રવેશવું અને લૂંટ કરવી અને તે વખતે કંઈ પણ હલચલ થાય કે શોરબકોર થવા જેવું લાગે તો આ માણસને ગોળીથી ઉડાડી દેવો. એ ગણતરી સાથે તે ચોર હાથમાં ભરી બંદૂકે પ્રવેશ્યો હતો.

પણ રવીન્દ્રનાથ તો પોતાના લેખન કાર્યમાં મશગૂલ હતા. તેમને તો સાહિત્યનો રસ હતો.

ચોરે કહ્યું: 'કલમ નીચે મૂક અને મને માલમત્તા બતાવ.'

ટાગોરે તો જાણે કંઈ જ બન્યું ના હોય તેમ લખવામાં એકાકાર રહ્યાં અને જવાબ આપ્યો 'હમણાં મારે લખવાનું ચાલે છે, તો તમે કાલે આવજો.'

ચોર આશ્ચર્ય પામી ગયો.

તેણે થોડા કરડાકી ભર્યા અવાજે કહ્યું: 'આમ જો... મારી સામું જો.. મારી વાત નહીં માને તો આ બંદૂક તારી સગી નહીં થાય.'

પણ રવીન્દ્રનાથ જેનું નામ... લેખનમાં મસ્ત રહેવાનું જેનું કામ.. લેખન કાર્યને જરાય અટકાવ્યા વગર એ જ સ્વસ્થતાથી તેમણે કહ્યું: 'કહ્યું ને એકવાર... કાલે આવજો.. આજે હું આ લખવામાં ખૂબ જ વ્યસ્ત છું. મને મારૂં કામ કરવા દે.'

ચોર તો એકદમ સ્તબ્ધ થઈ ગયો. થોડીકવાર સુધી તો એમને એમ ઊભો રહ્યો.

એની હિંસકવૃત્તિ પણ તે સમયે ગાયબ થઈ ગઈ.

આત્મભાવનામાં આવી જઈ તે રવીન્દ્રનાથના ચરણોમાં નમી પડ્યો.

-પં.રાજહંસવિજયજી ગણિ

## હિંમતનગર - વિજાપુર રોડ પર કારમાં આગ લાગતાં ફાઈનાન્સર જીવતો ભડથું




ભભૂકી ઉઠતાં ગાડીમાં બેઠેલ પરેશભાઈ જીવણભાઈ દેસાઈ કરુણ મોત નીપજ્યું હતું તેમજ આ બનાવ ને પગલે જાહેર રસ્તા પર સળગતી ગાડી

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગર ના મહાવીર નગર વિસ્તારમાં પેલેસ રોડ પર આવેલ સોનલ પાર્ક ખાતે રહેતા અને દુર્ગા બજાર હિંમતનગર ખાતે મંગલમુર્તિ ફાઈનાન્સ ધરાવતા ફાઇનાન્સર પરેશભાઈ જીવણભાઈ દેસાઈ આજ રોજ વહેલી સવારે પોતાના ઘરે થી નિકળે હિંમતનગર - વિજાપુર રોડ પર આવેલા મહાકાળી માતાજી ના મંદિરે દર્શન કરવા માટે ગયેલ હતાં જેથી મહાકાળી મંદિરે દર્શન કરી હિંમતનગર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે હિંમતનગર - વિજાપુર રોડ પર દેરોલ નજીક વેગન આર ગાડી નંબર G.J.9.A.G.8388 માં ચાલુ ગાડીએ અચાનક એકાએક કોઈ અગમ્ય કારણોસર આગ

અનુસંધાન પાના નં.૬

## ધાનેરાના શિયા ગામના ગરીબ ખેતમજુર પરીવારની દર્દનાક દાસ્તાન...

# ધાનેરાના તબીબે બાકી બીલની વસુલાત માટે ૧૪ દિવસના બાળદર્દીને ગોંધી રાખ્યું હોવાનો આક્ષેપ

ડીસા

ધાનેરા તાલુકાના શિયા ગામનો એક શ્રમિક પરિવાર પોતાના સંતાનની સારવારનું હોસ્પિટલનું બિલ ભરપાઈ કરી શકતો ના હોઈ આ પરિવારની એક મહિલા ૧૪ દિવસના બાળકની ચાતક નજરે રાહ જોઈ રહી છે.ધાનેરાની એક ખાનગી હોસ્પિટલના તબીબે ૭૦ હજારનું બિલ પકડાવી દીધા બાદ આ લાચાર દંપતીએ પોતાની તમામ પૂંજી ખર્ચી નાખી હોવા છતાં હજુ બીલના પુરા પૈસા ભરપાઈ થઈ શક્યા નથી.ધાનેરા તાલુકાના શિયા ગામે ખેતમજૂરી કરતા આ



શ્રમિક પરિવારના ઘરે આજથી ૧૪ દિવસ પહેલા દીકરાનો જન્મ થયો હતો. આ પરિવારની કાચી ઝૂંપડીમાં પણ નવા મહેમાનના આગમનથી ખુશીનો માહોલ સર્જાયો હતો. ધાનેરાની ખાનગી હોસ્પિટલ માં નીલાભાઈ ઠાકોરની પત્નિ ગીતાબેને દીકરાને જન્મ આપ્યો હતો.જોકે દીકરાની હાલત નાજુક હોવાથી તબીબે આ નવજાત શિશુને ધાનેરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે મોકલાવ્યો હતો જ્યાં ૬ દિવસ સુધી આ બાળકને પેટીમાં રાખવાનું જણાવી સારવાર શરૂ કરાઈ હતી અને સારવાર દરમિયાન રોજેરોજનુ બિલ તબીબ દવારા અપાતું હતું. છેલ્લે આ બિલની રકમનો આંકડો ૭૦ હજારની પાર પહોંચી જતાં આ પરિવારની હાલત કફોડી થઈ ગઈ છે. હોસ્પિટલનું બિલ ચૂકવવા માટે આ પરિવારે પોતાની પાસે ઉપલબ્ધ તમામ રકમ

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ડમ્પીંગ સાઈટનો કચરો સળગાવાતાં રહિશો પરેશાન

### રામપુરા ચોકડી વિસ્તારમાં આવેલી પંદર સોસાયટીઓમાં રાત્રે પણ શ્વાસ લઈ શકાતો નથી

પાલનપુર

પાલનપુર માલણ દરવાજા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા ડમ્પીંગ સાઈટ બનાવવામાં આવી છે. જ્યાં એકત્ર કરાયેલો કચરો રાત્રિ દરમિયાન સળગાવવામાં આવતો હોવાથી તેના ધૂમાડાથી આજુબાજુની સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ધૂમાડો એટલો બધો પ્રસરે છે કે, રાત્રિ દરમિયાન શ્વાસ લેવામાં પણ મુશકેલી પડી રહી છે.

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરભરનો કચરો એકત્ર કરી માલણ દરવાજા રહેણાંક સોસાયટીઓના વિસ્તારમાં એકત્ર કરવામાં આવી રહ્યો છે. વર્ષો જુની આ ડમ્પીંગ સાઈટ વર્તમાન સમયે નાના પહાડ જેવી બની જવા પામી છે. જ્યાં માંસ વેચતા વેપારીઓ મરેલા પશુઓના અવશેષો પણ નાંખતા હોવાથી ભારે બદબુ ફેલાતી હોય છે. દરમિયાન વર્તમાન સમયે રાત્રિ વખતે ડમ્પીંગ સાઈટ ઉપર કચરો સળગાવવામાં આવી રહ્યો છે. જેના કારણે ધુમાડાનું પ્રદુષણ ફેલાઈ રહ્યું છે. ધુમાડો એટલો બધો પ્રસરી જાય છે કે, રહીશોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. વૃધ્ધજનો ગુંગળામણ અનુભવતા હોવાથી જીવનું જોખમ ઉભુ થવા પામ્યું છે. ત્યારે નગરપાલિકાના સત્તાધીશો દ્વારા કચરો સળગાવતા તત્વો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# પાલનપુરમાં ગઠિયાએ રૂમાલ સુંઘાડતાં મહિલાએ સોનાના દાગીના આપી દીધા

### ભાગળ (પીં) ગામની મહિલાને છેતરી ગઠીયો ફરાર

પાલનપુર

પાલનપુરના સિમલાગેટ વિસ્તાર માં ગત બપોરે કોઈ ગઠીયાએ મહિલાને રૂમાલ સુંઘાડતા તેણી સુધબુધ ગુમાવી દીધી હતી. અને પોતાની જાતે જ સોનાના દાગીના કાઢી ગઠિયાને આપી દીધા હતા. ભાનમાં આવેલી મહિલાએ બુમાબુમ કરી હતી. જોકે, ત્યાં સુધીમાં ગઠિયો છુમંતર થઈ ગયો હતો. પાલનપુરમાં અજાણ્યા શખ્સો દ્વારા છેતરપીંડીના કિસ્સા બની રહ્યા છે. જ્યાં બુધવારે ધોળા દિવસે એક મહિલા પાસેથી ગઠિયો સોનાના દાગીના લઈ નાસી ગયો હતો. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર તાલુકાના ભાગળ (પીં) ગામના એક બહેન ખરીદી કરવા માટે પાલનપુર આવ્યા હતા. જેઓ સિમલાગેટથી દિલ્હીગેટ માર્ગ ઉપર પસાર થઈ રહ્યા હતા. ત્યારે રસ્તા વચ્ચે કોઈ ગઠીયાએ મહિલાને રૂમાલ સુંઘાડતા તેણી સુધબુધ ગુમાવી દીધી હતી. અને પોતાની જાતે જ સોનાના દાગીના કાઢી ગઠિયાને આપી દીધા હતા. ભાનમાં આવેલી મહિલાએ બુમાબુમ કરી હતી. જોકે, ત્યાં સુધીમાં ગઠિયો છુમંતર થઈ ગયો હતો. આ અંગે મહિલાએ પરિવારજનોને વાત કરતાં પરિવારજનોએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# વાવના સણવાલના પૂર્વ સરપંચના હત્યા કેસમાં ૫ ને આજીવન : ૩ ને ૪ વર્ષની કેદ



### ૬ નો નિર્દોષ છુટકારો : દિયોદર એડીશ્નલ સેસન્સ જજનો ચૂકાદો

તા.પ્રતિ. દિયોદર,વાવ

દિયોદરના નામદાર એડીશનલ સેસન્સ જજે બે વર્ષ અગાઉ વાવ, તાલુકાના સણવાલ ગામના સરપંચની ઘાતકી હત્યા કેસમાં ૫ આરોપીને આજીવન કેદ અને ૩ ને ૪ વર્ષની કેદની સજા ફરમાવી ૬ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા.

બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના ચકચારી બનાવની મળતી ટૂંકી વિગતો મુજબ વાવ તાલુકામાં દાનવીરની છાપ ધરાવતા પૂર્વ સરપંચ વર્ધાજી લાધાજી બારોટ ગત તા.૮/૭/૨૦૧૬ના રોજ તેમના ભત્રીજા દિનેશભાઈ રાયમલભાઈ બારોટ સાથે સણવાલ ગામે ચેનાભાઈ હેમાભાઈ પટેલના દિકરાના આણાના પ્રસંગે ગયા હતા. જે પ્રસંગ પતાવી તેઓ જતા હતા ત્યારે ત્રિકમા જીવભાઈ પટેલ સહિત ૧૪ લોકોએ લોખંડની કોસો અને પાઈપો વડે હુમલો કરી તેમને ટીંગાટોળી કરી ઉઠાવી જઈ જીવલેણ માર માર્યો હતો. જેમને લોહી લુહાણ હાલતમાં દિનેશભાઈ બારોટ, ડ્રાયવર, બબાભાઈ ગંગારામ ભાઈ નાઈ અને ગોવાભાઈ રબારી થરાદની સરકારી હોસ્પિટલે લઈ ગયા હતા. પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. જે બાબતે ગામના ૧૪ વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ થયો હતો. સદરહું કેસ ગઈકાલે દિયોદરના એડીશ્નલ સેસન્સ જજ પી.ટી. પટેલની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ, ડી.વી. ઠાકોરની દલીલો અને બનાવના સ્થળે હાજર મૃતકના ભત્રીજા અને ડ્રાયવર તથા બબાભાઈ ગંગારામભાઈ નાઈની 'આઈવિટનેશ' જુબાની અને લોહીવાળા હથિયારોના પુરાવાને ધ્યાને લઈ ૫ આરોપીને આજીવન અને ૩ આરોપીને ૪ વર્ષની કેદની સજા ફટકારી હતી. જ્યારે ૬ આરોપીને નિર્દોષ છોડી મુક્યા હતા. કોર્ટ ચુકાદાના પગલે સમગ્ર પંથકમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

### કોને કેટલી સજા?

હરચંદ જીવાભાઈ પટેલ, ત્રિકમાભાઈ જીવાભાઈ પટેલ, મફાભાઈ લુંભાભાઈ પટેલ, ગણપત હરચંદભાઈ પટેલ અને જીવાભાઈ પટેલને ઈ.પી.કો. ક. ૩૦૨ ના ગુનામાં આજીવન કેદનાગજી જીવાભાઈ પટેલ, જોગા જીવાભાઈ પટેલ અને રમેશ જીવાભાઈ પટેલને ઈ.પી.કો. ક. ૩૬૫, ૧૨૦ (બી) ના ગુનામાં ૪ વર્ષની કેદ

### નિર્દોષ જાહેર

જીવાભાઈ વીહાભાઈ પટેલ, ભેરા જીવાભાઈ પટેલ, ભરત ગોવાભાઈ પટેલ, નાગજીજી જીવાભાઈ પટેલ, માંજીબેન પટેલ, ગણીબેન પટેલ

## સાર સમાચાર...

### ફેસબુક ટૂંકમાં જ ડેટિંગ સર્વિસ લોંચ કરશે

નવીદિલ્હી

ફેસબુક ટૂંક સમયમાં જ ડેટિંગ સર્વિસ લાવવાની યોજના ધરાવે છે. સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ પર ડેટિંગનો અનુભવ મળી શકશે. ફેસબુકના ચીફ એક્ઝિક્યુટીવ માર્ક જકરબર્ગે જાહેરાત કરી છે કે, દુનિયાની સૌથી મોટી સોશિયલ મિડિયા દિગ્ગજ લોકોને રોમેટિંક રિલેશન શીપમાં લાવવાના પ્રયાસ કરી રહી છે. જકરબર્ગે ફેસબુકની વાર્ષિક એફ-૮ કોન્ફરન્સમાં સોફટવેર ડેવલપર્સને આ અંગેની માહિતી આપતા કહ્યું હતું કે આ ડેટિંગ સર્વિસ મારફતે લોકોને ઓનલાઈન પારસ્પરિક રીતે જોડવામાં આવશે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## બેસણું



સ્વ.મોડાભાઈ દેવજીભાઈ પટેલ
સ્વ.તા.૧/૫/૨૦૧૮ (મંગળવાર)

અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ.મોડાભાઈ દેવજીભાઈ પટેલ તા.૧/૫/૨૦૧૮ ના વૈશાખ વદ એકમને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. ભગવાનને ગમ્યું તે ખરૂં, સદ્ગતનું બેસણું (ઘડા) તા.૭/૫/૨૦૧૮ ના સોમવારે અમારા ફાર્મ હાઉસ ખાતે સમાજના રીતરિવાજ મુજબ રાખેલ છે.

સ્થળ : ભગવાનભાઈ મોડાભાઈ પટેલ - મો.૯૮૯૮૭૦૬૯૫૦
ફાર્મ હાઉસ, ગગાણા રોડ, જાંણદી, તા.થરાદ, જિ.બ.કાં.

લિ.

પટેલ ભગવાનભાઈ મોડાભાઈ (સરપંચ) પુત્ર
પટેલ શીવરામભાઈ મોડાભાઈ - પુત્ર
પટેલ વનાભાઈ મોડાભાઈ - પુત્ર
પટેલ જેતસીભાઈ લગધીરભાઈ - ભત્રીજ
પટેલ નરબતભાઈ લગધીરભાઈ - ભત્રીજ
પટેલ શીવરામભાઈ લગધીરભાઈ - ભત્રીજ
પટેલ મુકેશભાઈ ભગવાનભાઈ - પૌત્ર
પટેલ અરવિંદભાઈ ભગવાનભાઈ - પૌત્ર
પટેલ હસમુખભાઈ શીવરામભાઈ - પૌત્ર
પટેલ મહેશભાઈ વનાભાઈ - પૌત્ર

**સૂર્યોદય - ૬.૦૬ સૂર્યાસ્ત - ૭.૦૬**

## તિથિદર્શન

વૈશાખ વદ-૩ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ :ત્રીજ ગુરૂવાર વિંછુડો ઉતરે રાત્રે ૭.૫૨ નક્ષત્ર: જયેષ્ઠા રાત્રે ૭.૫૨ પછી મુળ યોગ :પરીઘ કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) રાત્રે ૭.૫૨ પછી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ઉપચાર: કર્તવ્યો યાવદનુત્પન્નસૌહ્યદા: પુરૂષા: ઉત્પન્નસૌહ્યદાના મુપચાર: કૈતવં ભવતિ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો શ્લોક ઉપરછલ્લી ઔપચારિકતા અને હૃદયનો પ્રેમ - નિખાલસતાની વાત કરે છે:- 'માણસોમાં જયાં સુધી પરસ્પર સુહદભાવ પરસ્પર નિખાલસ મૈત્રી ઉત્પન્ન ન થઈ હોય ત્યાં સુધી બાહ્ય સભ્યના ઔપચારિકતા, શિષ્ટ હાવ- ભાવ સાથે માત્ર દાંભિક પ્રેમ દર્શાવવામાં આવે છે પરંતુ જયારે નિખાલસ- વિશુદ્ધ પ્રેમની ખાતરી થઈ જાય ત્યાર પછી ઔપચારિકતા શિષ્ટતા એ કેવળ કૃત્રિમતા, દંભ અથવા શઠતારૂપ જ બની રહે છે.' લગ્ન- સગપણ માટે યુવાન- યુવતી જયારે એકમેકને જોવા- પસંદ કરવા, ઘર જોવાની વિધિ થાય (પહેલાંના જમાનાની વાત છે.) આજે તો વડીલો પાસે માત્ર આખરી ઔપચારિકતા- એપ્રુવલ- સહી માટે જ દરખાસ્ત આવે છે.) પણ માતા- પિતાએ ગોઠવેલા સંબંધોની પ્રથમ મુલાકાતમાં એકમેકના પરિચયમાં દંભ- ખાલી મોટી ઔપચારિકતા હોય, ઉપરછલ્લું સ્મિત, નમ્ર બોલવું, ધીમી ચાલે ચાલવું વગેરે. પણ લગ્ન પછી જયારે એકમેકના હૃદય જિતાઈ જાય, વિશ્વાસ- દ્રઢ થઈ જાય, સંપૂર્ણ સ્વભાવ -ટેવોનો પરિચય થઈ જાય પછી દાંભિક ઔપચારિકતા રહેતી નથી, પછી સતત મર્યાદા પાળતો સમાજમાં પણ પત્ની એકાંતમાં તું- તાં પણ કરી 'ટપલું' પણ મારી લે છે. જયારે સુહૃદયા- મૈત્રી મક્કમ થઈ જાય પછી વિધિવિધાન- ઔપચારિકતાનો અંત આવી જાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ભાગીદાર વર્ગ સાથે ઘર્ષણ થવાની સંભાવના છે. મનનું ધાર્યુ થાય નહીં.**
**વૃષભ : (બ.વ.ઉ.) માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.**
**મિથુન : (ક.છ.ઘ.) ગૃહવિવાદ થવાના યોગ છે. આર્થિક સમસ્યા હળવી બને..**
**કર્ક : (ડ.હ.) લાભની તક સાંપડે. નોકરી- ધંધાને લગતા કાર્યો સફળ બને.**
**સિંહ : (મ.ટ.) વિઘ્નમાંથી માર્ગ મળે. કાર્ય સફળ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક તનાવ અનુભવાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**
**તુલા : (ર.ત.) વ્યવસાયિક કાર્યોમાં રૂકાવટ આવે. ધીરજની કસોટી થાય.**
**વૃશ્ચિક : (ન.ય.) લાભની તક સાંપડે. માનસિક આનંદમાં દિવસ વ્યતિત થાય.**
**ધન : (ભ.ફ.ધ.) અંગત મુંઝવણ સતાવે. પડવા-વાગવાથી સંભાળવું.**
**મકર : (ખ.જ.)ચંચળતાસભર દિવસ વિતે. આર્થિક લાભની તક સાંપડે.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથી સાથે ઘર્ષણ થાય. આવકમાં વધારો થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ઈઝરાયેલનાં વડાપ્રધાન સુપ્રસિદ્ધ મહિલા રાજનીતિજ્ઞ અને જાણીતાં મજુર સંગઠન નેતા શ્રીમતી ગોલ્ડામેરની જન્મજયંતિ છે. એમનો જન્મ તા.૩-૫-૧૮૯૮ ના રોજ સોવિયેટ રશિયામાં થયો હતો. પેલેસ્ટાઈનના શ્રમજીવીઓના પક્ષના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવનાર ગોલ્ડમેરનો ઈઝરાયેલના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. તેઓ તા.૧૭-૩-૧૯૬૯ ના રોજ ઈઝરાયેલના વડાપ્રધાન બન્યાં. તેમણે રાષ્ટ્રીય એકતાના નિર્માણ માટે પ્રશંસનીય કાર્ય કર્યું.

આ મહાન રાષ્ટ્રીય નેતાનું તા.૮-૧૨-૧૯૭૮ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
।। રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ।।
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૦૩.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૨.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૪૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૧૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૭૧૭ પોઈન્ટ થી ૧૦૭૦૭ પોઈન્ટ, ૧૦૬૯૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૧૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૨.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૫૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૨૫૯૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૬૦૬ પોઈન્ટ થી ૨૫૫૪૭ પોઈન્ટ, ૨૫૫૧૫ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૯૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**HDFC લિમિટેડ (૧૯૧૫) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૯૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૩૩ થી રૂ.૧૯૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૪૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**કોટક બેન્ક (૧૨૬૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૪૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૩૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૭૪ થી રૂ.૧૨૮૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રેમન્ડ લિમિટેડ (૧૧૨૦) :- રૂ.૧૧૦૩ નો પ્રથમ તેમજ રૂ.૧૦૯૩ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઇલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૩૩ થી રૂ.૧૧૪૨ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ગેઇલ ઈન્ડિયા (૩૨૫) :- એનર્જી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૩૩૩ થી રૂ.૩૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**અંબુજા સિમેન્ટ (૨૪૭) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૩૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સિમેન્ટ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૫૫ થી રૂ.૨૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**મ્ઈસ્ન લિમિટેડ (૧૦૪૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૦૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૦૩૦ થી રૂ.૧૦૧૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૦૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રામકો સિમેન્ટ (૮૨૫) :- રૂ.૮૪૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૫૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૮૦૯ થી રૂ.૭૯૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ (૬૧૬) :- કેમિકલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૪૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૦૩ થી રૂ.૫૯૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**જેટ એરવેઝ (૫૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એરલાઇન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૦૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૮૦ થી રૂ.૫૬૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા સ્ટીલ (૫૭૮) :- રૂ.૫૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૬૭ થી રૂ.૫૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૦૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# કિસાન કલ્યાણ કાર્યશાળાના નામે કૃષિ મહોત્સવ યોજાયો


(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા તાલુકાનો કૃષિ મહોત્સવ ધાનેરા માર્કેટયાર્ડ ના સહયોગ થી યોજવામાં આવ્યો હતો. જેમાં ખેડુતો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ આધુનિક ખેતી બાબતે પણ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવતા કૃષિ મહોત્સવ ને કિસાન કલ્યાણ કાર્યશાળા નામ આપવમાં આવ્યુ છે અને બુધવારે ધાનેરા માર્કેટયાર્ડ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ વિભાગો ના સ્ટોલ પણ મુકવામાં આવ્યા હતા. જેમાં ખેડુતોને વિવિધ યોજનાઓ વિષે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ. જ્યારે વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતોને આધુનિક ખેતી વિષે ખાસ માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ બનાસબેંકના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા પણ ખેડુતોને પસુપાલન વિષે તેમજ દુધ બાબતે માહીતીગાર કરવામાં આવ્યા હતા તેમજ ખેતીમાં સંપૂર્ણ ઈરીગેશન પધ્ધતિ અપનાવવા માટે જણાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને માવજીભાઈ દેસાઈ, મુખ્ય અતિથી બી.એમ. પટેલ (પ્રાંત અધિકારી), કાર્યક્રમના મુખ્ય દાતા એવા એ.પી.એમ.સી ના ચેરમેન ભુરાભાઈ પટેલ, વસંતભાઈ પુરોહીત, જગદિશભાઈ પટેલ, ડૉ. દજાભાઈ પટેલ, પહાડસિહ સોલંકી, તેમજ નામી અનામી આગેવાનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અને તેમની હાજરીમાં ધાનેરા તાલુકામાં પ્રગતિસિલ ખેડુતોનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. (૧) બાગાયતમાં ટામેટાની આધુનિક ખેતીમાં માંડલ ગામના રબારી ખેંગારભાઈ ભાવાભાઈ (૨) પશુપાલન આધુનિક પધ્ધતિમાં ચારડાના કાનુબેન રાવતાભાઈ ચૌધરી તેમજ શેરગઢ ગામના ભુરીબેન માસુંગભાઈ ચૌધરી (૩) બાગાયતમાં તડબુચની આધુનિક ખેતી માં થાવર ગામના ચૌધરી હમીરાભાઈ ગોકળાભાઈ તથા તેલીબીયા પાકોની ખેતીમાં હડતા ગામના પટેલ સુજાભાઈ જીવાભાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# થરાદ ચાર રસ્તા ઉપર ટ્રાફીક નિવારવા સર્કલ બનાવવા રજુઆત

પ્રતિનિધિ થરાદ

થરાદના ધારાસભ્ય અને રાજયમંત્રી પરબતભાઈ પટેલે સોમવારે થરાદ મુકામે આવેલા ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી મનસુખભાઈ માંડવીયા તથા કોલસો અને ખાણ વિભાગના રાજયમંત્રી હરિભાઈ ચૌધરી તેમજ રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલને લેખિતમાં રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું હતું કે પોતાના મતવિસ્તાર થરાદ ખાતે ડીસા નૅશનલ હાઈવે ૫૪ અને થરાદથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૬૮ જે સુઈગામને જોડેછે.આ બંને રોડ થરાદ ચાર રસ્તાથી ડીસા, સુઈગામ મીઠા અને સાંચોર ચાર રસ્તા પડતા હોઈ હાલની સ્થિતિએ ખૂબ જ ભારે ટ્રાફિક રહે છે. જેના કારણે રસ્તાઓ વારંવાર બ્લોક થઈ જાય છે અને અકસ્માતો થતા રહે છે.આથી પ્રજાજનોને પારાવાર મુશ્કેલી ઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સંજોગોમાં થરાદ ખાતેના ચાર રસ્તા એ સત્વરે મોટા વ્યાસનું સર્કલ બનાવવું આવશ્યક હોઈ તાત્કાલીક સર્વે કરાવી સર્કલ બનાવવાની કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી સાથે ભલામણ કરી હતી.

સાથે-સાથે નેશનલ હાઈવે નંબર ૬૮ થરાદથી સુઇગામ જતા ધોરીમાર્ગના બંને બાજુની બજારનો વિકાસ ખૂબ જ ઝડપથી થઇ રહ્યો હોવાના કારણે બનાસ ડેરીના ચિલિંગ સેન્ટર સુધીનાં દોઢ કિલોમીટરના રસ્તા અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ગુજરાત રાજય સ્થાપના દિનની ઉજવણી

ડીસા

ગત તા. ૧/૫/૨૦૧૮ ના રોજ ડીસા ખાતે ચાલતી સેવાભાવી સંસ્થા શ્રી આઝાદ સેવા સમિતિ દ્વારા ૧ લી મે એ ગુજરાત રાજય સ્થાપના દિનની ખુબ જ હર્ષોલ્લાસ સાથે ગુજરાતી સંગીતની રમઝટ સાથે સંગીતની રમજટ સાથે સંગીત સંધ્યા દ્વારા ઉજવવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં આવેલ મહેમાનોના હસ્તે દિપ પ્રાગટ્ય કરાવી કાર્યક્રમને ખુલ્લો મુકેલ તેમાં સદીના મહાન ગાયક કિશોર કુમારના ગીતો, ગજલો તેમજ અન્ય પ્રાચીન ગુજરાતી ફિલ્મી ગીતની રમઝટની રસથાળ શ્રોતાઓમાં ડીસા સંગીતકાર આસુતોષભાઈ દવે અને વિસાભાઈ દેસાઈના ગૃપે પીરસેલ. આ કાર્યક્રમમાં ડીસાના સિંગર કલાકારો જેમાં વોઈસ ઓફ ડીસા શશીકાંતભાઈ જોષી, વોઈસ ઓફ પાલનપુર મંગલ રાણા, વોઈસ ઓફ અમદાવાદ સતીષભાઈ બારોટ તેમજ અન્ય કલાકારોનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી. તેમનું સન્માન આવેલ નગરના આગેવાનોના હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિતીમાં વેલફેર બોર્ડના ચેરમેન મગનલાલ માળી, ડીસા શાહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, બ.કાં. જિ.ભાજપ બક્ષી મોરચા પ્રમુખ રમેશભાઈ દેલવાડીયા, ન.પા. ભાજપ પક્ષના નેતા નિલેષભાઈ ઠક્કર, શિવસેના જોન પ્રમુખ કમલેષભાઈ ઠક્કર, ડીસા સંગીત કલાકાર ફાઉન્ડેશન પ્રમુખ દિપકભાઈ પઢિયાર, અતુલભાઈ ઠક્કર, રજનીભાઈ ઠક્કર, મહેશભાઈ કક્કડ ખાસ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના મહામંત્રી દશરથભાઈ રાજગોર અને છેલ્લે આભારવીધિ સંસ્થાના પ્રમુખ દિપકભાઈ ભીમાણીએ કરેલ.

# વાવના રાછેણા ગામે વીજ ફોલ્ટ થતાં ભારે નુકશાન


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલા રાછેણા ગામે છેલ્લા કેટલાક સમયથી પાણી અને વીજળીની સમસ્યા ઘેરી બની છે. એક તરફ લગ્નની સિઝન ચાલી રહી છે. તો બીજી તરફ લગ્નની સિઝનમાં પાણીની અછત વર્તાઈ રહી છે અને વીજળી ચાલુ બંધ થઈ રહી છે. ગતરોજ વીજળીનો પુરવઠો ચાલુ બંધ થતાં રાછેણા ગ્રામજનોને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો. રાછેણા ગામના યુવા અગ્રણી રમેશભાઈ કે.પરમારે મીડીયા સમક્ષ જણાવ્યું હતુ કે લગ્નની સિઝનમાં તા. ૩૦/૪/૧૮ ના રોજ વીજળી ચાલુ બંધ થતાં વીજ ફોલ્ટના લીધે ગામના ટી.વી., ફ્રીઝ, પંખા, મોટર, એલ.ઈ.ડી. જેવા ઈલેક્ટ્રીક વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી. આમ છાશવારે થતાં વીજફોલ્ટો અને પાણીની પરેશાનીમાંથી ગામને સુલભતા મળે તેવી સમગ્ર રાછેણા ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના તાલિમાર્થીઓને વિદાયમાન


ઈશ્વર રબારી

(પ્રતિ.) દાંતીવાડા

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની વેટરનરી કોલેજના ગાયનેકોલોજી વિભાગ દ્વારા ચાલતા ટુંકા ગાળાના દશ અઠવાડીયાના ગુજરાતી કૃત્રિમ બીજ દાન તાલીમ અભ્યાસક્રમની ૧૪ મી બેંચનો તા.૨૭/૦૪/૧૮ ના રોજ પ્રમાણપત્ર એનાયત અને વિદાય સમારંભ યોજાયો. આ પ્રસંગમાં પ્રો.(ડૉ.) અશોક ભાઈ એ.પટેલ, કુલપતિ, ડૉ. એમ.પી. પટેલ, નિયામક માનવ સંશોધન વિકાસ, ડૉ.ડી.વી. જોષી, ડીન અને આચાર્ય અને ડૉ.બી. એન.સુથાર પ્રાધ્યાપક અને વડા, ગાયનેકોલોજી વિભાગ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડીન અને આચાર્ય ડૉ. ડી.વી.જોષી દ્વારા સ્વાગત પ્રવચન અને ડૉ. બી.એન. સુથાર દ્વારા તાલીમની રૂપરેખા અપાઈ. અધ્યક્ષસ્થાનેથી પ્રો. (ડૉ.) અશોકભાઈ પટેલ, કુલપતિએ તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી માર્ગદર્શન તેમજ ઉત્સાહ પ્રેરક ઉધ્બોધન અને "કૃત્રિમ બીજદાન જ્ઞાન કોષ" પુસ્તિકા વિમોચન કરેલ. તાલીમાર્થી ઓએ આવી પ્રસિધ્ધ સંસ્થામાંથી સંતોષપૂર્વકની સફળ તાલીમ મેળવ્યાનો પ્રતિભાવ શબ્દોની લાગણી સાથે વ્યક્ત કર્યો. કાર્યક્રમના અંતે તાલીમ સંકલનકાર ડૉ.એચ.સી. નખાસી, પ્રાધ્યાપક, ગાયનેકોલોજી વિભાગ દ્વારા આભાર વિધિ હાથ ધરાઈ.

# કુદરતી તેજસ્વી અને મુલાયમ ત્વચા માટે વીટે નિખાર લોન્ચ કર્યું

### હળદર, કેસર જેવા કુદરતી ઘટકો અને ચંદનની સુગંધીથી સમૃદ્ધ

કેશ દૂર કરનારા ઉત્પાદનોની વિશ્વની અગ્રણી વીટ એ નવા પ્રકારની પ્રોડક્ટ વીટ નિહાર લોન્ચ કરી છે, જે આપની ત્વચાને કુદરતી સત્વો પ્રદાન કરવામાં મદદરૂપ થાય છે. આરબી એશિયા હેલ્થના ચીફ માર્કેટિંગ ઓફિસર પંકજ દુહાનની સાથે બોલીવુડની ખ્યાતનામ અભિનેત્રી અને બ્રાન્ડ એમ્બેસડર શ્રદ્ધા કપૂરે હળદર અને કેસરના કુદરતી ઘટકો તથા ચંદનની સુગંધ ધરાવતી આ નવી પ્રોડકટનું અનાવરણ કર્યું હતું. વીટ નિખાર ટૂંકા હઠીલા વાળને દૂર કરી સલૂન જેવી મૂલાયમ અને તેજસ્વી ત્વચા પ્રદાન કરે છે.

હળદર, કેસર વિટામિનોથી ભરપૂર હોય છે અને સૌદર્ય તથા ત્વચાની કાળજી લેવા સદીઓથી આ અગત્યના ઘટકોનો ઉપયોગ થતો આવ્યો છે, હળદર અને કેસર એન્ટિ-ઈનફલેમેટરી અને એન્ટિ-ફંગલ ગુણો ધરાવવાની સાથે વિટામિન અને એન્ટિ-એફિસિડેન્ટ્સ ધરાવે છે. વીટ નિખારનો ઉપયોગ કરવાથી વાળ દૂર કરવાની પ્રત્યેક પ્રક્રિયા બાદ ગ્રાહકોની ત્વચા તેજસ્વી જણાય છે અને મુલાયમ બની જાય છે.

વીટની બ્રાન્ડ એમ્બેસેડર અને બોલિવુડની ખ્યાતનામ અભિનેત્રી શ્રદ્ધા કપૂરે આ લોન્ચ અંગે જણાવ્યું હતું કે, 'વીટ નિખાર એ વાળ દૂર કરવાના અનુકૂળ વિકલ્પ શોધી રહેલ મહિલાઓ માટે એક અદભૂત ઉપાય છે, ટૂંકા વાળ દૂર કરવાની ત્વચાને મુલાયમ પણ બનાવે છે. છોકરીઓ ઘણાં લાંબા સમયથી વાળ દૂર કરવાના ક્રીમના સૌથી અનુકુળ વિકલ્પ અજમાવવામાં સંકોચ અનુભવતી હતી. આવા સમયે આ નવી પ્રોડક્ટ વીટ નિખાર એક ચડિયાતો ઉપાય સાબિત થયો છે.

# થરાની ઓગડ વિદ્યામંદિર ખાતે રંગારંગ વાર્ષિકોત્સવ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

### વતનપ્રેમી દાનવીર દાતાઓની શિક્ષણ પ્રત્યેની ભાવનાને બિરદાવી

તાલુકા પ્રતિ. થરા

શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત ઓગડ વિદ્યામંદિર- થરા ૧૯૫૬ થી કાંકરેજ તાલુકામાં શિક્ષણની જ્યોત જલાવવામાં સક્રિય યોગદાન આપી રહેલ છે. મંડળ આ વિસ્તારના બાળકોને મફતમાં શિક્ષણ મળી રહે તેવા સતત પ્રયત્નો કરે છે ને ધો-૧ થી આર્ટસ- કોમર્સ અનુસ્તક કક્ષા સુધીનું શિક્ષણ ઘર આંગણે બહુ સારી સુવિધા સાથે મળે તે રીતે ઉમદા પ્રયાસ કરે છે. આ મંડળના પ્રમુખ પદે ઉત્સાહી- નવયુવાન બહોળું વેપારી જુથ ધરાવતા ધીરજકુમાર કિર્તિલાલ શાહે પદભાર સંભાળ્યો ત્યારથી જુના મકાનોનું રિનોવેશન તથા નવ મકાનો બનાવી વિદ્યાર્થીઓને સારી સુવિધા આપી રહ્યા છે. જેમાં વતનપ્રેમી દાનવીર દાતાઓની શિક્ષણ પ્રત્યેની ઉમદા ભાવના જોવા મળે છે. એવી શ્રી ઓગડ વિદ્યામંદિરમાં વાર્ષિકોત્સવ-૨૦૧૮ પૂર્વ સાંસદ- પાટણ જગદીશભાઈ ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં જગદીશભાઈએ જણાવ્યું હતું કે, વતનપ્રેમી દાનવીર દાતાઓની શિક્ષણ પ્રત્યેની ઉમદા ભાવનાને બિરદાવું છું. દાનવીર કર્ણનું દ્રષ્ટાંત આપી પોતાનું વકત્વ્ય પૂર્ણ કરતાં જ શાળાના વિદ્યાર્થી ભાઈ- બહેનોએ પોતાની કલાના કામણના અદભુત દર્શન કરાવ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# ડીસા તાલુકાના રતનપુર ગામનું બસ સ્ટેશન ગંદકીમાં ગરકાવ


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના રતનપુર ગામે આવેલ એસટી બસ સ્ટેશન છેલ્લા ઘણા દિવસોથી ગંદકીમાં ગરકાવ થયેલુ છે. જેના કારણે મુસાફરો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ડીસા તાલુકાના ભીલડી નજીકના રતનપુર ગામે આરોગ્ય દવાખાનાની સામે તળાવ ઉભરાતા ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. જેમાં એસટી બસ સ્ટેન્ડ પણ ગંદકીમાં સપડાયું છે. જેના કારણે ત્યાં અવરજવર કરતા મુસાફરો ત્રસ્ત થઈ ઊઠ્યા છે.

બસસ્ટેન્ડમાં ગંદકી ના કારણે મુસાફરોને અત્યારની કાળઝાળ ગરમીમાં બહાર રોડ સાઈડે પથ્થર ઉપર બેસવું પડે છે. મુસાફરો અવર જવર કરતા હોય છે એક બાજુ ગરમી દિવસે દિવસૈ વધતી જાય બીજી બાજુ મુસાફરો ને રોડ ની સાઇડ મા આવેલ પથ્થર પર બેસવું પડે છે

આ ઉપરાંત બસસ્ટેન્ડમાં બાવળ અને કાંટા ઉગ્યા હોઈ ત્યાં બેસી શકાય તેમ નથી. આથી દવાખાનાની બાજુમાં નવું બસસ્ટેન્ડ બનાવવા મુસાફરો તથા ગ્રામજનોએ માંગ કરી છે.

## અવસાન નોંધ

સરસ્વતી તાલુકાના કોઈટા ગામના ઠક્કર ભગીરથભાઈ ધુડાજીનું તા. ૧/૫/૨૦૧૮ ના રોજ નિધન થતા શોકની લાગણી છવાઈ છે. સ્વ. અમારા કુચાવાડાના એજન્ટ ઠક્કર હરીલાલના મોટાભાઈ હતા. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે.

# બોડીગાર્ડમાં છાયા તરીકે મારો વોઈઝ આપ્યો હતો, કરિશ્મા કપૂર 'એન્ટરટેનમેન્ટ કી રાત @9' લિમિટેડ એડિશન પર છતું કરે છે




કલર્સના 'એન્ટરટેનમેન્ટ કી રાત જ૯' લિમિટેડ એડિશન પર બોલીવુડ બ્યૂટી કરિશ્મા કપૂર અને પ્રથમ ક્રમાંકના કોરિયોગ્રાફર, ગણેશ આચાર્ય પડદા બહાર તેઓ જે સરસ મિત્રતા ધરાવે છે તે પ્રદર્શિત કરવા સુસજજ થાય છે.શોના નિખાલસ વાણીત સ્વરૂપની હરોળમાં, કરિશ્મા છતું કરે છે કે, "મૂવી બોડીગાર્ડમાં હું છાયાનો અવાજ હતી. મૂવીમાં સલમાનના પાત્રને પજવનાર મારો અવાજ હતો."

તેણી એમ કહેતાં ઉમેરો કરે છે, "સલમાન કરીના કરતાં મારી વધુ નજીક છે, બહુ લાંબા સમયથી અમારા સબંધો છે. સલમાન માટે, કરીના નાની બહેન જેવી છે અને તે હજી પણ તેણીની બાળકી જ ગણે છે".

જયારે પૂછવામાં આવયું કયા પ્રકારની મૂવીઝ તેણી કરવાને પ્રાથમિકતા આપશે, તેએ કહ્યું, "તમામ નં.ક્ષ્ મૂવીઝમાં ચમકી લીધાં પછી, મને મમ્મી નં.ક્ષ્નો ભાગ બનવાનું ગમશે, જો કોઈક આ બનાવે તો. આ મૂવી દરેક માતાની ભૂમિકાનું વર્ણન કરે છે અને હું તેમાં ખુશીથી ભાગ ભજવીશ. હાલમાં તો, હું મારા દીકરા અને દીકરી સાથે સરસ જોડાણ ધરાવું છું, મારી દીકરી મારી ફેશન ક્રિટકને પણ બમણું બનાવે છે. હું દરેકજણને એ પણ કહેવા માંગું છું કે અમે હવે એકબીજાના કપડાં પણ પહેરી લઈએ છીએ."વધુ જાણવા માટે, દર શનિવાર અને રવિવારે 'એન્ટરટેનમેન્ટ કી રાત @9' લિમિટેડ એડિશન સાથે જોડાયેલા રહો ફક્ત કલર્સ પર.

# ડીસા ખાતે યોજાયેલ કૃષિ કલ્યાણ મહોત્સવને ખેડૂત આલમનો આવકાર

**ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા તેમજ ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ ખેડૂતોને આપ્યું ઉપયોગી માર્ગદર્શન**


ભરત સુંદેશા

ડીસા

ગુજરાત સરકાર દ્વારા ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત આજે કૃષિ કલ્યાણ મહોત્સવની રાજયવ્યાપી ઉજવણી કરાઈ હતી.ત્યારે આજે ડીસા ખાતે યોજાયેલા કિસાન કલ્યાણ મહોત્સવને પણ ભારે સફળતા સાંપડી હતી. ડીસા ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિના યજમાન પદે અને ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કૃષિ કલ્યાણ મહોત્સવમાં ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ભાજપ અગ્રણી મહેશભાઈ દવે, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજી ઠાકોર,ડીસા તાલુકા પંચાયતના પ્રમુખ ઉકાજી ઠાકોર, જિલ્લા પંચાયતના સદસ્યો,ડીસાના નાયબ કલેકટર પટેલ, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહી ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિ અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.ડીસા તાલુકાના ખેડૂતોએ પણ મોટી સંખ્યામાં આ કૃષિ કલ્યાણ મહોત્સવમાં ભાગ લઈ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ આધુનિક ખેતી પદ્ધતિ વીશે ઉપયોગી માહિતી મેળવી રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમની સરાહના કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# ડીસા તાલુકાના રામપુરા ગામે ઝાટકા મશીનનો કરંટ લાગતાં ગાયનું મોત



પ્રતિ ભીલડી

ડીસા પંથકના ગામોમાં નીલગાય તેમજ ભૂંડોના ત્રાસથી ખેડુતોએ પોતાના પાકને નુકશાન થતું અટકાવવા માટે ઝાટકા મશીનનો ઉપયોગ કરે છે. જેના લીધે વન્ય પ્રાણીઓને ઝાટકો લાગતા ખેતરમાં પ્રવેશ કરતા ડરે છે. અને પાકને નુકશાન કરતા નથી.

ડીસા તાલુકાના રામપુરા ગામે દિનેશજી પ્રતાપજી ઠાકોરની શંકરગાય રાત્રિના સમયે તેઓના ખેતરેથી છૂટી જતા તેઓના ખેતરથી થોડે દૂર લંબાજી માનસુંગજી ઠાકોરના ખેતરના શેઢા ઉપર જતા ઝાટકા મશીનના વાયરને અડકતા ગાયને કરંટ લાગતા ગાયનું મોત નિપજયું હતું. આ અંગે ગાયના માલિક દિનેશજી પ્રતાપજી ઠાકોર પોતાનો રૂપિયા ૨૫૦૦૦/- ની કિંમતની ગાયનું મોત થતાં ભીલડી પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ કરતાં ભીલડી પાલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# થરાદ તાલુકાના પૂરગ્રસ્ત ગામોનું પુનઃર્વસન કરવાની માગણી

**થરાદ તાલુકાના પૂર અસરગ્રસ્ત ગામોનું પુનઃર્વસન કરવાની માગણી**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના સરહદી થરાદ પંથકના વર્ષ ૨૦૧૫ના ઐતિહાસિક પૂરે પંથકને ઘમરોળતાં ભારે ખુવારી થવા પામી હતી.તેનું પુનરાવર્તન ૨૦૧૭માં પણ થવા પામ્યું હતું. જેના કારણે થરાદ તાલુકાના રેલનદીના પટવિસ્તારનાં સહિત થરાદ પાસેનાં ખાનપુર નાગલા અને ડોડગામ વધુ પ્રભાવિત થયાં હતા. રાજ્ય સરકારે આવા ગામમાં વારંવાર પાણી ભરાવાથી થતા નુકસાનને પગલે આ ગામો પુનઃવસન માટે જાહેર કર્યા હતા. આ મુદ્દે બુધવારે દલિત સંગઠન થરાદ એકમ દ્વારા થરાદના પ્રાંતને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં સરકાર દ્વારા જાહેરાત કરવા છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી તો તાત્કાલિક ધોરણે આગામી ચોમાસા પહેલા પુનર્વસનના મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવાની વિનંતી કરાઈ હતી. સાથે-સાથે આવા ગામોને

અનુસંધાન પાના નં.૬

**જમીન અને પ્લોટ વિહોણા પરિવારોને ફાળવવાની માંગ**

મંગળવારે રાજ્યની જમીનસુધારણા નિતી અને મહેસુલી કાયદાની અમલવારી યોગ્ય રીતે નહી થવાના કારણે અનેક દલિત અને આદિવાસી સમુદાય સહિતના કુંટુંબો જમીનો અને તેના કબજાથી વંચિત રહેલા છે.વળી અનેક ઘર વિહોણા અને પ્લોટ વગરના અનેક પછાત વર્ગના લોકોની માંગણી હોવા છતાં પણ તેમને તે મળતું નથી આથી સરકાર દ્વારા તેમની આ માંગણીને તાકીદે સંતોષવાની માંગણી કરી હતી.અન્યથા સરકારની નીતીઓ સામે જલદ આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# વૈજ્ઞાનિકો કરતાં પણ ખેડુતો સારૂ સંશોધન કરી શકે છે : કે.પી. ચૌધરી

**વડગામ માર્કેટયાર્ડ ખાતે કિસાન કલ્યાણ મહોત્સવમાં ધાન્ધારના ત્રણ કૃષિઓના ઋષિઓનું સન્માન**


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ માર્કેટયાર્ડ ખાતે ગઈકાલે ૨ જી મે ૨૦૧૮, બુધવારે ગ્રામ સ્વરાજ અભિયાન ૨૦૧૮ અંતર્ગત આયોજીત કિસાન કલ્યાણ- મહોત્સવમાં અધ્યક્ષ સ્થાનેથી એપીએમસી ચેરમેન કે.પી.ચૌધરીએ ખેડુતોને સંબોધતાં જણાવ્યું હતું કે ૨૦૦૫ થી ૨૦૧૮ દરમ્યાન રાજ્ય સરકારના કૃષિ મહોત્સવ દ્વારા ખેતપેદાશોમાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં કૃષિ ઉત્પાદનમાં ગુજરાતનો ગ્રોથ શ્રેષ્ઠ છે, ઓછા પાણી, ઓછા ખર્ચે આધુનિક પધ્ધતિ અપનાવવા તેઓએ અનુરોધ કર્યો હતો. વૈજ્ઞાનિકો કરતાં પણ આપણા ખેડુતો સારૂ સંશોધન કરી શકે છે, ખેતીમાં વધારાના ખર્ચ ઘટાડી બમણો નફો કમાવવા જણાવાયું તથા જિલ્લાના આદર્શ ખેડુતોની ખેતી પધ્ધતિમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# શિહોરી પાટણ રોડ પર મેલોસણ પાસે કારને અકસ્માત


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

આજે સવારે શિહોરી પાટણ રોડ પર મેલોસણ પાસે, ભાભર થી આવતી અને પાટણ જતી યૌન કાર હુંડાઈ કંપની ની પાટણ જઈ રહી હતી ત્યારે સામે ડંફર પુર ઝડપે આવીજતા કાર ચાલકે બચાવ માટે પોતાની કાર રોડની સાઈડ મા લેવા જતા કાર ચોકડી મા જઈ ખાબકી હતી અને કાર સાઈડ મા ખેતર મા જાઈ અટકી હતી સદનસીબે કાર મા પાંચ વ્યક્તિ ઓ હતા પણ કોઈ ને ઈજા થઈ નતી અને કાર ને મોટું નુકસાન થવા પામ્યું હતું , આ પાટણ થી કંબોઈ બનાસ નદી મા રેતી ભરવા માટે આવતા ડંફરો નો ભોગ ઈર્દોષ વ્યક્તિ ઓ થાય છે ડંફરો વધુ ફેરા મારવા અને વગર રોયલ્ટી પાસે દોડતા ડંફરો ના ડ્રાઈવરો ફૂલ સ્પીડે દોડાવી નિર્દોષો ને અકસ્માત નો ભોગ બનાવે છે.

# દહેજ ખાતે નવનિર્મીત પોલીસ મથકનું લોકાર્પણ કરતા મગનલાલ માળી

**બે આંગણવાડી કેન્દ્રો અને પેવર બ્લોકનું લોકાર્પણ તેમજ દહેજ - ભૂતનાથ ટેમ્પલ રોડનું પણ કરાયું ખાતર્મુહુત**



ડીસા

ગુજરાત સરકાર દ્વારા ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના દહેજ ખાતે ૬૪ લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલ દહેજ પોલીસ મથકની નવી સુવિધાસંપન્ન ઈમારતનું ગુજરાત વેરહાઉસીગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ વિધિવત રીતે ખુલ્લી મૂકી હતી.આ અવસરે મગનલાલ માળીએ રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમ તેમજ વિકાસના ફળ છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. ગુજરાત રાજ્યના સ્થાપના દિન 'ગુજરાત ગૌરવ દિન' ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં શ્રેણીબદ્ધ વિકાસકામોના લોકાર્પણ તેમજ શિલાન્યાસ કરાયા છે

અનુસંધાન પાના નં.૬

# થરાદના જમડા ગામની સીમમાંથી ૭૨૦ બોટલ દારૂ ભરેલી કાર ઝડપાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના પીઆઈ આર.આર સિંધાલ મંગળવારે થરાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ વખતે તેમને રાજસ્થાનથી વિદેશી દારુનો જથ્થો ભરીને એક ચોક્કસ નંબરની કાર થરાદના લોરવાડાના માર્ગે આવી રહી હોવાની ખાનગી બાતમી મળતાં તમેણે કર્મચારીઓ પ્રભુજી વસનાજી તથા રમેશભાઈ અચળાજી લોરવાડા ની સીમમાં વોચ ગોઠવી નાકાબંધી કરી હતી. દરમિયાન જીજે૧૮ હ્વએ ૨૧૨ નંબરની સ્વિફ્ટ કાર આવતાં તેના ચાલકને ઈશારો કરવા છતાં ઊભી રાખવાના બદલે જમડા ગામની સીમમાં ભગાડી દીધી હતી. આથી પોલીસે તેનો પીછો કરી પીછો કરતા ચાલક જમડા ગામના રોડ પર કાર મુકીને ભાગી છુટયો હતો.જોકે પોલીસથી બચવા બેફામ ભાગી રહેલા કારચાલકે જમડા ગામના દિશાસુચક બોર્ડને પણ ભોંયભેંગુ કરીને ભાગતાં ગામમાં પણ અફરાતફરી સાથે ઉત્તેજનાનો માહોલ ફેલાવા પામ્યો હતો.પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી રૂપીયા ૭૨ હજારની કિંમતનો ૭૨૦ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ત્રણ લાખની કાર સહિત મુદ્દામાલ કબજે લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગૌતમ બુધ્ધને પુષ્પાંજલિ



ડીસાના રાણપુર રોડ જલારામ મંદિર ચાર રસ્તા પુષ્પાંજલી હાઈટસ ખાતે બિરાજમાન ગૌતમ બુધ્ધની પ્રતિમાને ૨૫૬૨ મી જન્મજયંતિ નિમિત્તે ફુલહાર કરી પુષ્પાંજલી અર્પણ કરી તેમને વંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે પુષ્પાંજલી પરિસદના સર્વ સભ્યો તથા દર્શન ગૃપના લલિતભાઈ દોશી મનીષભાઈ વોરા, વિમલભાઈ જૈન વગેરે હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરેલ.

# ધાનેરાના થાવર ખાતે પશુ આરોગ્ય મેળો યોજાયો


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના થાવર ગામે વહીવટીતંત્ર દ્વારા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૦૦ પશુઓને સારવાર કૃષિનાશક દવાઓ વગેરે ડૉ.એન.જે. પટેલની ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી.

# ધાનેરા ખાતે કૃષિ કલ્યાણ દિવસ અને કૃષિ મહોત્સવ યોજાયો


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા માર્કેટયાર્ડમાં ગ્રામ સ્વરાજ અભિયાન ૨૦૧૮ અંતર્ગત ગતરોજ ડીસા માર્કેટયાર્ડ ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સાથે કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કૃષિ વૈજ્ઞાનિક પી.આર.પટેલ કૃષિ તજજ્ઞો સચીન ગામલે, ડૉ.કે.વી. કે. ડીસા વગેરે અધિકારીઓ તેમજ ધાનેરા તાલુકાના ખેતીવાડી ખાતાના અધિકારીઓ ધાનેરા માર્કેટયાર્ડના ચેરમેન ભુરાભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, વસંતભાઈ પુરોહિત, કાન્તિલાલ ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહી ખેડુતોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તાલુકાભરમાંથી ૫૫૦ ખેડુતો આવેલ તેમના માટે વિવિધ કૃષિલક્ષી ૨૦ સ્ટોલો ઉભા કરવામાં આવ્યા હતા. માવજીભાઈએ જણાવેલ કે બનાસકાંઠા જિલ્લાને મેડીકલ કોલેજ, તથા બાદરપુરા ખાતે મગફળી તથા રાઈડાની ઓઈલ મીલ ચાલુ કરવામાં આવતા તેનો સીધો લાભ ખેડુતોને થશે. જળસંચય યોજના અંતર્ગત ધાનેરા તાલુકાના ૨૧ ગામો આવરી લીધેલ છે. જે અંતર્ગત ખેત તલાવડી તેમજ ગ્રામ્ય તળાવના ઊંડા કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે. જે તળાવોમાંથી નીકળેલ ફળદ્રુપ માટી ખેડુતોને વિનામુલ્યે લઈ જવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જી.એન.એફ.સી. દ્વારા લીંમડાની લીંબોળી ખરીદવા માટે અભિયાન શરૂ કરવા આહવાન કરેલ.

# થરાદ નગરનાં પાંચ તળાવો ઉંડાં કરાશે


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૮ કાર્યક્રમ અંતર્ગત થરાદ શહેરમાં આવેલા પાંચ ગામતળાવો ઉંડા કરવામાં આવનારછે.જેમાં શહેરના પાલિકા વિસ્તારમાં આવતાં સેદલાઇ,ટાંડું,અમરાઇ અને કપુરી તથા શિવસાગર તળાવ ઉંડાં કરવામાં આવશે. મંગળવારે સેદલાઇ તળાવ ઉંડા કરવાની કામગીરીનું ખાતમુહુર્ત નગરપાલિકા પ્રમુખ લવજીભાઇ વાણીયા તેમજ ઉપપ્રમુખ ચોથાભાઇ રબારી એ કર્યુ હતું.જેમાં થરાદ શહેર ભાજપ પ્રમુખ વસંતભાઇ ત્રિવેદી,થરાદ શહેર ભાજપ મહામંત્રી જેહાભાઇ હડીયલ, ચીફઓફિસર મયુર જોષી તેમજ નગરપાલિકાના સદસ્યો, કર્મચારીગણ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ગ્રામ સ્વરાજ અભિયાન ૨૦૧૮ અંતર્ગત**

# થરા ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો


કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડ ખાતે ગ્રામ સ્વરાજ અભિયાન ૨૦૧૮ અંતર્ગત કિસાન કલ્યાણ મહોત્સવ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલાના વરદ હસ્તે ખુલ્લો મુકાયો હતો. ગુજરાત સરકાર દ્વારા કૃષિ માર્ગદર્શન સાથે બમણી ઉપજ મેળવવા તેમજ ખેડુતોને માર્ગદર્શન કરવાના ઉદ્દેશ્ય સાથે આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

આ પ્રસંગે ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે નરેન્દ્રભાઈ મોદીએ કિસાનલક્ષી યોજનાઓ બનાવી છે આજે ૧૮ હજાર ગામડાનું વિજળીકરણ કરવાનું કાર્ય પૂર્ણ કર્યુ છે. ગામેગામ તળાવો ઉંડા કરીને જળ સંચય દ્વારા પાણીનો સંગ્રહ કરવા માટે સરકારે પગલાં લીધા છે. માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલે જણાવેલ કે ગામડે ગામડે કૃષિ વૈજ્ઞાનિકો તજજ્ઞો ફરી ફરીને ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવે છે. જ્યારે વૈજ્ઞાનિકોના માર્ગદર્શન થકી કાંકરેજમાં ઈસુભા વાઘેલાએ દાડમ જ્યારે નરેશજી ઠાકોર દ્વારા ઓર્ગેનિક જામફળનું વાવેતર કરી નામના મેળવી છે.

જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા તેમજ તાલુકા પંચાયત પ્રમુખ વર્ધીજી મકવાણાએ કૃષિ વિશે માહિતી પુરી પાડી હતી. સ્વાગત પ્રવચન તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ ત્રિવેદીએ કર્યુ હતું. આ પ્રસંગે ડાયાભાઈ પીલીયાતર, તા. ભાજપ પ્રમુખ કિશોર પ્રજાપતિ, તા.ભાજપ મહામંત્રી ઈસુભા વાઘેલા, પૂરણસિંહ વાઘેલા ડેલીગેટ ઝેણુભા વાઘેલા, હંસપુરી ગૌસ્વામી, કરશનભાઈ પટેલ, માનસંગભાઈ પટેલ, નરેશભાઈ ઠાકોર, ખાનુભા વાઘેલા, બાબુભાઈ પ્રજાપતિ , વિસ્તરણ અધિકારી નોડલ એ.આર.ધોયા, સહનોડલ- રજનીભાઈ ઠક્કર, બી.ટી.એમ. પૂજાબેન રાવલ, મહેશ કે. રાજપુરીયા, એમ.જી. ચૌધરી હાજર રહ્યા હતા. જ્યારે આભારવિધિ કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણે કરી હતી.

# હેમ.ઉ.ગુ.યુનિ - પાટણ દ્વારા બી.કોમ. સેમી - ૪નું પરિણામ ૭૯.૫૨ ટકા જાહેર કરાયું

તા.પ્રતિ થરા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ દ્વારા ગત માર્ચ - ૨૦૧૮ માં લેવાયેલ બી.કોમ. સેમીસ્ટર ૪ (ચાર) નું પરિણામ ૭૯.૫૨ ટકા જાહેર કરાયું હોવાનું જાણવા મળેલ છે. બી.કોમ.સેમી ૪ માં ૪૭૫૦ પુરૂષ ૩૧૭૮ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૭૯૨૮ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તે પૈકી ૩૩૧૬ પુરૂષ ૨૮૦૬ સ્ત્રી મળી ૬૧૨૨ પરીક્ષાર્થી પાસ થયેલ. ૧૨૬૦ પુરૂષ ૩૧૭ સ્ત્રી મળી ૧૫૭૭ પરીક્ષાર્થીઓ નાપાસ જાહેર થયેલ. ૭૮ પુરૂષ અને ૨૫ સ્ત્રી મળી ૧૦૩ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેલ. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ૦૨ સ્ત્રી પરીક્ષાર્થીના પરિણામ ડબલ્યુ મીસ્ક. ૮૬ પુરૂષ ૨૫ સ્ત્રી મળી ૧૧૧ પરીક્ષાર્થીઓના પરિણામ ૨દ કરવામાં આવ્યા. ૧૦ પુરૂષ ૦૩ સ્ત્રી મળી ૧૨ પરીક્ષાર્થીઓના પરિણામ પેન્ડીગ - રીઝર્વ રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ પરીક્ષામાં ૨૫૧૮ જનરલ, ૭૨૫ એસ.સી., ૨૬૭ એસ.ટી., ૪૫૧૯ ઓબીસી પરીક્ષાર્થીઓ નોંધયેલ તે પૈકી ૧૯૧૯ જનરલ, ૫૩૫ એસ.સી, ૧૩૨ એસ.ટી., ૩૫૩૬ ઓબીસી પરીક્ષાર્થીઓ પાસ થતાં બી.કોમ સેમીસ્ટર ૪ (ચાર) નું પરિણામ યુનિવર્સીટી નિયમ પ્રમાણે ૭૯.૫૨ ટકા જાહેર કરવામાં આવ્યું છે.

# ભાભરના વડ તળાવનું ૩૮ લાખના ખર્ચે નવીનકરણનું કામ ચાલુ થતાં આનંદ

**તળાવ ઉંડું કરીને તળાવની એક બાજુએ બગીચો તથા દિવાલ અને બાળકોને રમવા હિંચકા મુકાશે**

પ્રતિ. ભાભર

ભાભરના વડ તળાવનું રૂા.૩૮ લાખના ખર્ચે નવીનકરણનું કામ મંજુર થયું હતું. તેની ડીઝાઈન પણ થઈ હતી. પરંતુ કોઈક કારણોસર કામ ટલ્લે ચડ્યુ હતું. પરંતુ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્થાપન દિવસે સમગ્ર રાજ્યમાં જળ સંચય અભિયાન ચાલુ કરવામાં આવ્યું તે દિવસે પાલીકાનું તંત્ર સફાળુ જાગીને ભાભરના વડ તળાવનું રૂા.૩૮ લાખના ખર્ચે નવીન કરણનું કામ ચાલુ કરવામાં આવતા ભાભર જુના વિસ્તારના રહીશોમાં આનંદ છવાયો છે.

વડ તળાવને ખોદકામ કરીને ઉંડુ કરવામાં આવશે. જ્યારે રૂા.૩૮ લાખના ખર્ચે હનુમાન દાદાના મંદિરથી ગૌ શાળાના ભાગમાં પથ્થરની પાળ, દિવાલ અને બાજુમાં સુંદર બગીચો બનાવીને બાળકોને રમવા માટે સાધનો મુકવામાં આવનાર છે. ગઈકાલે તળાવનું ખોદકામ ચાલુ કરવામાં આવ્યું હતું. ત્યારે આ વિસ્તારના નગર સેવકો વનરાજસીંહ રાઠોડ, બલુભા રાઠોડ અને પાલીકાના કર્મીઓ હાજર રહીને કામ ચાલુ કરાવ્યું હતુ, તળાવનુ કામ ચાલુ થતાં રહીશોમા આનંદની લાગણી જન્મી છે.

# માટીકામ કલાકારો માટે સેમિનારનો વડોદરાથી પ્રારંભ

વડોદરા

ગાંધીનગર સ્થિત ગુજરાત માટીકામ કલાકારી અને રુરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા રાજ્યના બેરોજગાર લોકોને સ્વ રોજગારી આપવાના હેતુથી વિવિધ ગામોમા સેમિનાર નુ અયોજન કરાશે.જેનો પ્રારંભ આવતીકાલ તા.૩ જીને ગુરૂવારે વડોદરાથી થશે. એ પછી રાજ્યના દરેક જિલ્લામા આવા સેમિનાર યોજાશે.આ સેમિનારમા ૧૯ જેટલા કામ ની તાલીમ સ્ટાઈપેન્ડ તેમજ કાચો માલ સામાન અને પ્રમાણ પત્ર સંસ્થા તરફથી અપાશે.

આ સેમિનારમા પતંગ - ફીરકી ,પેપર કપ ,પેપર બેગ અને પેકેજીંગ ,ઈકો ફ્રેન્ડલી બેગ ,ચર્મ કામ ,રેકઝીન બેગ ,રમકડા ,રમતના સાધનો , ક્લે આઈડોલ મડ વર્ક તેમજ માટીકામ સહિતના કામો મા ગ્રામ્યજન ભાગ લઈ શકશે એમ સંસ્થાન ના ચેરમેન દલસુખ પ્રજાપતિએ જણાવ્યુ હતુ. વધુ માહિતી તેમજ સેમિનારમા.ભાગ લેવા ગુજરાત માટીકામ કલાકારી અને રુરલ ટેકનોલોજી સંસ્થાન ,સેક્ટર ૧૨ ,ગાંધીનગર નો ૦૭૯૨૩૨૨૩૪૪૯ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

# તંત્રી સ્થાનેથી ...

**સાચી મહેનત વગર કોઈપણ વ્યક્તિમાં મહાન વ્યક્તિત્વ પેદા થઈ શકતું નથી...**

## પ્રદુષિત પાણીની સમસ્યાને સરકારે નિવારવી જરૂરી

વર્તમાન ઉનાળામાં પાણીજન્ય રોગચાળો તેની હદ વટાવી રહ્યો છે, ગત એપ્રિલમાં રોગચાળો ખૂબ જ વકર્યો હોવા છતાં તેને અટકાવવા માટેના કોઈ જલદ પગલાં લેવામાં આવ્યા નથી. મતલબ કે તંત્રની નિષ્ક્રિયતાના કારણે લોકો રોગચાળાનો ભોગ બની રહ્યા છે. રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસની ગરમીનો પારો ઊંચે ચઢી રહ્યો છે. અને હજુ ગરમી વધવાની શક્યતાને નકારી શકાય તેમ નથી, પાણીજન્ય રોગનો વધુ ફેલાવો થશે. તો પરિસ્થિતિને કાબૂ હેઠળ લેવી મુશ્કેલ બની રહેશે.

અમદાવાદ જેવા મહાનગરમાં પ્રદુષિત પાણીની અસંખ્ય ફરિયાદો વધતાં ઝાડા- ઉલટીના ૭૯૦ કેસ નોંધાયા છે. રોગચાળાના કુલ ૧૨૪૩ કેસ હાલમાં નોંધાયા હોવાનું બહાર આવેલ છે. જ્યારે કમળાના ૨૧૨ કેસો ટાઈફોઈડના ૨૧૪ કેસ હાલમાં નોંધાયા છે. તે દર્દીઓની સારવાર કઈ રીતની ચાલી રહી છે તે બાબતે આરોગ્ય તંત્ર દ્વારા અહેવાલ પ્રકાશિત થવો જોઈએ. અમદાવાદના શાહપુર, ખાડિયા, કાલુપુર, દરિયાપુર સહિત કોર વિસ્તારોમાં તેમજ નરોડા, બાપુનગર, મેઘાણીનગર સહિત ઉત્તર ઝોનના વિસ્તારો રખીયાલ અને ગોમતીપુર, વટવા, ઈસનપુર, હાટકેશ્વર અને દાણીલીમડા જેવા વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસોથી પ્રદુષિત પાણીની ફરિયાદો વધી છે.

શહેરમાં પાણી અને ડ્રેનેજ લાઈનના લીકેજના કારણે પ્રદુષિત પાણી આવતું હોવાનું કહેવાય છે તેમ છતાં તંત્ર દ્વારા પુરતા પગલાં ભરવામાં ન આવતા શહેરીજનોને વધુ હાલાકી ભોગવવાના દિવસો આવ્યા છે.

પ્રદુષિત પાણીની ફરિયાદો સંદર્ભે મ્યુ.તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા કયા કયા વિસ્તારોમાં તપાસ ચલાવાઈ છે તેની એક યાદી તૈયાર થવી જોઈએ, પાણીના પોલ્યુશનથી નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાનગી હોસ્પિટલો અને સરકારી દવાખાનાઓમાં સારવાર લેનાર દર્દીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતાને પણ નકારી શકાય તેમ નથી.

હેલ્થ વિભાગ દ્વારા રોગચાળો અટકાવવા માટેના પગલાં ઓછા અસરકારક પુરવાર થયા છે, જો કે, મેલેરિયા, ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય રોગચાળો અંકુશમાં રહ્યો છે. ત્યારે સમગ્ર ઉત્તર ગુ-જરાતમાં પાણીજન્ય રોગચાળા બાબતનો અહેવાલ હેલ્થ વિભાગ દ્વારા તૈયાર થવો જોઈએ. કેમ કે શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં જોઈએ તેવું સ્વચ્છતા અભિયાન થતું નથી. નગરપાલિકા અને ગ્રામ પંચાયતોની નિષ્ક્રિયતાના કારણે અનેક પ્રકારના રોગોએ માઝા મુકી દીધી છે. રાજ્યમાં હજુ વધુ ગરમી પડવાની શક્યતા હોવાનું હવામાન વિભાગે જણાવેલ છે. ગ્રામ પંચાયતો દ્વારા લોકોને અપાતા પીવાના પાણીની રોજરોજ ચકાસણી લેબોરેટરીના ટેકનિશિયન દ્વારા થવી જોઈએ. રાજ્યના અમુક વિસ્તારોમાં જોઈએ તેવું સ્વચ્છ પાણી લોકોને ઉપલબ્ધ થતું નથી. ગ્રામ્યજનોને સરકાર દ્વારા પાણીજન્ય રોગોથી બચાવવા જો ગંભીરતા દાખવવામાં નહિં આવે તો રોગચાળાને અટકાવી શકાશે નહિ, કેમ કે હાલમાં જે ઝાડા- ઉલ્ટીના કેસોમાં વધારો થયો છે. તેને ત્વરિત નિવારવાના પગલાં ભરાવા જોઈએ, આવા સમયે સરકારના આરોગ્ય વિભાગે ખૂબ જ તત્પર રહેવું જોઈએ. સાથોસાથ મ્યુ.તંત્ર દ્વારા લીક થતી ડ્રેનેજ લાઈનોની ઝડપી તપાસ ચલાવી પાઈપ લાઈનો બદલીને નવી સારી ગુણવત્તા વાળી નાંખવી જોઈએ. જેથી પ્રદુષિત પાણીથી લોકોને બચાવી શકાય.

## ગુજરાત રાજયના ૫૮માં સ્થાપના દિનની ઉજવણીમાં ગરવા ગુજરાતની સંસ્કૃતિની રજુઆત



ગુજરાત રાજયના ૫૮માં સ્થાપના દિનની રાજય કક્ષાની ઉજવણી ભરૂચ ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરાયેલ. આ પ્રસંગે ગુજરાત રાજયના રાજયપાલ ઓ.પી.કોહલી, રાજયના મુખ્યમંત્રી વજયભાઇ રૂપાણી, રાજયના રમતગમત ,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના મંત્રીઈશ્વરસિંહ ટી.પટેલ, ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા , કાર્યક્રમના લેખક અને સંશોધક પદ્મ વિષ્ણુ પંડયા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ કાગ્રક્રમમાં ગુજરાતની સ્થાપના નો ઈતિહાસને વણી લેતા નાટક, ભરૂચની સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ, ગુજરાતની સંસ્કૃતિની ઓળખ સમા કરાવતા ગરબા, આદિવાસી ડાન્સ , નર્મદાઅષ્ટકમનો સમાવેશ કરાયેલ. આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સચિવશ્રી વી.પી.પટેલ તથા કમિશ્નર તુષાર ધોળકીયાના માર્ગદર્શનમાં પરિકલ્પના -સંકલન અને દિગ્દર્શન મલ્હાર દવે અને શો ડીરેકટર અભિલાષ ઘોડા દ્વારા કરાયેલ. પટકથા ,સંવાદ અને ગીત મેહુલ મકવાણા, સંગીત નીશીથ મહેતા, નૃત્ય સંકલન અંકુર પઠાણ અને કૃણાલ સોની, નાટય નિર્દેશન નીસર્ગ ત્રિવેદી ,સહ દિગ્દર્શન મીહીર ઉપાધ્યાય અને જીજ્ઞેશ પટેલ ,મલ્ટીમીડિયા બેકડ્રોપ વિવેક ઘોડા , ટેકનિકલ ડીરેકટર કરન ઘોડા દ્વારા કરવામાં આવેલ.

### આત્મચિંતન

## સ્રોત અંદર છે, બહાર નહી

આનંદ પ્રાપ્તિનું ભ્રમવાળુ, પદાર્થવાદી પ્રયત્ન તેને પોતાના જ આનંદ સ્રોત ‘‘અંતરાત્માથી દૂર રાખે છે. ફળસ્વરૂપ મનુષ્ય વિક્ષુબ્ધ બનતો રહે છે.

આંતરિક ભાવો પર ધ્યાન આપવામાં આવે તો પ્રતીત થશે કે આનંદનો અજસ્ર સ્રોત અંદર બેઠેલ પોતાનો પ્રવાહ સંપ્રેષિત કરી રહ્યો છે. આ પ્રકારના ભાવ ઉત્પન્ન થતાં જ ખરાબ પ્રવૃત્તિઓ નષ્ટ થઈ જાય છે. ચેષ્ટાઓ અંતર્મુખી બની જાય છે તો ભૌતિક લાલસાઓ નષ્ટ થઈ જાય છે. તેનું સ્થાન દયા, કરૂણા, પ્રેમ જેવી સત્પ્રવૃત્તિઓ લઈ લે છે. પ્રાણીમાત્રના દુઃખને દુર કરવામાં મનુષ્યને આનંદ આવવા લાગે છે. પ્રેમનો સતત પ્રવાહ ચારે તરફ વહેતો દેખાય છે. આ સ્થિતિને પ્રાપ્ત કર્યા પછી કોઈ કામના રહેતી નથી.

મૃગની કસ્તુરી માટે જંગલમાં ભટકતા રહેવા સમાન બાહ્ય વસ્તુઓમાં આનંદ શોધવાનો અવિવેકપૂર્ણ પ્રયત્ન કરવાની જગ્યાએ પોતાની ચેષ્ટાઓને અંતર્મુખી કરવામા અવે. અંદર બેઠેલા અંતરાત્માના દર્શન અને તેનાથી મળનાર અજસ્ર આનંદના અનુદાન પ્રાપ્ત કરવા માટે આધ્યાત્મિક સાધનાઓનો જ સહારો લેવો પડશે. ચેતના પોતાના ઉદગમ સ્થાન પર પહોંચ્યા પછી જ શાંતિ અને આનંદની શાશ્વત અનુભૂતિ કરી શકે છે. જીવન પર્યંત મનુષ્ય જેની પ્રાપ્તિ માટે સાંસારિક આકર્ષણોમાં ભટકતો રહે છે, તે આત્મદર્શનથી જ શક્ય છે.- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ડીબીએસે ફ્યૂચર રિટેલ માટે ઈનવોઈસમાર્ટ પર પોતાનો પ્રથમ ફેક્ટરિંગ ટ્રાન્ઝેક્શન કર્યું

અગ્રણી ડિજિટલ ઈનવોઈસ ડિસ્કાઉન્ટિંગ પ્લેટફોર્મ ઈનવોઈસમાર્ટે ડીબીએસ બેંક ઈન્ડિયા દ્વારા પહેલા ફેક્ટરિંગ ટ્રાન્ઝેક્શનને કાર્યાન્વિત કરવાની ઘોષણા કરી છે. આ ભાગીદારી ફાઈનાસિંગના નવા સ્વરૂપના દ્વાર ખોલે છે કે જે ઓનલાઈન ડિજિટલ ઈનવોઈસ ડિસ્કાઉન્ટિંગના રૂપમાં સામે આવ્યા છે.વિશ્વ સ્તર પર ફેક્ટરિંગ ૩ ટ્રિલિયન અમેરિકી ડોલરનો ઉદ્યોગ છે, પરંતુ ભારતની ભાગીદારી આમાં ખૂબ જ ઓછી છે. આરબીઆઈની પહેલ એમએસએમઈને ફાઈનાન્સના વૈકલ્પિક સ્રોત પૂરો પાડવામાં આવે, આ વખાણને પાત્ર છે જ, સાથે જ રોકડની અછત ઝેલી રહેલ એમએસએમઈ માટે એક મોટું વરદાન છે જે અર્થ વ્યવસ્થાનો આધાર છે.સંપૂર્ણ દુનિયામાં બેકિંગમાં તકનીકી અનેબલ્ડ બદલાવ જોઈ શકાય છે. ડીબીએસ, બેંકિંગના પારંપરિક રૂપથી પરિચલન કરવાની રીતને પડકાર આપવામાં સૌથી આગળ છે અને આ નવી રીતની ટેકનિકનો ઉપયોગ કરી વસ્તુઓને અલગ રીતથી કરવાનું કામ કર્યું છે. આ જ રીતે ઈનવોઈસ્માર્ટ જેવા પ્લેટફોર્મ પણ ઓનલાઈન ફેક્ટરિંગની મદદથી વર્ષોથી ચાલ્યા આવતાં બિઝનેસ મોડલોને બદલી રહ્યાં છે.આ નાણાંકીય વર્ષમાં, અમે જીએસટીને એકીકૃત કરીશું જે એમએસએમઈને વૈકલ્પિક સ્ત્રોત હેઠળ ક્રેડિટ હિસ્ટ્રી બનાવામાં મદદ કરશે. આ બધા પહેલા ટ્રેડ્સમાં ગ્રાહકોની વિશ્વસનીયતા ઉપરાંત ભરોસા વધારવાની દિશામાં કામ કરશે.’’

## અમદાવાદના જાણતા ગાયનેકોલોજિસ્ટ અને વંધ્યત્વ નિવારણ નિષ્ણાંત ભરત પરીખ દ્વારા શહેરમાં વંધ્યત્વ માટે ફ્રી મેડિકલ ચેકઅપનું આયોજન



અમદાવાદ

આપણા દેશમાં આજે અનેક વર્ગોના કરોડો પરિવારમાં હજુ પણ એ માન્યતા અકબંધ છે કે પરિવાર ત્યારે જ કહેવાય કે જ્યારે ઘરમાં એક બાળક હોય. જોકે, વધતી જતી દોડભાગવાળી જીંદગીથી માંડી પારિવારિક અને સામાજિક તણાવોને લીધે તથા કેટલાક નવા રોગોએ માનવીય શરીરમાં ઘર કરતા આજે સ્રી અને પુરુષ માટે લગ્ન બાદ વંધ્યત્વ જેવી મોટી વ્યાધી ઉભી થઈ છે. દંપતિને સંતાન પ્રાપ્તિ અંગે સચોટ માર્ગદર્શન આપવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદના જાણીતા ગાયનેકોલોજીસ્ટ અને વંધ્યત્વ નિવારણ નિષ્ણાંત ડો. ભરત પરીખ દ્વારા રોઝમેરી હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે મેડિકલ ચેક-અપનું આયોજન કરવામાં આવ્યું છે. ‘‘આજના ઝડપથી બદલાતા યુગમાં લોકોની ભોજનશૈલીમાં નોંધપાત્ર પરિવર્તન અને શારિરિક કસરતના અભાવે યુવાનો અને યુવતીઓમાં મેદસ્વિતાના પ્રમાણમાં વધારો થયો છે. આ ઉપરાંત બિનઆરોગ્યપ્રદ જીવનશૈલીને કારણે ડાયાબિટીસ, બીપી અને કોલેસ્ટોરેલની સમસ્યા થવાથી વ્યક્તિની પ્રજનનક્ષમતા ઉપર નકારાત્મક અસરો સર્જાય છે. મહિલાઓનું વજન વધી જવાને કારણે તેમને પોલીસિસ્ટિક ઓવારિયન ડિસિઝ (પીસીઓડી)નામનો રોગ થાય છે અને તેના પરિણામે વંધત્વની સમસ્યા સર્જાય છે. આ સંજોગોમાં સંતુલિત આહાર, નિયમિત કસરત તથા સંયમિત જીવન વ્યક્તિની ફળદ્રુપતાને જાળવી રાખવામાં ઉપયોગી બની રહે છે.’’‘‘ઘણાં દંપતિ જીવનમાં કંઇક હાંસલ કરવાની મહાત્વાકાંક્ષા સાથે કારકિર્દીમાં નવી ઉંચાઇઓ સર કરવા માટે મોડેથી સંતાન પ્રાપ્તિનું આયોજન કરે છે, પરંતુ વિશેષ કરીને સ્રીઓમાં એકવાર ૩૦ વર્ષની ઉંમર પાર કરી ગયા પછી તેમની ફળદ્રુપતામાં ઝડપથી ઘટાડો થાય છે. આ સાથે તેમના ગર્ભધારણ કરવાની સંભાવનાઓ પણ ઘટતી જાય છે.’’આવા નિઃસંતાન દંપતિઓ આપણી સામાજિક વ્યવસ્થાને કારણે ઘણો બધો તણાવ અનુભવે છે. યુવાન સ્રીઓને તે આત્મહત્યા તરફ પણ દોરી જઇ શકે છે અને જીંદગીના અંત સુધી તેમને પીડા કરે છે. આવા કઠીન શારિરિક, માનસિક અને સામાજિક પ્રશ્નોનો શક્ય તેટલી હદે નિરાકરણ કરવાના નિષ્કર્ષ સાથે અક્ષર આવીએફ વારંવાર આવા નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજે છે અને તેમાં નોંધણી કરાવનાર દંપતિઓને બહુ જ રાહતદરે સારવાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬માં પણ યોજાયેલા કેમ્પમાં ૬૦થી૭૦ ટકા દંપતિઓએ સફળ સારવાર સાથે સંતાનસુખ પ્રાપ્ત કર્યું છે.

## Cobx માસ્ટર્સ, ભારતની સીઇએ ટુર્નામેન્ટ રૂ. ૧ કરોડ(USD 160000) ના ઈનામ પૂલ સાથે તમારા શહેરમાં આવે છે



Cobx ગેમિંગ, ભારતની અગ્રણી ઈસ્પોર્ટ્સ કંપની પૈકી એકે, તેની ખૂબ અપેક્ષિત ટુર્નામેન્ટ Cobx માસ્ટર્સ ૨૦૧૮ ની જાહેરાત કરી. આ વર્ષે ભારતમાં યોજાનારી આ પ્રકારની એસઇએ ગેમિંગ ટુર્નામેન્ટમાં તે પ્રથમ છે. એક અનન્ય ફોર્મેટ અને માત્ર ૨ ગેમ્સોમાં વિતરીત કરવા માટે રૂ. ૧ કરોડનું વિશાળ ઈનામ પૂલ, CS: GO અને DOTA 2, તે બધા સહભાગીઓ માટે એક આકર્ષક ટુર્નામેન્ટ બનશે. અમદાવાદમાં ૨૦-૨૧ જૂને કાફે ઈવેન્ટ્સ યોજાશે. ‘‘આ ટુર્નામેન્ટ પહેલી વખત વૈશ્વિક ઇ-સર્વિસ ટુર્નામેન્ટનો અનુભવ ભારતમાં લાવશે. અમારા ટુર્નામેન્ટના મોટાભાગના ભાગરૂપે, ૧૦ ભારતીય શહેરોમાં ગેમિંગ કાફેમાં રાખવામાં આવે છે, પ્રાદેશિક ઈસ્પોર્ટ્સ દ્રશ્ય એક વિશાળ બુસ્ટ મેળવવા માટે ચોક્કસ છે. ટુર્નામેન્ટમાં વિશ્વની આંખો સાથે,’’હાલમાં, રજીસ્ટ્રેશન ચાલુ છે. ઈસ્પોર્ટ્સના ઉત્સાહીઓ અને રમનારાઓ હવે તમારા શહેરમાં સ્થાનિક કાફે દ્વારા રજીસ્ટર કરી શકે છે. Cobx માસ્ટર્સ ૨૦૧૮ માટેની નોંધણી માટેની અંતિમ તારીખ ૧૩ મે છે. ટુર્નામેન્ટ ૨૧મી મેના રોજ યોજાયેલી ઓનલાઇન સ્ટેજ સાથે ૩જી જૂનના રોજ સમાપ્ત થાય છે, ૬ ઠ્ઠી જૂનથી કાફે સ્ટેજ અને ૮મી જુલાઇના રોજ પૂરૂં થવાનું છે. ટુર્નામેન્ટનો પહેલો તબક્કો જે ભારતના ૧૦ શહેરોને આવરી લેશે. મુંબઇ, દિલ્હી, ચેન્નઇ, કોલકાત્તા, પુણે, બેંગ્લોર, હૈદરાબાદ, અમદાવાદ, જયપુર અને કોહીમા. આ દસ શહેરોમાંના દરેક માટે ઓનલાઇન ક્વોલિફાયરનું અનુકરણ અંતિમ તબક્કામાં કરવામાં આવશે, જે સંબંધિત શહેરમાં કાફેમાં રાખવામાં આવશે.

## કલર્સના ડાન્સ દીવાને પર ડાયરેકટર શશાંક ખૈતાન અને કોરિયોગ્રાફર તુષાર કાલિયા સાથે જોડાઇ માધુરી દિક્ષિત જજિસની સીટ પર પાછી ફરશે!





ધક ધક ગર્લના હુલામણાં નામથી ઓળખાતી, માધુરી દિક્ષિત નેને કલર્સના અનોખા ડાન્સ રિઆલિટી શો ડાન્સ દીવાને પર જજ તરીકે આવવા સાથે ટેલિવિઝન પર પાછી ફરી રહેલ છે. તેણીની સાથે પોતાના ડાયરેકટોરિયલ સાહસ – હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા, બદરીનાથ કી દુલ્હનિયા માટે જાણિતા ડાયરેકટર શશાંક ખૈતાન અને કોરિયોગ્રાફર તુષાર કાલિયા જે ડાન્સ માટેના પોતાની કોન્ટેમ્પરરી સ્ટાઇલ તથા ઝલક દિખલા જામાં ભાગ લેવા બાબતે જાણિતા છે જોડાશે.ભારતીય ટેલિવિઝન પર વર્તમાન ડાન્સ શોઝના ઝૂમખામાં, આ અદ્વીતિય ફોર્મેટ એવા ડાન્સર્સને એક મંચ પુરું પાડે છે જેઓ પોતાની પ્રતિભા દેખાડવા ઘેલા અને ઘેલછાથી ભરપૂર છે. ભાગ લેનારા તમામ પોતની વર્ગાવલી સ્પર્ધા કરશે –બાળકો, યુવાનો અને વયસ્કો એમ ૩ વય વર્ગાવલીઓની શ્રેણી ધરાવે છે. દરેક વર્ગાવલીમાં એક એમ ત્રણ ફાઈનાલિસ્ટસ ઈન્ડિયાના અલ્ટીમેટ ડાન્સ દીવાના હોવાનું બિરૂદ પામવા સ્પર્ધા કરશે.ઈન્ડિયાસ ડાન્સ દીવાનેના દેશવ્યાપી ઓડિશન્સ ચાલી જ રહ્યાં છે અને શો ટૂંક સમયમાં કલર્સ પર શરૂ થવા જઇ રહેલ છે.

## ડબલ્યૂટીસી નોઈડા, ડબલ્યૂટીસી ચંદિગઢ અને ડબલ્યૂટીસી ગિફ્ટ સીટિની એક્સક્લુઝિવ કોમર્શિયલ સ્પેસ હવે મૈજિકબ્રિક્સ પર ઓનલાઈન બિડિંગ માટે ઉપલબ્ધ

વર્લ્ડ ટ્રેડ સેન્ટર એસોસિએશન(ડબલ્યૂટીસીએ)ની ૫૦મી એનિવર્સરીના સંદર્ભમાં નોઈડા, ચંદિગઢ તથા ગિફ્ટ સિટીમાં સ્થિત વર્લ્ડ ટ્રેડ સેન્ટર્સ ૫ મે, ૨૦૧૮ના રોજ આ ત્રણ પ્રોજેક્ટોમાં એક્સ્લુઝિવ કોમર્શિયલ સ્પેસની ઓનલાઈન બિડિંગ માટે મૈજિકબ્રિક્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરશે., ‘‘મૈજિકબ્રિક્સ પારદર્શી તથા નિષ્પક્ષ કિંમત પ્રણાલીના માધ્યમ થી ઈ-ઓક્શનના ક્ષેત્રમાં મોટો બદલાવ લાવ્યું છે. બેંક અને ડેવલોપર્સ પણ પહેલાં, બીજા તથા ત્રીજા સ્તરના શહેરોમાં ભાવી ગ્રાહકો સુધી પંહોચવા માટે મૈજિકબ્રિક્સની લોકપ્રિયતાનો ઉપયોગ કરી રહ્યાં છે. અમને ખુશી છે કે, ડબલ્યૂટીસી નોઈડા, ડબલ્યૂટીસી ચંદિગઢ, અને ડબલ્યૂટીસી ગિફ્ટ સિટીમાં કોમર્શિયલ પ્રોપર્ટિઝના ઈ-ઓક્શન માટે અમને ડબલ્યૂટીસી નોઈડા ડેવલોપમેન્ટ કંપની પ્રા. લિમિટેડ સાથે ભાગીદારીની તક મળી છે. આ રીતની ભાગીદારી ઉદ્યોગ જગતમાં પહેલીવાર કરવામાં આવી છે. અમારો ઈ-ઓક્શન મંચ એક એનોખો પ્રપોજિશન છે જેનાથી સંપત્તિનું મૂલ્ય નિર્ધારણ હવે ગ્રાહકોના પોતાના હાથોમાં આવી ગયું છે.’’આ કોમર્શિયલ સ્પેસ wtc.magicbricks.com પર ઓનલાઈન બિડિંગના માધ્યમથી ઉપલબ્ધ થશે. ગ્રાહક સિંગલ યુનિટ માટે માદ્દ ૨૦૦૦ રૂ. તથા મલ્ટિપલ યુનિટ્સ માટે ૫૦૦ રૂ.ની અગ્રિમ રકમ(બહાનું) આપી ૪ મે, ૨૦૧૮ સુધી ઓનલાઈન બિડિંગ માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. ૨૩૦ વર્ગફીટથી લઈને ૫૭૦૫ વર્ગફીટ સુધીના કોમર્શિયલ યુનિટ્સ ૧૨ લાખ રૂ. થી ૩.૭ કરોડ રૂ. સુધીની બેઝ પ્રાઈઝ પર ઉપલબ્ધ હશે. ડબલ્યૂટીસી નોઈડા ડેવલોપમેન્ટ કંપની પ્રા. લિમિટેડ દ્વારા પ્રોમોટ કરવામાં આવ્યું છે, જે ભારતમાં ડબલ્યૂટીસી માટે મુખ્ય ભાગીદાર છે.ડબલ્યુટીસી નોઇડાએ હાલમાં નોઇડા, ગ્રટર નોઇડા અને યેડાને મોબાઇલ ઓપન એક્સચેન્જ ક્લસ્ટર (એમઓએક્સ) હબ અને ટેક જોનને એક કેન્દ્રના રૂપમાં વધારો આપવા માટે ઉત્તર પ્રદેશ સરકાર સાથે એક સમજૂતી પત્રક પર હસ્તાક્ષર કર્યા છે.

## મિસ ફેબ, મિસ્ટર ફેબ અને મિસીસ ફેબ ફેશનિસટા સ્પર્ધાનુ આયોજન



અમદાવાદ

અમદાવાદમાં તાપમાન છેલ્લા સાંજે ૪૦ ડિગ્રી માર્કથી આગળ વધ્યું છે. કારણ: સૌથી પ્રચલિત ફેશન ઈવેન્ટ અમદાવાદમાં શનિવાર ૨૮ મી એપ્રિલ ૨૦૧૮ ના રોજ અમદાવાદમાં ગુલમોર પાર્ક મોલમાં યોજાઈ હતી. આ ઈવેન્ટ કયુનોક્સ એડવર્ટાઈઝના યશ ભુપતાની અને વૈશાલી વર્માના દ્વારા દ્વારા આયોજીત હતી. ઓડિશન જ્યુરીમાં પ્રખ્યાત ફિલ્મ નિર્માતા ક્રાન્તિ શનાબધ, શ્રીમતી ઈન્ડિયા ઈન્ટરનેશનલ પ્રીટી અગ્રવાલ, શ્રીમતી પુરી શાહ, એનએવી ગુજરાત સામયના વરિષ્ઠ પત્રકાર અને નિર્માતા હતા. સેલિબ્રિટી ડિઝાઈનર ડિકા શાહ ભીડ મિત્રો અને કુટુંબીજનો ઉપરાંત મોટી સંખ્યામાં એકત્ર થયા હતા, પણ મોલમાં ભીડ પ્રસ્તુત આ ભવ્ય હરીફાઈના પ્રતિયોગીયો માટે આનંદદાયક હતી. સ્ટેજ તેના પર લાઇટ્સ સેટ કરે છે, આ પેજન્ટના સ્પર્ધકો માટે સ્ટેજ પ્રકાશવા માટે સમય હતો. સ્પર્ધકોએ મિસ્ટર ફબ, શ્રીમતી ફેબ અને મિસ ફેબ અમદાવાદ ૨૦૧૮ ની શ્રેણીઓમાં સ્પર્ધા કરી હતી. આ ગ્લેમર આં-કડો વધ્યો હતો અને આત્મવિશ્વાસ અને સારી રીતે તૈયાર કરાયો હતો અને સ્પર્ધકોની રિહર્સલ થતી હોવાનું માનવામાં આવે છે. ત્યાં ફેશન રાઉન્ડ હતા, જ્યાં સ્પર્ધકોને તેમની ચાલ દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું અને એક રાઉન્ડ પણ જ્યાં દરેક વર્ગના સ્પર્ધકોએ સામાજિકથી બોલીવુડ સુધીના વિષયોમાંથી એકાએક પ્રશ્ન પૂછવામાં આવતા હતા તેમાંના દરેકએ તેમની ક્ષમતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. અલબત્ત વિજેતાઓ એ સરેરાશ બિંદુ સિસ્ટમ પર સારો દેખાવ, એક વિશ્વાસ અને આકર્ષક વૉક અને યોગ્ય અને સારા જવાબ સાથે નિર્ણય લેવાનો હતો. સ્પર્ધકો માટે તે સહેલું ન હતું અને ન્યાયાધીશોએ આટલી આકર્ષક પ્રતિભા અને સ્ટેજ પર આવા સારા દેખાનારા સ્પર્ધકોનો ન્યાય કરવા માટે ન હતા. ત્રણ વર્ગોમાં મિસ્ટર ફેબ, શ્રીમતી ફબ અને મિસ ફેબ સાથેના ઉત્સાહપૂર્ણ શો બાદ ૯ વિજેતાઓનો સમાવેશ થાય છે, જેમાં વિજેતા જૂરી સભ્યો દ્વારા દોડવીરોની પસંદગી કરવામાં આવી હતી.

## અલ્ટ્રાટેક સિમેન્ટ લિ. દ્વારા ઈન્ડિયાનેક્સ્ટ ૨૦૧૮ના વિજેતા જાહેર



આદિત્ય બિરલા ગ્રુપ કંપની અલ્ટ્રાટેક સિમેન્ટ લિ. દ્વારા આજે ઈન્ડિયાનેક્સ્ટ ૨૦૧૭-૧૮- બિલ્ડિંગ ફોર અ બિલિયનના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. આ વાર્ષિક પહેલ મૂ?લ્યવાન ઘર વસાવવાના દરેક ભારતીયનાં સપનાંને સાકાર કરવા માટે ઉત્તમ સંકલ્પનાઓ અને ડિઝાઈનો પ્રસ્તુત કરવાના કંપનીના પ્રયાસોને જીવંત કરે છે.અલ્ટ્રાટેક સિમેન્ટમાં અમે આપણો દેશ સામનો કરી રહ્યો છે તે સતત ઉત્ક્રાંતિ પામતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પડકારો માટે નિવારણો નિર્માણ કરવાનો અમારો પ્રયાસ છે. અમે માનીએ છીએ કે દરેક ભારતીયએ તેના સપનાનું ઘર ધરાવવું જોઈએ. અલ્ટ્રાટેકની ઈન્ડિયાનેક્સ્ટ પહેલના ઉપક્રમે રજૂ કરવામાં આવેલી એન્જિનિયરિંગ અને ડિઝાઈન સ્પર્ધા બિલ્ડિંગ ફોર અ બિલિયન આ માન્યતતાનો જ દાખલો છે. સ્પર્ધા આર્કિટેક્ચર અને એન્જિનિયરિંગ જગતની નામાંકિત જ્યુરી દ્વારા જજ કરવામાં આવવાની હોઈ અમને ખાતરી છે કે વિજેતા આઈડિયા દેખીતી રીતે જ પથદર્શક રહેશ.

ઈન્ડિયાનેક્સ્ટ ભારત માટે અનુકૂળ ઉત્તમ આઈડિયા લાવીને ઈકોસિસ્ટમમાં નવો પ્રાણ ફૂંકવામાં મદદરૂપ થવાનું અને પ્રેકટિસિંગ એન્જિનિયરો અને આર્કિટેક્ટો સહિત વિશ્વ કક્ષાના નિષ્ણાતોની સંપત્તિ એકત્રિત કરવાનું લક્ષ્ય ધરાવે છે. વર્ષ ૨૦૧૮ માટેની થીમ બિલ્ડિંગ ફોર અ બિલિયન છે, જે પ્રયાસ ભારતમાં ઊભરતા એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટમાં ગ્રાહકો જરૂરતો સાથોસાથ તેમની આકાંક્ષાઓને પણ પહોંચી વળવા પ્રયાસ કરશે. ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી પ્રધાન મંત્રી આવાસ યોજના (પીએમએવાય) થી પ્રેરિત બે અજોડ શ્રેણીઓ હાઉસિંગ ફોર ધ અર્બન પુઅર અને હાઉસિંગ ફોર ધ રુરલ પુઅર હેઠળ એન્ટ્રીઓ મગાવવામાં આવી હતી.

## ફેમિલિ ઈન્ડિયન્સ ઝી સિનેમા પ્રિમિયર લીગમાં બીજા અઠવાડિયે મોખરે છે

મુંબઈ

ઝી સિનેમાની અનોખી જણસ સિનેમા પ્રિમિઅર લીગ તેના બીજા અઠવાડિયામાં સોશિયલ મીડિયા ઉપર ઘણી હલચલ જગાવી ચૂકી છે. જેમ જેમ લડાઈ જોર પકડી રહી છે, તેમ તેમ નાટ્યાત્મકતા અને શોર વધી રહ્યો છે કારણ કે ચાહકો તેમની માનીતી ટીમ માટે સોશિયલ મીડિયા ઉપર તેમનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યૂબ ઉપર પોસ્ટનો મારો થઈ રહ્યો છે જ્યાં ચાહકો પોતાની માનીતી ટીમને ટેકો આપવામાં કોઈ કસર બાકી નથી રાખી રહ્યાં. આ મહિનાની શરુઆતમાં રજૂ થયેલું સિનેમા પ્રિમિઅર લીગ એક અનોખી રજૂઆત છે જેનો ઉદ્દેશ છે ‘ચેમ્પિયન ફિલ્મે હર દિન’.પાંચ ટીમો – ખાન રાઇડર્સ, ફેમિલિ ઈન્ડિયન્સ, કોમેડી ચેલેન્જર્સ, સાઉથ કિંગસ અને એક્શન વોરિયર્સ ટોચનું સ્થાન મેળવવા માટે ટક્કરમાં ઉતર્યા છે. લીગ પ્રસારણના બીજા અઠવાડિયામાં પ્રવેશી છે જ્યાં ફેમિલિ ઈન્ડિયન્સ ટોચના સ્થાને પહોંચી ગયા છે, અને ખાન રાઇડર્સ ગયા અઠવાડિયાના પહેલા સ્થાન પરથી બીજા સ્થાને આવી ગયા છે અને તેમની પાછળ ત્રીજા સ્થાને એક્શન વોરિયર્સ છે. સિનેમા પ્રિમિઅર લીગના ઉત્સાહિત ચાહકો તેમની માનીતી ટીમો માટે હેન્ડલ બનાવી રહ્યાં છે અને ડિસ્પલે પિક્ચર બદલી રહ્યા છે જેથી ટીમનો લોગો તેમના ટેકાને દર્શાવે. દરેક ટીમના હેશટેગ્સ સાથે ૧૦૦૦૦ કરતાં વધારે ટ્વીટ્સ પોસ્ટ થઈ છે અને ચાહકો તેમની માનીતી ટીમ ના ટેકામાં જોરશોરથી આગળ આવી રહ્યાં છે.જ્યાં ચાહકો ઉમટી પડ્યા છે, રાહ જોવાનું ઉચિત રહેશે કે આખરી વિજેતા કોણ નીવડે છે.

તમારી માનીતી ટીમને જીતાડવા માટે જોતા રહો સિનેમા પ્રિમિઅર લીગ – ચેમ્પિયન ફિલ્મે, રોજ ફક્ત ઝી સિનેમા પર.

## ઝેનફોન મેક્સ પ્રો (એમ૧)ના વૈશ્વિક પદાર્પણની જાહેરત કરી



ફોટો : શાંતી શાહ

એસેસ, તાઈવાન સ્થિત સ્માર્ટફોન આગેવાન અને આઈટી પ્રોદ્યોગિકિએ એસેસ ના સીઈઓ જેરી શેન અને સીઓઓ જેરી ત્સાઓની હાજરીમાં દિલ્હી, ભારત ખાતે એક પ્રેસ કાર્યક્રમમાં ઝેનફોન મેક્સ પ્રો (એમ૧)ના વૈશ્વિક પદાર્પણની જાહેરત કરી છે.૩જીબી/૩૨ જીબી ની મેમરી વાળા સંસ્કરણમાં અદ્યતન સ્નેપ્રેગેગન ૬૩૬ પ્રોસેસર અને ૫૦૦૦એસએએચ બેટરી સાથે શ્રેણીમાં આગેવાન બનાવતી વિશેષતાઓ, રૂ. ૧૦,૯૯૯ ની અકલ્પ્ય પ્રારંભિક કિંમતે છે.ઝેનફોન મેક્સ પ્રો માં એક વિશાળ ૫૦૦૦એમએએચ બૅટરી, એક ૧૫.૨ સીએમએસ (૫.૯૯) એફએચડી+ ફૂલ વિયુ ડિસ્પ્લે અને એક દ્વિ-કેમેરા પ્રણાલીનો એક અદ્ભૂત રીતે સંકુલિત ધાતુના આવરણમાં જોરદાર સમન્વય છે. તે ઝડપી અને ઊર્જા કાર્યક્ષમ ઊક્દ્ધર્ફ્દ્દદ્દિ જીહર્ક્ર્દ્ધક્રિર્ષ્હન ૬૩૬ મોબાઇલ પ્લેટફોર્મ, મોબાઇલ પ્લેટફોર્મ, અને વધારેલી પ્રતિસાદીતા અને અનોખા ગેમિંગ અનુભવ માટે છ્દ્ધીર્હન ૫૦૯ ગ્રાફિક્સ વડે ચાલિત કરવામાં આવ્યો છે. આ સ્માર્ટફોન એ એસેસ નો પહેલો સ્માર્ટફોન પણ છે જે એન્ડ્રોયડનું મૂળ સંસ્કરણ રજૂ કરે છે – અને અદ્યતન સંસ્કરણ એન્ડ્રોયડ ૮.૧ પોતાની શ્રેણીમાં અદ્વિતિય શ્રાવ્ય અનુભવ માટે આ સ્માર્ટફોન ઉચ્ચ શ્રેણીના શ્રાવ્ય ભાગો, એક એનએક્સપી સ્માર્ટ એમ્પ, એક ૫ મેગ્નેટ સ્પીકર અને એક પેસિવ ઍમ્પ્લિફાયર સાધ ’મેક્સ બોક્સ’ નું બનેલું છે.

આ સ્માર્ટફોનની અત્યંત સુંદર રચના એક છટાદાર એલ્યુમિનમ-મિશ્રધાતુનું આવરણ અને ૨.૫ડી વળાંકદાર ડિસ્પ્લે કાચ ધરાવે છે અને તે બે લાજવાબ રંગોઃ ડીપસી બ્લેક અને ગ્રે માં ઉપલબ્ધ છે.

## બિનગુજરાતી દિગ્દર્શક દ્વારા દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ‘જુઠાણુ’ ૧૧મી મેના રોજ રીલીઝ થશે



અમદાવાદ

ગુજરાતી ફિલ્મોના ઈતિહાસમાં સૌપ્રથમવાર બિનગુજરાતી દિગ્દર્શક દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિલ્મ ‘જુઠાણુ’ તા. ૧૧મી મેના રોજ ગુજરાત સૌરાષ્ટ્ર તેમજ મુંબઈનાં સિનેમાઘરોમાં ધમાકાભેર રિલિઝ થનાર છે. પઝલ ફિલ્મસ એન્ડ કંપની અને સીઆરપી પ્રોડક્શન દ્વારા પ્રસ્તુત ગુજરાતી ફિલ્મ ‘જૂઠાણુ’નું દિગ્દર્શન બિનગુજરાતી લેખક દિગ્દર્શક ચન્દ્રાધાર પુટા દ્વારા કરવામાં આવ્યું છે. જ્યારે ફિલ્મના નિર્માતા નિખિલ રામચંદાની છે.ચન્દ્રાધાર પુટાએ વધુમાં જણાવ્યું હતું કે, ફિલ્મ ‘જુઠાણુ’માં કોઈ નાયક-નાયિકા કે વિલન નથી ફિલ્મની કથા જ ફિલ્મનો મુખ્ય હાર્દ(હીરો) છે. ફિલ્મ માતા-પુત્રના લાગણીસભર સંબંધો આધારિત સામાજીક સંબંધો અને સંબંધોના મુલ્ય તેમજ માણસે તેના ખરાબ સમયમાં પણ ડગ્યા વગર આવેલી મુસીબતોનો સામનો કેવી રીતે કરવો તે શીખવતી ફિલ્મની કથાવસ્તુ છે.

ફિલ્મના અભિનેતા ઝલકકુમાર પટેલે જણાવ્યું હતું કે, દરેક અભિનેતાને જીવનમાં એકવાર પડકારરૂપ ભૂમિકા અદા કરવાની તક મળે, જે મને દિગ્દર્શક ચન્દ્રાધાર પુટા દ્વારા દિગ્દર્શિત થયેલી ફિલ્મ ‘જુઠાણુ’માં મળી છે. ફિલ્મમાં ભજવેલી મારી ભૂમિકા દર્શકોને ખૂબ જ પસંદ આવશે.

જુઠાણું ફિલ્મની અભિનેત્રી ઐશ્વર્યા નાયકે જણાવ્યું હતું કે, એક અત્યંત રોમાંચક પારિવારિક ફિલ્મમાં અભિનય કરવાની મને ખૂબ જ મજા આવી હતી. ફિલ્મમાં એક સ્ત્રી કલાકાર તરીકે મને પડકારરૂપ ભૂમિકા મળી જેનો મને ગર્વ છે. આ ફિલ્મમાં અભિનય કરનાર દરેક કલાકારને તેમની ભૂમિકા અનુરૂપ સરખું મહત્વ આપવામાં આવ્યું છે.

‘જુઠાણુ’ ફિલ્મમાં ઝલકકુમાર પટેલ, ઐશ્વર્યા નાઈક, નિહાલ પટેલ, હેનીશ જરીવાલા, સીમરન અરોરાએ અભિનયનો કસબ પાથર્યો છે. જ્યારે ફિલ્મનું સુમધુર સંગીત મૃણાલ મડે દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. મૃણાલ મડેના સુમધુર સંગીતમાં તૈયાર કરવામાં આવેલા કુલ ૪ કર્ણપ્રિય ગીતોને જાણીતી ગાયિકા એશ્વર્યા મજમુદાર, ઓસમાણ મીર તેમજ પાર્થ ઓઝાએ તેમનો કંઠ આપ્યો છે.

# ખેલફલક

જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...



## ઝૂલન ગોસ્વામીના સન્માનમાં પોસ્ટેજ સ્ટેમ્પ જાહેર કરાઈ



આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં સૌથી વધુ ૧૬૯ મેચમાં ૨૦૩ વિકેટો લેનાર ઝૂલનના સન્માનમાં ટિકિટ જાહેરભારતમાં ક્રિકેટનુ ખૂબ જ મહત્વ છે પરંતુ મહિલા ક્રિકેટ મેચમાં લોકો એટલો રસ નથી દાખવતા. જોકે, છેલ્લા એકાદ વર્ષમાં મહિલા ક્રિકેટ મેચ જોનાર વર્ગ પણ વધ્યો છે. તેમજ મહિલા ક્રિકેટરોનુ પણ વર્ચસ્વ જોવા મળ્યુ છે. ખાસ કરીને ગત વર્ષે મહિલા ક્રિકેટ વર્લ્ડકપમાં જ્યારે ભારતની મહિલા ક્રિકેટ ટીમે શાનદાર પ્રદર્શન કર્યુ હતું. જેના કારણે ભારતમાં મહિલા ક્રિકેટ મેચ જોનાર વર્ગ પણ વધ્યો. જોકે આ વર્લ્ડકપમાં ભારતે ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે હારનો સામનો કરવો પડયો હતો, પરંતુ તેમ છતા મહિલા ક્રિકેટ ટીમની આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ પ્રશંસા થઈ હતી. ભારતીય મહિલા ક્રિકેટર્સની વધતી મહત્વતાના સંકેત ત્યારે મળ્યા જ્યારે વન-ડે ક્રિકેટમાં સર્વાધિક વિકેટ લેનાર ભારતીય મહિલા

અનુસંધાન પાન નં.૬ ઉપર

## દિલ્હીના કેપ્ટન પદેથી અંતે ગૌતમ ગંભીરનું રાજીનામું



**શ્રેયસ ઐયરની કેપ્ટન તરીકે પસંદગી કરાઈ**

આઈપીએલની ૧૧મી સિઝનમાં દિલ્હી ડેર ડેવિલ્સના સતત કંગાળ દેખાવ બાદ આખરે અનુભવી બેટ્સમેન ગૌતમ ગંભીરે કેપ્ટન પદેથી રાજીનામું આપી દીધુ છે. ગૌતમ ગંભીરની જગ્યાએ તરત જ શ્રેયસ ઐયરની કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે. દિલ્હી હવે શુક્રવારના દિવસે દિનેશ કાર્તિકના નેતૃત્વમાં કોલકતા નાઈટ રાઈડર્સ સામે ટકરાશે. ગંભીર કેપ્ટન બન્યા બાદ લાગી રહ્યું હતું કે દિલ્હીનો દેખાવ સુધરશે પરંતુ દિલ્હીનો દેખાવ સતત કંગાળ રહ્યો હતો. દિલ્હીએ આ સિઝનમાં છ મેચો રમી છે જે પૈકી માત્ર એકમાં જીત થઈ છે. ગંભીરે કેપ્ટનશીલ છોડી દીધા બાદ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે આ તેનો અંગત નિર્ણય છે. તે ટીમ માટે વધારે યોગદાન આપી શક્યો નથી. તેને નેતૃત્વ કરવાના ભાગરૂપે જવાબદારી લેવાની જરૂર હતી. આ જ યોગ્ય સમય છે. ટીમના નવા કેપ્ટન ૨૩ વર્ષીય શ્રેયસ ઐયરે આઈપીએલની વર્તમાન સિઝનમાં છ મેચોમાં ૩૭ રનની સરેરાશ સાથે ૧૫૧ રન બનાવ્યા છે. જેમાં બે અડધી સદી સામેલ છે. તેનો સર્વશ્રેષ્ઠ દેખાવ ૫૭ રનનો રહ્યો છે. પોતાની છેલ્લી મેચમાં શ્રેયસે અડધી સદી ફટકારી હતી. આ ઉપરાંત વિરાટ કોહલીના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની સામે પણ બાવન રનની ઈનીંગ્સ રમી હતી. ગૌતમ ગંભીર પહેલા કોલકતા નાઈટ રાઈડર્સના કેપ્ટન તરીકે હતો. તેના નેતૃત્વમાં કોલકતા બે વખત આઈપીએલ ચેમ્પિયન બની હતી.

આ વર્ષે શાહરૂખખાનની માલિકીની કોલકતા ટીમે તેને જાળવ્યો ન હતો. જેના કારણે દિલ્હી ડેરડેવીલ્સે તેની પસંદગી કરી હતી. પોઈન્ટ ટેબલમાં દિલ્હીની ટીમ છેલ્લા સ્થાન ઉપર છે. સ્ટાર બેટ્સમેન ગૌતમ ગંભીરે આઈપીએલની ૧૧મી સિઝનમાં હજુ સુધી છ મેચોમાં પાંચ ઈનિંગ્સમાં માત્ર ૮૫ રન બનાવ્યા છે. આ ગાળા દરમિયાન તેની સરેરાશ માત્ર ૧૭ રનની રહી છે.

## આઈપીએલ-૧૧ : ધોનીની બેટિંગથી ચાહકો રોમાંચિત

**આઠ મેચોમાં હજુ સુધી ૨૮૬ રન બનાવ્યા**

**ટીમ સ્પીરીટ**

કેપ્ટન કુલના નામથી લોકપ્રિય મહેન્દ્રસિંહ ધોની જ્યારે વિકેટ ઉપર હોય છે ત્યારે કરોડો ચાહકોને તેમની પાસેથી રોમાંચક અપેક્ષા રહે છે. કેટલાક મોટા શોર્ટ પણ જોવા મળે છે. ભારતને પોતાની કેપ્ટનશીપમાં વર્લ્ડકપ અપાવી ચુકેલા ધોની એક સમયે ટિકાકારોની ટિપ્પણી હેઠળ આવી ગયો હતો પરંતુ વર્તમાન આઈપીએલમાં તેની બેટિંગથી તમામને જવાબ મળી ગયા છે. ધોનીએ દિલ્હી ડેરડેવિલ્સની સામે ગઈકાલે આઈપીએલની એક મેચમાં ઝંઝાવતી ૫૧ રન ફટકાર્યા હતા. ૨૨ બોલમાં બે ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા હતા. તેની આ ઈનિંગ્સ જોઈને તમામ લોકો રોમાંચિત થઈ ગયા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સનું નેતૃત્વ કરી રહેલા ૩૬ વર્ષીય ધોની આઈપીએલની આ સિઝનમાં ધરખમ દેખાવ કરી રહ્યો છે. તે હજુ સુધી આઠ મેચોમાં ૨૮૬ રન બનાવી ચુક્યો છે જેમાં ત્રણ અડધી સદી સામેલ છે. તેનો સ્ટ્રાઈકરેટ ૧૬૯ રનનો રહ્યો છે. આ સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની યાદીમાં તે ટોપ પાંચમાં છે. ચેન્નાઈના અંબાતી રાયડુએ આ યાદીમાં સૌથી વધુ ઉપર રહીને આઠ મેચોમાં ૩૭૦ રન બનાવ્યા છે. કેપ્ટનશીપની વાત કરવામાં આવે તો ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈની ટીમ સતત શાનદાર દેખાવ કરી રહી છે. હજુ સુધી આઠ મેચો પૈકી છમાં જીત મેળવી છે. ચેન્નાઈના નેટ રનરેટનો આંકડો પણ સૌથી વધારે છે. ચેન્નાઈને ધોનીના નેતૃત્વમાં બે વખત ચેમ્પિયન બનાવવામાં સફળતા મળી છે. છેલ્લી સિઝનમાં રાઈઝિંગ પુણે ટીમ તરફથી ધોની રમ્યો હતો અને કેપ્ટન તરીકે હતો પરંતુ ખરાબ ફોર્મના



કારણે તે ૧૬ મેચોમાં ૨૯૦ રન બનાવી શક્યો હતો. તે પહેલાની સિઝનમાં ૧૪ મેચોમાં ધોનીએ ૨૮૪ રન કર્યા હતા.

મહેન્દ્રસિંહ ધોનીની બેટિંગ ઉપર નજર કરવામાં આવે તો છેલ્લી બે આઈપીએલની સરખામણીમાં આ વખતે તેનો દેખાવ જોરદાર રહ્યો છે. છેલ્લી ત્રણ આઈપીએલમાં તેનો દેખાવ નીચે મુજબ છે.

**આઈપીએલમાં ધોની...**

| આઈપીએલ | રન |
|---|---|
| આઈપીએલ-૧૧ | ૨૮૬ (૮ મેચ) |
| આઈપીએલ-૧૦ | ૨૯૦ (૧૬ મેચ) |
| આઈપીએલ-૯ | ૨૮૪ (૧૪ મેચ) |

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.અત્યાર સુધી કોમનવેલ્થ ગેમ્સના ઈતીહાસમાં ટેબલ ટેનીસમાં ‘વિમેન્સ સીંગલ્સ’ માં ભારતને સૌ પ્રથમ ગોલ્ડમેડલ અપાવનાર ભારતીય મહિલા ખેલાડી કોણ ?

૨. કોમનવેલ્થ બેડમીન્ટનની ‘વીમેન્સ સીંગલ્સ’ ના ઈતિહાસમાં પહેલી જ વખત ઓલ ઈન્ડિયન ફાઈનલ મેચ કયારે રમાઈ હતી ?

૩. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને સૌથી વધુ ચંદ્રકો અપાવનાર ખેલાડીઓ કયા રાજયના હતા ?

૪. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ આયોજન સમિતિના પ્રમુખ કોણ હતા?

૫. ૨૦૨૨ બર્મીંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં કેવી રમત નીકળી જાય એવી શકયતા છે ?

૬. દીપીકા પલ્લીકલ અને જોશના ચિનપ્પાની જોડી કઈ રમતની આંતરરાષ્ટ્રીય જોડી છે ?

૭.‘વીરાટ કોહલી ક્રિકેટ જગતનો ક્રિસ્ટીયાનો રોનાલ્ડો છે’ હાલમાં જ આ વિધાન કોણે કર્યુ હતું ?

૮.હાલમાં ઈન્ડિયન ઓલિમ્પિક એસોસીએશનના પ્રમુખ કોણ છે ?

૯. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના ૨૬ માંથી કેટલા ગોલ્ડમેડલ શુટીંગની રમતમાં હતા ?

૧૦. આ વર્ષે આઈપીએલ ૧૧ માં પ્રથમ સદી કરનાર ખેલાડી કોણ ?

૧૧.હાલમાં જ ગુજરાતના કયા ટેબલ ટેનીસ ખેલાડીની ‘અર્જુન એવોર્ડ’ માટે ભલામણ ટેબલ ટેનીસ ફેડરેશન ઓફ ઈન્ડીયાએ ભારત સરકારે કરી હતી ?

૧૨. હાલમાં જ પૂર્ણ થયેલ ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ટેબલ ટેનિસમાં સૌથી વધુ ચંદ્રકો જીતનાર ભારતીય મહિલા ખેલાડી કોણ ?

૧૩. આ વર્ષે આઈપીએલ ૧૧ માં બીજી સદી કરનાર ખેલાડી કોણ ?

**જવાબ :**

૧.અત્યાર સુધી કોમનવેલ્થ ગેમ્સના ઈતીહાસમાં ટેબલ ટેનીસમાં ‘વિમેન્સ સીંગલ્સ’ માં ભારતને સૌ પ્રથમ ગોલ્ડમેડલ અપાવનાર ભારતીય મહિલા ખેલાડી માનિકા બત્રા છે.

૨. કોમનવેલ્થ બેડમીન્ટનની ‘વીમેન્સ સીંગલ્સ’ ના ઈતિહાસમાં પહેલી જ વખત ઓલ ઈન્ડિયન ફાઈનલ મેચ ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં રમાઈ હતી.

૩. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને સૌથી વધુ ચંદ્રકો અપાવનાર ખેલાડીઓ હરીયાણા રાજયના હતા.

૪. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ આયોજન સમિતિના પ્રમુખ પીટર બીટ્ટુ હતા.

૫. ૨૦૨૨ બર્મીંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં શુટીંગની રમત નીકળી જાય એવી શકયતા છે.

૬. દીપીકા પલ્લીકલ અને જોશના ચિનપ્પાની જોડી સ્કવોશ રમતની આંતરરાષ્ટ્રીય જોડી છે.

૭.‘વીરાટ કોહલી ક્રિકેટ જગતનો ક્રિસ્ટીયાનો રોનાલ્ડો છે’ હાલમાં જ આ વિધાન વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર ડવેન બ્રાવોએ કર્યું હતું.

૮.હાલમાં ઈન્ડિયન ઓલિમ્પિક એસોસીએશનના પ્રમુખ શ્રી નરેન્દ્ર બત્રા છે.

૯. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના ૨૬ માંથી ૭ ગોલ્ડમેડલ શુટીંગની રમતમાં હતા.

૧૦. આ વર્ષે આઈપીએલ ૧૧ માં પ્રથમ સદી કરનાર ખેલાડી કીંગ્સ ઈલેવન પંજાબના વેસ્ટ ઈન્ડિઝના લેજન્ડરી ખેલાડી ક્રીસ ગેલ હતા.

૧૧.હાલમાં જ ગુજરાતના હરમીત દેસાઈ નામના ટેબલ ટેનીસ ખેલાડીની ‘અર્જુન એવોર્ડ’ માટે ભલામણ ટેબલ ટેનીસ ફેડરેશન ઓફ ઈન્ડીયાએ ભારત સરકારે કરી હતી.

૧૨. હાલમાં જ પૂર્ણ થયેલ ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ટેબલ ટેનિસમાં સૌથી વધુ ચંદ્રકો જીતનાર ભારતીય મહિલા ખેલાડી માનીકા બત્રા-૨ ગોલ્ડમેડલ, ૧ સીલ્વર મેડલ તથા ૧ બ્રોન્ઝમેડલ જીત્યા હતા.

૧૩. આ વર્ષે આઈપીએલ ૧૧ માં બીજી સદી કરનાર ખેલાડી ચેન્નાઈ સુપર કીંગ્સના ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર શેન વોટસન હતા.

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

## ટેસ્ટ મેચ રમતાં દેશોનો સૌ પ્રથમ ટેસ્ટ વિજય

**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા

ટેસ્ટ ક્રિકેટમાં વિજય મેળવવો એ એક ગૌરવની વાત બને છે પરંતુ જયારે સૌ પ્રથમવાર ટેસ્ટ મેચ રમતા વિજય પ્રાપ્ત થાય તો તે સિદ્ધિ કહેવાય છે. ટેસ્ટમાં કયારેક પ્રથમ વિજય મેળવવા માટે થોડી રાહ પણ જોવી પડે છે.

ટેસ્ટ ક્રિકેટની શરૂઆત ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયાના દેશોએ ૧૮૭૭ માં કરી હતી. સૌ પ્રથમ ટેસ્ટ મેચ ૧૫ મી માર્ચ-૧૮૭૭ થી ૧૯ માર્ચ-૧૮૭૭ દરમિયાન ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયા વચ્ચે રમાઈ હતી. આ ટેસ્ટમાં સૌ પ્રથમ વિજય ઓસ્ટ્રેલીયાએ માત્ર પાંચ જ દિવસ માં પ્રાપ્ત કર્યો હતો અને આ વિજય ઓસ્ટ્રેલીયાએ પોતાની પ્રથમ મેચ રમતા જ પ્રાપ્ત કર્યો હતો.

ત્યારબાદ ઈંગ્લેન્ડની ટીમે પોતાનો પ્રથમ ટેસ્ટ મેચ વિજય ૪થી એપ્રિલ ૧૮૭૭ ના રોજ પોતાની બીજી ટેસ્ટ મેચમાં મેળવ્યો હતો. ઈંગ્લેન્ડને પોતાનો પ્રથમ વિજય મેળવવાને માટે માત્ર ૨૦ દિવસ જ રાહ જોવી પડી હતી.

ત્યારબાદ દક્ષિણ આફ્રિકાએ ૧૨ માર્ચ, ૧૮૮૯ ના રોજ ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ મેળવ્યો. પરંતુ દક્ષિણ આફ્રિકાને પોતાનો પ્રથમ ટેસ્ટ મેચ વિજય મેળવવાને માટે ૫ વર્ષ ૨૮૯ દિવસની રાહ જોવી પડી હતી. દક્ષિણ આફ્રિકા પોતાની ૧૨ મી ટેસ્ટ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ રમતા ૪થી જાન્યુઆરી ૧૯૦૬ ના રોજ પોતાનો પ્રથમ ટેસ્ટ મેચ વિજય મેળવ્યો હતો.

વેસ્ટ ઈન્ડીઝે ૨૩ જુન, ૧૯૨૮ ના રોજ ટેસ્ટમાં પ્રવેશ મેળવ્યો હતો.તેમને પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય મેળવવાને માટે ૧ વર્ષ, ૨૪૮ દિવસની રાહ જોવી પડી હતી. વેસ્ટ ઈન્ડીઝે પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય ૧૬ મી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે ૨૬ ફેબ્રુઆરી – ૧૯૩૦ ના રોજ મેળવ્યો હતો.ત્યારબાદ ન્યુઝીલેન્ડે ૧૦ જાન્યુઆરી, ૧૯૩૦ ના રોજ ટેસ્ટમાં પદાર્પણ કાર્ય બાદ પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય ૨૬ વર્ષ, ૬૨ દિવસે પોતાની ૪૫મી ટેસ્ટમાં મેળવ્યો હતો. ન્યુઝીલેન્ડે ૧૩ માર્ચ ૧૯૫૬ ના રોજ વેસ્ટ ઈન્ડીઝ સામે પોતાનો પ્રથમ વિજય મેળવ્યો હતો.

૨૫ જુન ૧૯૩૨ના રોજ ભારતે ટેસ્ટ ક્રીકેટમાં પ્રવેશ મેળવ્યા બાદ પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય ૧૯ વરસ ૨૩૦ દિવસે ઈંગ્લેન્ડ સામે મેળવ્યો હતો.ભારતે પોતાનો પ્રથમ વિજય ૧૦ ફેબ્રુઆરી ૧૯૫૨ ના રોજ પ્રાપ્ત કર્યો હતો. ભારતની ૨૫મી ટેસ્ટ મેચ હતી.

પાકિસ્તાને ૧૬ ઓકટોબર – ૧૯૫૨ ના રોજ ટેસ્ટમાં પ્રવેશ મેળવ્યા બાદ પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય ભારત સામે ૨૬ ઓકટોબર ૧૯૫૨ ના રોજ મેળવ્યો હતો.

પાકિસ્તાનને પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય મેળવવાને માટે માત્ર ૧૧ દિવસમાં પોતાની બીજી ટેસ્ટમાં મેળવ્યો હતો.

શ્રીલંકાએ પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય ત્રણ વર્ષ ૨૦૬ દિવસે મેળવ્યો હતો. ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૨માં ટેસ્ટ મેચમાં પ્રવેશ મેળવ્યા બાદ ભારત સામેની ૧૧ સપ્ટેમ્બર , ૧૯૮૫ ના રોજ પોતાની ૧૪ મિ ટેસ્ટમાં પ્રથમ વિજય મેળવ્યો હતો.

૧૮ ઓકટોબર-૧૯૯૨ માં ટેસ્ટ દરજ્જો મેળવનાર ઝીમ્બાબ્વેની ટીમે પાકિસ્તાન સામે ૪ થી ફેબ્રુઆરી ૧૯૯૫ ના રોજ પોતાની ૧૧મી ટેસ્ટ મેચ રમતા પ્રથમ વિજય મેળવ્યો હતો. ઝીમ્બાબ્વેને પોતાનો પ્રથમ વિજય મેળવવાને માટે ૨ વરસ ૧૦૯ દિવસની રાહ જોવી પડી હતી.

૧૦ નવેમ્બર – ૨૦૦૦ની સાલમાં ટેસ્ટ મેચોમાં પ્રવેશ મેળવનાર બાંગ્લાદેશની ટીમે પોતાનો સૌ પ્રથમ ટેસ્ટમાં વિજય ઝીમ્બાબ્વે સામે મેળવ્યો હતો.

બાંગ્લાદેશે પોતાનો પ્રથમ ટેસ્ટ વિજય ૧૦ જાન્યુઆરી ૨૦૦૫ ના રોજ ચાર વરસ ૬૧ દિવસે પોતાની ૩૫ મી ટેસ્ટમાં મેળવ્યો હતો.

-કમલેશ કંસારા

## આઈપીએલ-૧૧ : ડિવિલિયર્સે ટુર્નામેન્ટનો સૌથી લાંબો છગ્ગો ફટકાર્યો

**ટર્નીંગ પોઈન્ટ**



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ની બેટસમેન અબ્રાહમ ડિવિલિયર્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૧૮નો સૌથી લાંબો છગ્ગો ફટકાર્યો હતો. ૨૫મી એપ્રિલને બુધવારના રોજ બેંગલુરૂના એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સની વિરુદ્ધ ડિવિલિયર્સે આ કારનામું કર્યું. તેણે મિડ-ઑન ક્ષેત્રમાં ૧૧૧ મીટરનો છગ્ગો ફટકાર્યો. આઈપીએલ ૨૦૧૮મા બીજો સૌથી લાંબો છગ્ગો (૧૦૬) મીટરનો ડિવિલિયર્સના જ નામે છે, જે તેમણે મુંબઈ ઈન્ડિયન્સની વિરૂદ્ધ માર્યો હતો. ત્રીજા નંબર પર કોલકત્તા નાઈટ ટાઈડર્સના આંદ્ર રસેલ (૧૦૫ મીટર), ચોથા નંબર પર ક્ક્ક્ઈના જ ક્રિસ લિન (૧૦૩ મીટર), પાંચમા નંબર પર ક્ક્ક્ઈના કેપ્ટન દિનેશ કાર્તિક (૧૦૨ મીટર)નો નંબર છે.

મેચમાં ટોસ જીતીને ચેન્નાઈના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ બેંગ્લોરને બેટિંગ માટે આમંત્રિત કર્યા. ક્વિંટન ડિ કોક અને વિરાટ કોહલીની સલામી જોડીએ ઝડપી રન બનાવ્યા. ૫મી ઓવરના બીજા બોલ પર વિરાટ કોહલી આઉટ થયો. શાર્દુલ ઠાકુરના બોલ પર રવિન્દ્ર જાડેજાએ કેચ પકડતા પહેલાં તેમણે ૧૫ બોલમાં ૧૮ રન બનાવ્યા. ત્યારબાદ ડિ કોક અને ડિવિલિયર્સે તોફાની અંદાજમાં બેટિંગ શરૂ કરી દીધી. ડિવિલિયર્સ પોતાના અંદાજમાં રમતો દેખાયો. ૩૭ બોલમાં ૫૩ રન બનાવ્યા બાદ ડિ કોકને ડ્વેન બ્રાવોએ પોતાના બોલ પર કેચ કરી દીધો.

## ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસની મેચોના કાર્યક્રમની જાહેરાત કરાઈ

આ વર્ષના અંતે ભારત ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ચાર ટેસ્ટ, ત્રણ વનડે અને ત્રણ ટી ટવેન્ટી શ્રેણી રમશે

આ વર્ષના અંત સુધીમાં ભારતને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાનું છે. જયાં ભારત ટેસ્ટ, વનડે અને ટી ટવેન્ટી સીરીજ રમશે. આ પ્રવાસ પર ભારત ઓસ્ટ્રેલિયાની વચ્ચે ટેસ્ટ મેચ રમશે. આ પ્રવાસ પર બંન્ને ટીમો વચ્ચે મેચ ૨૦ નવેમ્બરથી શરૂ થશે.જે ૨૦૧૯ની ૧૮ જાન્યુઆરી સુધી ચાલશે. આ પ્રવાસની શરૂઆત ટી ટવેન્ટીથી થશે ત્યારબાદ ટેસ્ટ અને અંતમાં વનડે મેચ રમાશે.

બોર્ડર ગાવસ્કર સીરીજની પહેલી ટેસ્ટ છ ડિસેમ્બરે એડિલેડમાં રમાશે. પરંતુ આ ડે નાઈટ ટેસ્ટ હશે નહીં. કારણ કે બીસીસીઆઈ પિંક બોલનો ઉપયોગ કરવા તૈયાર નથી.આ દરમિયાન સીએના સીઈઓ જેમ્સ સદરલૈંડે કહ્યું કે એડિલેડમાં ડે નાઈટ ટેસ્ટ રમવા માટે બીસીસીઆઈથી વાતચીત ચાલી રહી છે.

સદરલૈંડે કહ્યું કે આ અમારી પ્રાથમિકતા છે કે અમે એડિલેડમાં ડે નાઈટ ટેસ્ટ મેચ રમીએ પરંતુ અમે હજુ પણ તેના પર કામ કરી રહ્યાં છીએ અને આશા છે કે આગામી કેટલાક અઠવાડીયામાં અમને આ બાબતમાં જવાબ મળી જશે. ભારતે અત્યાર સુધી દુધિયા રોશનીમાં ટેસ્ટ મેચ રમી નથી પરંતુ અટકળો લગાવવવામાં આવી રહી છે કે તે આ વર્ષના અંતમાં વેસ્ટ ઈન્ડિઝની વિરૂધ્ધ દિવસ રાત્રી ટેસ્ટ મેચ રમી શકે છે.

આ પહેલા ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધી પિંક બોલથી રમાયેલ ચારેય ટેસ્ટ મેચ જીતી છે. જયારે ભારતે અત્યાર સુધી પિંક બોલથી ટેસ્ટ રમી નથી

ભારતના ઓસ્ટ્રેલિયાના પ્રવાસનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

પહેલી ટી ટવેન્ટી નવેમ્બર ૨૦ ગાબા બ્રિસબેન, ૨૩ નવેમ્બર બીજી ટી ટવેન્ટી મેલબર્ન, ત્રીજી ટી ટવેન્ટી ૨૫ નવેમ્બર સિડની,

**ટેસ્ટ સીરીજ**

પહેલી ટેસ્ટ ૬-૧૦ એડિલેડ ઓવર,

બીજી ૧૪-૧૮ ડિસેમ્બર પર્થ,

ત્રીજી ૨૬-૩૦ ડિસેમ્બર મેલબર્ન,

ચોથી ટેસ્ટ ૩-૭ જાન્યુઆરી સિડની,

**વનડે સીરીજ**

પહેલી સિડની ૧૨ જાન્યુઆરી,

બીજી ૧૫ જાન્યુઆરી ઓવલ,

ત્રીજી જાન્યુઆરી ૧૮ મેલબર્ન.

## આવતા વર્ષે આઈપીએલ ભારતમાં નહીં રમાય..??

ભારાતમાં આઈપીએલના ચાહકો માટે ખરાબ સમાચરા છે. આગામી વર્ષે એટલે કે ૨૦૧૯માં રમાનારી આઈપીએ ટૂર્નામેન્ટ ભારતની બહાર રમાઈ શકે તેવી શક્યતા છે. જાણકારી અનુસાર આગામી વર્ષે આઈપીએલની તારીખો જો લોકસભાની ચૂંટણી સાથે ટકરાશે તો ટૂર્નામેન્ટનું આયોજન UAEમાં થઈ શકે છે.

આઈપીએલની ૧૨મી સીઝન આગામી વર્ષે ૨૯ માર્ચથી ૧૯ મેની વચ્ચે થવાની છે. પરંતુ બીસીસીઆઈ એ વાતથી વાકેફ છે કે તે સમયગાળામાં લોકસભાની ચૂંટણી પણ આવી શકે છે.

જરૂરત પડયે આઈપીએલનું આયોજન યૂએઈમાં થઈ શકે છે. અધિકારીએ કહ્યું કે, યૂએઈનો સમયગાળો ભારતીય દર્શકોને અનુકૂળ છે.જાણકારી અનુસાર UAEમાં મેચ ત્રણ સ્થળ શારજાહ, દુબઈ અને અબુધાબીમાં યોજાઈ શકે છે. જો આપીએલ આ દેશમાં થાય તો આ ત્રણેય સ્થળ પર મેચ રમાવાની શક્યતા છે.આ પહેલા પણ સામાન્ય ચૂંટણીને કારણે બે વખત આઈપીએલ મેચ વિદેશમાં રમાડવામાં આવ્યા હતા. ચૂંટણીને કારણે ૨૦૦૯માં દક્ષિણ આફ્રીકામાં આઈપીએલનું આયોજન થયું હતું જ્યારે ૨૦૧૪માં પ્રથમ તબક્કાના મેચનું આયોજન યૂએઈમાં કરવામાં આવ્યું હતું.

**થરાદ ચાર...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

પર ટ્રાફિકની ભારે સમસ્યા વચ્ચે આ માર્ગે વાહનો તથા પ્રજાજનો અને બજારના કામકાજ અર્થે અવર-જવર કરતા લોકોની કાયમી ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે આ રસ્તો પહોળો કરી ચારમાર્ગીય બનાવવો આવશ્યક હોઈ તેને આગામી આયોજનમાં સમાવી કામગીરી ઝડપી કરવામાં આવે તેવી માંગણી પણ કરી હતી. છાશવારે જીવલેણ અકસ્માતો નોંતરતા આ માર્ગને પહોળો બનાવવા માટે પ્રજાજનો જનઆંદોલનની તૈયારી કરી રહ્યા હતા તે પૂર્વે રાજ્યમંત્રીએ પ્રજાજનોની લાગણી સમજીને સરકારમાં માંગણી કરતાં તેમનામાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

**થરા શ્રી ઓગડ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

આ પ્રસંગે મધુશીવ પ્રા.શાળાના દાતા હસમુખલાલ મહેતા રોહિતકુમાર મહેતા ઉદ્દ્ઘાટક તરીકે તથા કીર્તિસિંહ વાઘેલા- કાંકરેજ ધારાસભ્ય, ગેનીબેન ઠાકોર- વાવ ધારાસભ્ય, વરધીજી મકવાણા, પ્રમુખ - કાંકરેજ તાલુકા પંચાયત, વિનોદજી ઠાકોર પ્રમુખ - પાલિકા કીર્તિલાલ શાહ- પૂર્વ પ્રમુખ કે.મંડળ પાલિકા- થરા કે.કે. શાહ આર્ટસ કોલેજ દાતા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેલ. પ્રાર્થના ખંડના દાતા રજનીભાઈ વી.શેઠ પોતાની જાપાનની ટીકીટ રદ કરાવી મુંબઈથી આ કાર્યક્રમમાં હાજર રહેતા તેમની આ ભાવનાને સૌ કોઈએ બિરદાવી હતી.

આ પ્રસંગે દાનવીર દાતા- પરિવાર શૈલેષભાઈ શાહ, સેવંતીલાલ સુરાણી, અમૃતભાઈ વી.આલ, ચુનીલાલ ગુંજારીયા, રાજેશકુમાર સોની, હસમુખલાલ ઝવેરી, પીંકેશકુમાર સુરાણી, નિશીથકુમાર ધાણધારા, નીતિનકુમાર ગાંધી, અક્ષયકુમાર મહેતા, ભૂપેન્દ્રકુમાર ધાણધારા, મંડળ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના નવનિયુક્ત સભ્ય પુરણસિંહ વાઘેલા, ભૂપતાજી ઠાકોર નેકારીયા દિનેશભાઈ મહેતા, નિરંજનભાઈ ઠક્કર, છનાભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ - કેળવણી મંડળ- દિનેશભાઈ ધાણધારા (વકીલ), અરવિંદ ભાઈ શાહ, ડૉ. હેમરાજભાઈ પટેલ, હર્ષદભાઈ જે.શાહ, દિલીપભાઈ શાહ, અશ્વિન ભાઈ ગાંધી, જીતુભાઈ ધાણધારા, સારાલાલ શાહ, મયંકભાઈ ઝવેરી, ગણેશભાઈ દેસાઈ, યશપાલસિંહ વાઘેલા, ચંદુજી વી.ઠાકોર, મહોબતસિંહ વાઘેલા, કપુરજી ઠાકોર, અમરતજી કાકરેચા, ચીનુભાઈ જગાણી, ઉમેદભાઈ જગાણી, સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ગ્રામજનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની કળાને પ્રોત્સાહિત કરેલ.

પ્રમુખ ધીરજભાઈ શાહે દાતાઓના દાનની સરવાણીને વધાવી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ તેમના દાનથી આગળ વધી રહેલ કાર્યની જાણકારી આપી હતી ને ઉપસ્થિત મહાનુભાવોએ પોતાનો અમુલ્ય સમય ફાળવી હાજર રહ્યા તેને બિરદાવ્યું હતું.

કાર્યક્રમનું સુંદર સંચાલન એચ.પી.શાહ ટીમે તથા આભારવિધિ આચાર્ય અશોકભાઈ વાલાણીએ કરી હતી.

**દહેજ ખાતે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યારે વાગરા તાલુકાના જાણીતા દહેજ બંદર ખાતે પાદરિયા વિસ્તારમાં બંધાયેલ નવિન આંગણવાડી કેન્દ્ર તેમજ પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે બંધાયેલ નવા આંગણવાડી કેન્દ્રનું ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીના વરદ હસ્તે લોકાર્પણ કરાયું હતું.આ અવસરે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ દહેજના દલિત વાસના બાબા સાહેબ આંબેડકર ચોકમાં નવા નાખવામાં આવેલ પેવરબ્લોકનું પણ લોકાર્પણ કરાવ્યું હતું અને એક કરોડ પાંત્રીસ લાખના ખર્ચે બંધાનાર દહેજ - ભૂતનાથ ટેમ્પલ રોડનો પણ વિધિવત રીતે શિલાન્યાસ કરાવ્યો હતો.

દહેજ ખાતે આ નવા વિકાસકામોના લોકાર્પણ અને ખાતર્મુહુત સંપન્ન કરાવ્યા બાદ ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ રાજયની ભાજપ સરકારના પારદર્શક વહીવટ તેમજ વંચીતોના વિકાસની નેમ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો.આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ,અધિકારીઓ તેમજ પ્રજાજનોએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમની મુક્તકંઠે સરાહના કરી હતી.

**વૈજ્ઞાનિકો કરતાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિક ડૉ.એફ.કે. ચૌધરી, ડૉ.લલીતભાઈ મગરવાડીયા (પશુપાલન નિયામક- પાલનપુર), તાલુકા વિકાસ અધિકારી એ.એમ. પરમાર, તા. અમલીકરણ અધિકારી એમ. આર.ચૌધરી, વિ.એ.ખેતી જી.એ.ઠાકોર, બુથ ટેકનોલોજી મેનેજર રોહિતભાઈ વાઘેલા, આદર્શ ખેડુત ભિખાજી સોલંકી, મેઘરાજભાઈ ચૌધરી (કબીરપુરા) એ પ્રાસંગિક ઉદ્દ્બોધન કરી ખેડુતોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા વડગામ તાલુકામાં કૃષિક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર આદર્શ ખેડુત ભિખાજી સોલંકી, મેઘરાજભાઈ ચૌધરી (કબીરપુરા) વગેરેનું સન્માન કર્યું હતું. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન, ડિરેક્ટરોના વરદ્ હસ્તે કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લા અને તાલુકા ખેતીવાડી વિભાગોના અધિકારીઓનું સન્માન કરાયું હતું.

સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી જયોત્સનાબેન લિમ્બાચિયા, તા. આરોગ્ય અધિકારી ડૉ.વિ.એ.ગઢવી, પૂર્વ પ્રમુખ પ્રેમજીભાઈ ભુતડીયા, ડિરેક્ટર પરથીભાઈ લોહ, તા. ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, જિ.કિસાન મોરચા ઉપપ્રમુખ કાંનજીભાઈ જી.ધુળીયા, તા. કિસાન મોરચા મહામંત્રી લક્ષ્મણભાઈ એમ. મહીવાલ(નાનોસણા), વિરાભાઈ પ્રજાપતિ (હડમતીયા), સેક્રેટરી માંઘજીભાઈ ધુળીયા, ચેતનભાઈ ગોળ વગેરે અગ્રણીઓ ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કૃષિને લગતા જુદા જુદા સ્ટોલોએ આકર્ષણ જમાવ્યું હતું. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન રતુભાઈ ગોળ, અભેરાજભાઈ ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન તાલુકા ખેતીવાડી વિભાગ દ્વારા કરાયું હતું.

**થરાદ તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આગામી ચોમાસામાં કોઇ પણ પ્રકારનું નુકશાન કે જાનહાનિ થશે તો તેની જવાબદારી ગુજરાત સરકારની રહેશે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી. કચેરી દ્વારા આવેદનપત્ર સ્વીકારી ઉચ્ચ સ્તરે મોકલી આપવાની ખાત્રી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં બનાસકાંઠાના વહીવટીતંત્ર અને થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ ગામોમાં પુનઃર્વસનની કામગીરીને લઈને બેઠક પણ યોજાઈ હતી.

**ડીસા ખાતે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાએ ઉપસ્થિત ખેડૂતોને સરકારની કૃષિલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ કિસાન કલ્યાણ મહોત્સવમાં ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત સરકારના વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ પણ સરકાર દ્વારા ખેડૂતો માટે અમલી બનાવાયેલી વિવિધ યોજનાઓ ઉપર પ્રકાશ પાડી આ યોજનાઓનો લાભ લેવા ખેડૂતોને આહવાન કર્યું હતું.

આ પ્રસંગે કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર ડીસા તાલુકાના પ્રગતિશીલ ખેડૂતોનું પણ ખાસ સન્માન કરાયું હતું. ડીસા તાલુકાના ચંદાજી ગોળીયા ગામના ખેડૂત ખેતાજી સોલંકીએ પોતે સાત વિઘા જમીનમાંથી ૧૪૦ ટન શક્કર ટેટીનું ઉત્પાદન કેવી રીતે મેળવ્યું તે વિશે ખેડૂતોને વિસ્તૃત જાણકારી આપી હતી.

આજે ડીસા ખાતે યોજાયેલા કિસાન કલ્યાણ મહોત્સવમાં ડીસા ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ દ્વારા પણ ઉપસ્થિત મહેમાનોના હસ્તે ખેડૂત ખાતેદારોને વીમા ક્લેઈમની સહાયના ચેકનું પણ વિતરણ કરાયું હતું.

**રાણપુરમાં સમયમર્યાદામાં...**

**પાના નં.૮ ચાલુ**

દ્વારા ડામર કામ કરી માત્ર મેટલ અને સિમેન્ટ પાથરી દઈ અધૂરું કામ કર્યું છે અને તેના કારણે સિમેન્ટની રંપી ઉડતા આજુબાજુના ખેતરોમાં પાકને પણ નુકશાન થઇ રહ્યું છે જે અંગે સ્થાનિક ગ્રામજનોએ વારંવાર રજુઆત કરવા છતાં હજુ સુધી રોડનું કામ પૂર્ણ કરાયું નથી જેથી જો રોડનું કામ તાત્કાલિક પૂર્ણ નહી થાય તો આંદોલનની ચીમકી ગામનાં આગેવાન નરસિંહભાઈ સાંખલા સહીતનાં ગ્રામજનો એ ઉચ્ચારી છે.

ગ્રામજનોની રજુઆતનાં પગલે અને આગામી સમયમાં રોડ નહી બને તો ગામમાંથી ખેતર તરફ જવું મુશ્કેલ બની શકે તેમ છે જેથી ગામનાં સરપંચ એ લેખિતમાં બે વાર જાણ કરી કામ જલદી પુર્ણ કરવા રજુઆત કરી છે છતાં આજદિન સુધી કામ શરૂ થયુ નથી. આ બાબતે સરપઁચ ચંદાબેન છેપા જણાવ્યું હતુ કે ગ્રામજનોની રજુઆતનાં પગલે અમે લેખિત રજુઆત કરી છે પરંતુ ટેન્ડરની શરત મુજબ કામ થયું નથી. ગ્રામજનો હજુ કામ પુર્ણ થયું નથી અને છ માસથી ગ્રામજનો હેરાન પરેશાન થઈ રહ્યાં છે.

આ મામલે ડીસા માર્ગ અને મકાન વિભાગ દ્વારા પણ કોન્ટ્રાક્ટરને વારંવાર નોટીસ આપવામાં આવી છે પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા નોટીસ ને પણ ધ્યાને લેવામાં આવી નથી અને રોડ કામ શરૂ કરાયું નથી..ત્યારે હવે કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની કાર્યવાહી કરવાનું અધિકારી બી.જે પટેલ એકીઝક્યૂટીવ ઈજનેર માર્ગ અને મકાન વિભાગ એ જણાવ્યું હતું અને વારંવાર નોટિસ આપ્યાનું અને સમયમર્યાદા પુર્ણ થયાનું ખુદ અધિકારી કબૂલી રહ્યાં છે.

**વડગામના પાંડવા...**

**પાના નં.૮ ચાલુ**

નથી અને જો પાવર આપવામાં આવે તો તેમાં ડીફોલ્ટ પાવર આપવાના કારણે ખેડૂતોને ખેતરમાં આવેલ ટ્યુબવેલની મોટરો તેમજ પેનલ વગેરેને મોટું નુકશાન થાય છે. મોટરો બળી જાય છે. અને પંખા, ટ્યુબ લાઈટો પણ ચાલતા નથી જેને લઈ ગઈકાલ તા.૨/૫/૨૦૧૮ બુધવારે ઉપરોક્ત દશ ગામોના વિજ ગ્રાહકો વડગામ ઉ.ગુ.કંપનીની કચેરી એ દોડી આવ્યા હતા. જ્યાં અધિકારીઓને લેખિત, મૌખિક રજુઆત કરી વડગામ મામલતદાર આર.એમ.ચાવડાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૫૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦- ૩૯૫૦૦
સોનુ તોલો ૩૧૮૦૦-૩૨૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૬૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૯૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૩૦૦૦-૩૧૫૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૬૦૦
લીબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૧૦૦૦-૧૧૫૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૮૦-૧૨૦
**ભીંડા ૫૦૦-૬૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૧૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૭૦૦
બાદશાહ બટાકા ૩૦૦-૩૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

**રાધનપુર પાલિકા...**

**પાના નં.૮ ચાલુ**

ટાવરો ઉભા કરી દેવામાં આવ્યા છે, કેટલાક ટાવરો તો રહેણાંક વિસ્તારોમાં શોપિંગ સેન્ટરોની છત ઉપર ઉભા કરી દેવામાં આવ્યા છે. આ ટાવરો રહીશો માટે ક્યારે આફત લઈને આવશે તેનો કોઈ ભરોસો નથી. આ ઉપરાંત આ ટાવરો ઉભા કરવામાં મોબાઈલ કંપનીઓ દવારા નગર પાલિકાની વિધિસર મંજૂરી લીધી છે કે નહિ તે બાબતની કોઈને ખબર નથી. જેથી પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમારે ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરીને શહેરમાં કુલ કેટલા મોબાઈલ ટાવરો આવેલા છે, તેની તપાસ કરીને મોબાઈલ કંપનીઓને તથા જમીનમાલિકોને નોટિસ કાઢીને કંપનીના એગ્રીમેન્ટની નકલો મેળવવા તેમજ આ તમામ ટાવરો કેટલા સમયથી નાખવામાં આવ્યા છે,અને યોગ્ય રીતે તપાસ કરીને તમામ ટાવરોને રાધનપુર નગરપાલિકાના આકારાણીપત્રકે દાખલ કરીને સરકારશ્રીના ધારાધોરણ મુજબ જેટલા સમયથી જમીનમાલિકો અને મોબાઈલ કંપનીઓ દ્વારા કરાર મુજબ જે તારીખથી નાખવામાં આવ્યા હોય તે તારીખથી આકારણી રજીસ્ટરે ચડાવીને વેરો વસુલ કરવા જણાવવામાં આવ્યું છે.આ અગાઉ પાલિકાના બાંધકામ સુપરવાઈઝર તેમજ ચીફ ઓફીસરને મૌખિકમાં રજૂઆત કરવામાં આવી હોવા છતાંય કોઈ પગલાં નહિ ભરાતાં લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.

**કેન્દ્રીય માર્ગ...**

**પાના નં.૮ ચાલુ**

હતા. ભોરોલ આવ્યા બાદ ગામના અગ્રણીઓ તથા જૈન સમાજના અગ્રણીઓએ તેમનું ઉષ્મા ભર્યુ સ્વાગત કર્યુ હતું. ગામની બાલીકાઓ દ્વારા સામૈયા સહ ઢોલ, નગારા સાથે મહેમાનોનુ સ્વાગત કરાયુ હતું. બાદમાં ગ્રામજનોની સભામાં તેઓનું પુષ્પ-ગુચ્છ અને શ્રુતી ચિન્હ આપી સન્માન કરાયુ હતું. ગ્રામજનોએ ભોરોલના કેટલાક વિકાસ લક્ષી પ્રશ્નોની રજુઆત કરી હતી. જેના પ્રત્યોત્તરમાં રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે તમામ પ્રશ્નોનું તાત્કાલીક નિરાકરણ આવે તેવી હૈયા ધારણા આપી હતી. જયારે રાજ્યમંત્રી મનસુખભાઈ માંડવીયાએ ભોરોલ તિર્થની ધરાના વખાણ કરતા જણાવ્યું હતું કે જૈન સમાજ કાયમી મહાજન છે, મહાજન હતુ અને મહાજન રહેશે. ભોરોલ વાસીઓએ મહાજનની છત્રછાયામાં કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. ગ્રામજનોની તકલીફોમાં આજસુધી જૈન સમાજ ખભેખભા મીલાવીને પડખે રહ્યો છે અને રહેશે. તેઓએ ભરતભાઈ સંઘવી સાથેની મિત્રતાને યાદ કરતા જણાવ્યું હતું કે તેઓનો પ્રેમજ મને ભોરોલ સુધી ખેંચી લાવ્યો છે. તેઓને આપેલુ વચન મે આજે પૂર્ણ કર્યુ છે. બાદમાં ભરતભાઈ સંઘવીએ પણ મહેમાનોનું અને ગ્રામજનોનો આભાર માનતા ગદગદીત હૈયે સૌને આવકાર્યા હતા. ત્યારબાદ મહેમાનોએ ભોજન લઈ વિદાય લીધી હતી.

**બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ...**

**પાના નં.૮ ચાલુ**

તેમજ એસોસીએશનના તમામ પડતી કાયદાકીય આંટીઘુટી માટે સ્ટડીસર્કલની વ્યવસ્થા કરવાની પણ જાહેરાત કરેલ. ઉપરોક્ત કાર્યક્રમમાં ધી ગુજરાત સેલ ટેક્ષ બારના ઉપપ્રમુખ તેમજ ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટના પ્રમુખ બકુલભાઈ શાહ અને ઉપપ્રમુખ શાંતિલાલ સી.ઠક્કરની વિશેષ ઉપસ્થિત રહેલ. તેમજ ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટના પ્રમુખ તેમજ તેઓએ નવીન વરણી થયેલ હોદ્દેદારોને શુભેચ્છા પાઠવેલ તેમજ બકુલભાઈ શાહ પણ ઉપસ્થિત રહેલ. ધી નોર્થ ગુજરાત ટેક્ષ પ્રેક્ટીશનર એસોસીએશનના પ્રમુખ જગદીશભાઈ એમ. વ્યાસ તેમજ મંત્રી પ્રધાનજી એસ.પરમાર પણ ઉપસ્થિત રહેલ અને શુભેચ્છા પાઠવેલ. તેમજ ધી ડીસા ટેક્ષબાર એસોસીએશનના પ્રમુખ જયેશભાઈ અ.ઠક્કર પણ હાજર રહેલ અને નવીન હોદ્દેદારોને શુભેચ્છા પાઠવેલ. તેમજ હાજર રહેલ તમામ સીનીયર સભ્યોએ નવીન વરણી થયેલ હોદ્દેદારોને શુભેચ્છા પાઠવેલ.

ડિસ્ટ્રીક્ટ ટેક્ષ પ્રેક્ટીશનર એસોસિયેશન અન્ય હોદ્દેદારોમાં - પ્રમુખ રાજુભાઈ એસ. ઠક્કર, ઉપપ્રમુખમાં નવિનભાઈ રાવલ, મુલચંદ એસ.ખત્રી, મંત્રીમાં નયનભાઈ રાવલ, ખજાનચીમાં હસમુખભાઈ દવે, અશોકભાઈ બી.ઠક્કર, ઓડિટરમાં દિનેશ ડી. કચ્છવા, તેમજ કમિટી સભ્યોમાં શાંતિલાલ સી. ઠક્કર, જગદીશ એમ. વ્યાસ, અમૃતલાલ પી. મેવાડા, સુરેશ એન.ઠક્કર, પ્રધાનજી એસ.પરમાર, રિજ્ઞેશ એન. વારડે, દિપકભાઈ આઈ. શાહ, સુભાષભાઈ એન. શાહ, શૈલેશભાઈ મહેસુરીયા, સતીષ એન. બનાવાલાની વરણી કરાઈ છે.

**ડીસા ગાયત્રી મંદિર ...**

**પાના નં.૮ ચાલુ**

તેમના જ વિસ્તાર હાલ ગંદકીમાં સબડી રહ્યો છે. અને અહી દર્દીઓની સાથે આવતા તેમના સગાઓ પણ બિમારીનો ભોગ બને તેવું લાગી રહ્યું છે. ત્યારે આ વિસ્તારમાં ગટરોની સફાઈ કરી તાકીદે ગંદકી દુર કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

**અમીરગઢ પોલીસે...**

**પાના નં.૮ ચાલુ**

મારફતે ઉપરોક્ત સ્ત્રીને પોસ્ટે લાવી પૂછપરછ કરતા ભૂખી પ્યાસી શારીરિક દુર્બળ સ્ત્રી સાચું નામ સરનામું ભાષાની સમજણના અભાવે કહી શકતી ના હોય તેને મહિલા પોલીસની દેખરેખ હેઠળ રાખી સારા વાતાવરણમાં રાખી નામ સરનામું પૂછતાં તૂટક ભાષામાં પોતાનું નામ ઉર્મિલા ચિરંજીવલાલ શેર રહે.ગઢ તા. બાદરવાસ જી.શિવપુરી ( મધ્યપ્રદેશ) હોવાનું જણાવતા સ્ટાફના રઈશખાન તથા વિનયકુમારે નજીકના પોલીસ સ્ટેશન માર ફતે તેના વાલી વારસનો સંપર્ક કરતા ગરીબી તથા સુવિદ્યાના અભાવે વાલી વારસ પોતાની દીકરી લેવા આવી શકે તેમ ન હોય આ બાબતે બી.આર.પટેલ પોલીસ સબ ઈન્સ્પેકટર અમીરગઢે પરિસ્થિતિ સમજી પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરને વાકેફ કરતા પોલીસ અધિક્ષકે માનવતાના ધોરણે મળી આવેલ સ્ત્રીને તેના વતનમાં પોલીસ સ્ટાફ સાથે સરકારી ગાડીમાં મોકલી આપવા હુકમ કરતા અમીરગઢ પોલીસના માણસો આજરોજ ઉર્મિલા ચિરંજીવલાલ શેરને તેના વતન ગઢ તા.બાદરવાસ જી.શિવપુરી (મધ્યપ્રદેશ)માં લઈ જઈ માનસિક અસ્વસ્થ મહિલાને તેના પરિવારને સોંપી ઉંમદા કાર્યવાહી કરેલ છે

ખરેખર સમાજના આવા વર્ગ પ્રત્યે અસંવેદનશીલ લાગણીઓ વાળા આજના સમાજ માટે માનવીય સંવેદનાનું પ્રત્યક્ષ અને સરાહનીય ઉદાહરણ પૂરું પાડયું હતું.

## ઝુલન ગોસ્વામી

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

ઝડપી બોલર ઝૂલન ગોસ્વામીના સમ્માનમાં ડાક ટિકિટ જાહેર કરવામાં આવી. આઈસીસી ક્રિકેટની વેબસાઈટ પર જણાવ્યા મુજબ કોલકત્તા સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ ક્લબમાં આયોજિત એક સમ્માન સમારોહમાં ઝૂલન ગોસ્વામીના નામે એક ડાક ટિકિટ જાહેર કરવામાં આવી છે. આ પ્રસંગે ઝૂલન ગોસ્વામી અને ભૂતપૂર્વ ભારતીય પુરુષ ટીમના કેપ્ટન સૌરવ ગાંગુલી પણ હાજર હતા. પાંચ રુપિયાની કિંમતની આ ડાક ટિકિટ પર ઝૂલન ગોસ્વામી સાથે વિક્ટોરીયા મેમોરીયલની પણ ફોટો છે. આ ડાક ટિકિટ ઝૂલનની ઉપલબ્ધીઓના સમ્માનમાં જાહેર કરવામાં આવી છે. ૩૫ વર્ષીય ઝૂલન ગોસ્વામીએ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં અત્યાર સુધી ૧૬૯ મેચોમાં ૨૦૩ વિકેટ લીધી છે.

ઝડપી બોલર ઝૂલન ગોસ્વામીના સમ્માનમાં ડાક ટિકિટ જાહેર કરવામાં આવી. આઈસીસી ક્રિકેટની વેબસાઈટ પર જણાવ્યા મુજબ કોલકત્તા સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ ક્લબમાં આયોજિત એક સમ્માન સમારોહમાં ઝૂલન ગોસ્વામીના નામે એક ડાક ટિકિટ જાહેર કરવામાં આવી છે. આ પ્રસંગે ઝૂલન ગોસ્વામી અને ભૂતપૂર્વ ભારતીય પુરુષ ટીમના કેપ્ટન સૌરવ ગાંગુલી પણ હાજર હતા. પાંચ રુપિયાની કિંમતની આ ડાક ટિકિટ પર ઝૂલન ગોસ્વામી સાથે વિક્ટોરીયા મેમોરીયલની પણ ફોટો છે. આ ડાક ટિકિટ ઝૂલનની ઉપલબ્ધીઓના સમ્માનમાં જાહેર કરવામાં આવી છે. ૩૫ વર્ષીય ઝૂલન ગોસ્વામીએ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં અત્યાર સુધી ૧૬૯ મેચોમાં ૨૦૩ વિકેટ લીધી છે.

# કોમનવેલ્થ ગેમ્સ,૬૯ કિગ્રા વેટલિફ્ટિંગમાં દીપક લાથરે બ્રોન્ઝ મેડલ જીત્યો

CWG -18 ઑસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં ચાલી રહેલ ૨૧મી કોમનવેલ્થ ગેમના પહેલાં દિવસે ભારતીય એથ્લીટોનું પ્રદર્શન સારું રહ્યું હતું. ભારતને વેટલિફ્ટિંગમાં બે મેડલ મળ્યા. બીજા દિવસે ભારતના કેટલાંક મોટા એથ્લીટ હાથ અજમાવશે.

તેમને પણ મેડલ મળવાની આશા રહેશે. આ તરફ સંજીતા ચાનુએ ૫૩ કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યા પછી પુરુષોના ૬૯ કિ.ગ્રાની કેટેગરીમાં દીપક લાથરે બ્રોન્ઝ મેડલ જીતી દેશને વધુ એક પદક અપાવ્યું છે.

ભારતના દીપક લાઠેરે ૬૯ કિગ્રાની શ્રેણીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. જ્યારે વેલ્સને ક્રિસ ઈવાંસે ગોલ્ડ અને શ્રીલંકાના સી દિસાનાયકે સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. જેના પરિણામે દીપકને બ્રોન્ઝ મેડલ મળ્યો. આ સાથે જ ભારત પાસે CWG-18 માં કુલ ૪ પદકો મળી ચુક્યા છે. જેમાં ૨ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.ભારતની મહિલા હોકી ટીમ આજે મલેશિયાની સામે પોતાની મેચ રમી રહી છે.

જેની સામે ભારતની જીત માટે ફેવરિટ માનવામાં આવી રહી હતી. તેને ૪-૧થી હરાવી પોતાની જીત જાળવી રાખી છે. ભારતીય મહિલા હોકી ટીમ પાસે ઘણી આશા રાખવામાં આવી રહી છે.

# ૧૪ રનમાં ૫ વિકેટ લેનાર અંકિત રાજપૂત પ્રથમ ભારતીય ક્રિકેટર

અંકિત રાજપૂત આઈપીએલ ૨૦૧૮ માં શાનદાર બોલિંગ કરી હોવા છતાં કિંગ્સ ઈલેવન પંજાબને સનરાઇઝર્સ હૈદરાબાદ સામે જીત અપાવવામાં નિષ્ફળ રહ્યા હતા. અંકિત રાજપૂતે હૈદરાબાદમાં રમાયેલી મેચમાં ૫ વિકેટ લીધી હતી, પરંતુ લો-સ્કોરિંગ મેચમાં તેમની ટીમને ૧૩ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. કિંગ્સ ઈલેવન પંજાબ ભલે મેચ હારી ગઈ હોય, પરંતુ અંકિત માટે આ મેચ યાદગાર બની ગઈ કેમકે તેમને આ દરમિયાન તે દિગ્ગજ ભારતીય બોલરોની યાદીમાં સામેલ થઈ ગયા હતા.

અંકિત રાજપૂતે આ મેચમાં શાનદાર બોલિંગ કરી ૧૪ રનમાં ૫ વિકેટ લીધી હતી. આ તેમની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. તેમની સૌથી મોટી સિદ્ધિ એ રહી કે, તે આ પ્રતીશીઠ પ્રતિષ્ઠિત ટી-૨૦ લીગમાં પાંચ વિકેટ લેનાર સાતમાં ભારતીય બોલર બની ગયા હતા. આ અગાઉ આ યાદીમાં અનીલ કુંબલે, ઈશાંત શર્મા, રવીન્દ્ર જાડેજા, અમિત મિશ્રા, હરભજન સિંહ અને ભુવનેશ્વર કુમાર સામેલ હતા.

અંકિતે ૧૪ રનમાં ૫ વિકેટ લીધી, જે આઈપીએલના ઈતિહાસમાં કોઈ ભારતીય બોલરનું ત્રીજી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ યાદીમાં અનીલ કુંબલે ટોપ પર છે જેમને ૨૦૦૯ માં કેપટાઉનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતા રાજસ્થાન રોયલ્સ સામે ૫ રનમાં ૫ વિકેટ લીધી હતી. આ યાદીમાં બીજા ક્રમ પર ઈશાંત શર્મા છે જેમને ૨૦૧૧ માં કોચ્ચિમાં ડેક્કન ચાર્જર્સ તરફથી કોચી ટસ્કર્સ સામે ૧૨ રનમાં ૫ વિકેટ લીધી હતી.

# આઈપીએલ ૨૦૧૮ : પૃથ્વી શો સૌથી ઓછી વયે અડધી સદી લગાવનાર ખેલાડી બન્યો

વર્ષ ૨૦૧૮ની આઈપીએલમાં દિલ્હી કોલકતા મુકાબલામાં દિલ્હીની મોટી જીત વચ્ચે ૧૮ વર્ષના યુવા બેટસમેન પૃથ્વી શોએ શાનદાર સદી મારી આ સાથે જ શો આઈપીએલમાં અડધી સદી કરનાર સંજુ સૈમસનની સાથે સંયુકત રીતે સૌથી યુવા ખેલાડી બની ગયો છે.

શો અને અય્યર વચ્ચે બીજી વિકેટ માટે ૬૮ રનોની ભાગીદારી થઈ હતી.શો ૧૪મી ઓવરમાં ટીમનો સ્કોર ૧૨૭ પર પહોંચાડી આઉટ થયો.ભારતે પોતાની સુકાનીમાં અંડર ૧૯ વિશ્વકપ જીતાડનાર પૃથ્વી શો આ વખતે આઈપીએલમાં ૨૦ લાખની બેસ પ્રાઈસ પર હતો પરંતુ આ શાનદાર યુવા બેટસમેનને દિલ્હી ૧.૨૦ કરોડ પર ખરીદ્યો હતો. પૃથ્વી શો અંડર ૧૯ વિશ્વકપ જીતાડનાર સૌથી ઓછી વયનો સુકાની છે શો આ પુરસ્કાર ૧૮ વર્ષ ૮૬ દિવસની ઉંમરમાં જીત્યો છે યુવા વનડે ક્રિકેટમાં સામાન્ય રીતે સુકાની ૧૦૦ ટકા જીતના મામલામાં પૃથ્વી શોએ સુકાની વિરાટ કોહલીની બરાબરી કરી છે બંન્નેએ જ ૧૧ મેચોમાં આ સિધ્ધિ હાંસલ કરી છે.

શોએ ૪૪ બોલ પર સાત ચોક્કા અને બે સિકસરની મદદથી ૬૨ રન કર્યા હતાં. શોની આ સીજનમાં આ પહેલી અડધી સદી છે.તે આઈપીએલમાં અડધી સદી બનાવનાર સંજુ સૈમસનની સાથે સંયુકત રીતે સૌથી યુવા ખેલાડી બની ગયો છે શોને પીયુષ ચાવલાએ બોલ્ડ કર્યો હતો. પૃથ્વી આ આઈપીએલમાં બે મેચોમાં ૮૪ રન બનાવી ચુકયો છે જેમાં તેણે ૧૧ ચોક્કા અને ૨ સિકસર લગાવી છે. દિલ્હીની જીતમાં પૃથ્વીનું પ્રદર્શન મહત્વપૂર્ણ રહ્યું હતું.

પૃથ્વી શોએ અંડર ૧૯ વિશ્વકપમાં જ સારી બેટીંગ કરી નથી તેની સરખામણી ગત કેટલાય સમયથી મહાન બેટસમેન સચિન તેંડુલકરથી થાય છે ગત વર્ષે જ પૃથ્વી રણજી ટ્રોફીમાં ૧૮ વર્ષની ઉંમરમાં સૌથી વધુ સદી લગાવનાર બેટસમેન બન્યો છે. પ્રથમ શ્રેણી મેચોમાં પણ તે સૌથી વધુ સદી લગાવવાના મામલામાં બીજા નંબર પર પહોંચી ગયો છે. તેની આગળ ફકત સચિન તેંડુલકર છે સચિને આ ઉંમરમાં પ્રથમ શ્રેણી ક્રિકેટમાં સાત સદી ફટકારી હતી.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ...............................................
મોકલનારની સહી : .......................................

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
ગુરૂવાર ૦૩ મે ૨૦૧૮ (૭)
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

# પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા એસ.ટી.કર્મીઓની રજુઆત

મહેસાણા

એસ.ટી.કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો અંગે અવાર નવાર વિભાગીય કક્ષાએ રજુઆત કરવા છતાં એક પણ પ્રશ્નોનો નિકાલ ન આવતા એસ.ટી. કર્મચારી મંડળે લાયઝન અધિકારીને લેખિત રજુઆત કરી છે. રજુઆતમાં જણાવ્યું છે કે પડતર પ્રશ્નો અંગે અવાર નવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં એક પણ પ્રશ્નનો નિકાલ કરવામાં આવ્યો નથી. તેમજ રજુઆત કરવા ટેલિફોનીક સંપર્ક કરતા ફોન રીસીવ કરવામાં ન આવતા હોવાથી કામદારોમાં અસંતોષની લાગણી ફેલાય છે જેથી બે ત્રણ દિનમાં પડતર પ્રશ્નો નહિં ઉકેલવામાં આવે તો એસ.ટી. કર્મચારી મંડળ કારોબારી સાથે નરોડા મધ્યસ્થ કચેરીએ જઈને રજુઆત કરશે."



સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વડાલી ખાતે તળાવ ઉંડુ કરવાના કામ નુ ખાતમુહર્ત કરતા જીલ્લા ભાજપના મહામંત્રી તખતસિહ હડીયોલ , અશોકભાઈ જોષી તાલુકા પ્રમુખ રમેશભાઈ પટેલ તથા નગરપાલિકાના પ્રમુખ સમતાબેન અને નગરપાલીકાના તમામ સભ્યો હાજર રહ્યા હતા.



"ઈડર શહેરના મધ્યમાં આવેલ અને કુદરતી હરીયાળી આચ્છાદિત રમલેશ્વર તળાવને સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઉંડુ કરવાના પ્રસંગે ઈડર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જસવંતકુમારીજી તથા નગરપાલીકાના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

## પાટણમાં અસહ્ય ગરમીથી ઢળી પડેલા મજૂર યુવકનું મોત

પાટણ

રાજયમાં ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે અને કાળઝાળ ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ત્યારે બપોરના સમયે અસહ્ય ગરમીમાં મજુરી કરતા એક યુવાનની હાલત લથડી હતી. ગરમીથી છૂટકારો મેળવવા મજૂર કામ છોડી બહાર આવતા અચાનક ઢળી પડયો હતો અને તેનું મોત થયું હતું. સરસ્વતીના નાયતા ગામે રહેતા રાવળ ભીમાભાઈ ગણેશભાઈ (ઉ.વ.૩૦) પાટણમાં રત્નમણી સોસાયટીમાં ચણતરના કડીયા કામની મજુરીએ આવ્યો હતો ત્યારે બપોરના ત્રણ વાગ્યાના સુમારે શ્રમિકને અતિશય ગરમી લાગતા તે ખૂબ જ અકળાયો હતો જેથી કામકાજ પડતું મુકી સોસાયટીની બહાર આવેલી ઠંડાપીણાની દુકાને આઈસ્ક્રીમ ખાવા માટે ગયો હતો. અને ત્યાં આઈસ્ક્રીમ લઈ નીચે ઉતરતાં તે ત્યાં ઢળી પડયો હતો જેથી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ બોલાવી તપાસ ચલાવતા તે યુવકનું મોત નિપજયું હોવાનું બહાર આવ્યું હતુ. આ બાબતે સીટી પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | ઈસ. | ૯૯૪-૧૨૨૧ |
| એરંડા | ૭૫૬-૭૬૪ | રાયડો | ૬૨૦-૭૬૦ |
| રાયડો | ૬૬૦-૭૦૦ | એરંડા | ૭૨૧-૭૬૯ |
| ઘઉં | ૩૧૧-૩૮૬ | ગવાર | ૬૯૫-૭૧૦ |
| બારી | ૨૬૦-૨૮૦ | મેથી | ૫૯૦-૪૧૭ |
| ગવાર | ૬૭૫ | ઘઉં | ૨૮૦-૪૫૪ |
| રાજગરો | ૯૪૦-૧૦૨૫ | બાજરી | ૨૧૧-૨૩૧ |
| જીરૂ | ૨૪૧૯-૨૭૪૦ | જવ | ૩૦૦ |
| વરીયાળી | ૧૦૫૦ | સવા | ૭૬૦-૮૬૧ |
| સુવા | ૭૭૫-૭૮૦ | કપાસ | ૭૦૦-૧૦૪૧ |
| તમાકુ | ૯૦૧-૧૩૦૧ | | પાટણ |
| | લાખણી | જીરૂ | ૨૫૦૦-૨૯૦૪ |
| એરંડા | ૭૫૩-૭૬૫ | વરીયાળી | ૧૦૦૦-૧૪૬૩ |
| રાયડો | ૬૬૦-૭૦૩ | મેથી | ૪૦૦-૫૦૦ |
| વરીયાળી | ૧૦૦૦-૧૩૬૧ | સુવા | ૭૦૦-૯૧૧ |
| ઈસ. | ૧૦૦૦-૧૨૧૫ | રાયડો | ૬૫૦-૭૩૪ |
| અજમો | ૧૦૧૧-૧૩૦૦ | એરંડા | ૭૩૦-૭૬૦ |
| રાજગરો | ૯૦૦-૯૫૧ | ઈસ. | ૧૧૩૧-૧૩૬૦ |
| સુવા | ૭૫૦-૯૫૧ | અજમો | ૪૦૦-૬૦૦ |
| | પાલનપુર | ઘઉં | ૩૦૦-૪૦૪ |
| ઘઉં | ૨૯૫-૪૨૭ | જુવાર | ૨૮૦ |
| બાજરી | ૨૪૩-૨૪૪ | બાજરી | ૨૨૦-૨૬૧ |
| ચણા | ૬૧૪ -૬૫૬ | જવ | ૨૮૦-૩૦૦ |
| એરંડા | ૭૩૯-૭૬૮ | ગવાર | ૬૬૪-૬૯૯ |
| રાયડો | ૬૫૫-૭૦૦ | કપાસ | ૭૩૧-૧૧૧૦ |
| વરીયાળી | ૯૬૫-૨૨૪૫ | | પાંથાવાડા |
| રાજગરો | ૮૬૧-૧૦૧૮ | ઘઉં | ૨૮૧-૩૧૧ |
| | ભીલડી | બાજરી | ૨૩૧- ૨૩૧ |
| એરંડા | ૭૫૦-૭૫૮ | રાજગરો | ૮૭૬- ૧૦૦૦ |
| રાયડો | ૬૫૦-૬૯૦ | ઈ.ગુલ | ૧૧૦૦-૧૩૦૦ |
| રાજગરો | ૯૩૦-૧૦૦૨ | સુવા | ૮૦૦-૮૦૦ |
| બાજરી | ૨૫૦-૨૭૦ | વરીયાળી | ૯૯૧ |
| ઘઉં | ૨૯૦-૩૩૦ | એરંડા | ૭૫૦- ૭૬૧ |
| ઈસ. | ૧૦૧૧ | રાયડો | ૬૮૦- ૭૨૮ |
| જીરૂ | ૨૫૫૧-૨૭૦૦ | | થરાદ |
| તમાકુ | ૮૯૧-૧૩૦૦ | રાયડો | ૬૯૦-૭૨૭ |
| | થરા | જીરુ | ૨૩૦૦-૩૦૬૦ |
| જીરૂ | ૨૫૦૦-૩૧૧૧ | સોવા | ૬૫૦-૮૬૦ |
| એરંડા | ૭૫૭-૭૭૮ | ચિકુડી | ૧૨૦૦-૧૩૬૦ |
| રાયડો | ૬૭૦-૭૦૫ | એરંડા | ૭૫૫-૭૬૭ |
| ઘઉં | ૩૦૪-૪૫૧ | ઈસબગુલ | ૧૨૫૦-૧૬૪૧ |
| બાજરી | ૨૪૦-૨૭૦ | વરીયાળી | ૧૦૭૨-૧૩૧૭ |
| સુવા | ૮૧૩-૮૭૦ | અજમો | ૧૨૦૦-૨૦૦૦ |
| ઈસ. | ૧૦૭૦-૧૧૮૦ | | રાહ |
| વરી. | ૧૧૦૦-૧૬૧૩ | રાયડો | ૬૯૦-૭૦૫ |
| ગવાર | ૭૨૪-૭૫૦ | એરંડા | ૭૬૦-૭૬૫ |
| | સિધ્ધપુર | ચીકુડી | ૧૧૫૦-૧૩૨૫ |
| જીરૂ | ૨૫૫૦-૨૬૮૫ | સોવા | ૭૯૦-૮૩૫ |
| વરીયાળી | ૧૦૧૨-૧૪૦૦ | બાજરી | ૨૫૦-૨૮૫ |

# બહુચરાજી - સુરત બસને સોનગઢ સુધી લંબાવવામાં આવતા ટ્રાફિકને મોટું નુકશાન

ચાણસ્મા

બહુચરાજી ડેપો સંચાલિત સવારે ૧૦ વાગે અને સાંજના ૧૬/૦૦ કલાકે ઉપડતી અને સુરત જતી બંન્ને એક્સપ્રેસ બસને છેલ્લા ૧૫ દિવસથી સોનગઢ લંબાવવામાં આવતાં આ બસને મળતા ટ્રાફિકમાં મોટું નુકશાન થઈ રહ્યું છે. મહેસાણા એસ.ટી. વિભાગીય અધિકારીના આ તઘલખી નિર્ણયને કારણે બેચરાજી ડેપોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. બહુચરાજી ડેપો દ્વારા ઉપરોકત બંન્ને એક્સપ્રેસ રૂટનું બહુચરાજીથી સુરત વર્ષોથી સંચાલન કરવામાં આવતું હતું જેમાં પુરતું ટ્રાફિક મળવાને કારણે એસ.ટી.ની આવકમાં પણ ફાયદો થતો હતો. તેમ છતાં મહેસાણા એસ.ટી. વિભાગીય કચેરી દ્વારા આ બંન્ને બસને સુરતથી આશરે ૧૦૦ કિ.મી. દૂર આવેલા સોનગઢ ગામે લંબાવવામાં આવી છે. જેના કારણે અપડાઉનના આશરે ૨૦૦ કિ.મી.નું સંચાલન વધી ગયું છે. આ રૂટ ઉપર ફરજ બજાવતા ડ્રાઈવર કંડકટરને પ્રતિદિન ચાર કલાકનો ઓવરટાઈમ આપવો પડે છે. અને આ એસ.ટી.રૂટને આશરે રૂ.૬૭૫ જેટલો ટોલટેક્ષ ચુકવવો પડે છે. જેના કારણે આ રૂટને દૈનિક રૂ.૨૦૦૦ નું નુકશાન થઈ રહ્યું છે. બસ લંબાવતા ટ્રાફિક મળતું નથી અને સુરતથી સોનગઢ જતાં આ બસના ટાઈમે જ અન્ય ડેપોની કેટલીક બસ સોનગઢ જતી હોઈ આ બસને આર્થિક દ્રષ્ટિએ નુકશાન થઈ રહ્યું છે જેથી બહુચરાજીથી સુરત જતા અને સુરતથી બહુચરાજી આવતા રૂટના ઉપરના તમામ ગામના પેસેન્જરોએ આ બસને તેના અગાઉના સુરત સ્ટેન્ડ સુધી ચલાવવા માંગણી કરી છે. બહુચરાજી ડેપો દ્વારા હાલમાં લોકલ/ એક્સપ્રેસ રૂટનું સંચાલન કરવામાં આવે છે તેવા સંખ્યાબંધ રૂટના સમયપત્રકમાં વારંવાર ફેરફાર કરવો. અને બસ રૂટ લંબાવવા જેવા નિર્ણય વિભાગીય કચેરી દ્વારા વારંવાર કરવામાં આવતાં ડેપોની એકદંર આવકમાં પ્રતિદીન ઘટાડો થઈ રહ્યો છે. ડેપોના બસના સમયમાં ફેરફાર કરવા સહિતની માંગણીઓ બાબતે સ્થાનિક અધિકારીનું સુચન લેવાય તો આવકમાં નોંધપાત્ર વધારો થઈ શકે તેમ છે.



સતીશ ભટ્ટ

"સમગ્ર રાજયમાં આરંભાયેલા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત જળાશયોનું ડિસીલ્ટીંગ અને શહેરોમાંથી પસાર થતી નદીઓમાં થતું જળ પ્રદુષણ અટકાવવા તેમજ નદી કાંઠાઓ પણ વૃક્ષારોપણ કરવાની કામગીરી અંતર્ગત આજે હિંમતનગર શહેરની મધ્યમાંથી પસાર થતી હાથમતી નદીને સફાઈ કરવાની કામગીરી જિલ્લા પ્રભારી અને સિંચાઈ મંત્રી શ્રી પરબતભાઈ પટેલના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા,કલેકટર શ્રી પ્રવિણા ડી.કે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્તુતિ ચરન, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નીલનબેન પટેલ, અગ્રણી શ્રી જેઠાભાઈ પટેલ, જે.ડી.પટેલ તથા નગરપાલીકાના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

# ઉ.ગુજરાતમાં સંસ્થાઓ દ્વારા તળાવ ઉંડા થતાં ટેન્ડર ભરનારા અકળાયા

મહેસાણા

ગુજરાત સરકારે આ વખતે જળસંયમ અભિયાનમાં તળાવો ઉંડા કરવા સહિતના કામો ટેન્ડર ઉપર આપવાના બદલે સંસ્થાઓના સહયોગથી કરવાનું નક્કી કર્યું છે, આથી ઉત્તર ગુ-જરાતમાં ગામ-તાલુકા દીઠ અલગ અલગ સંસ્થાઓ નક્કી કરાઈ છે. આવી સ્થિતિમાં ટેન્ડર ભરનારા ઠેકેદારો અકળાયા છે જો કે કામ છેવટે ઠેકેદારો પાસે આવશે પરંતુ પેટા કેન્દ્રાકરમાં કરવું પડશે

મહેસાણા જિલ્લામાં ૧૨૧, પાટણ જિલ્લમાં૧૩૧, અને બનાસકાંઠામાં ૩૮૪ મળીને ૫૩૫ તળાવો ઉંડા કરવાનું સંસ્થા ટસ્ટ્ર,કંપની અને જાહેર સાહસો વચ્ચે વિભાજીત કરવામાં આવ્યું છે, રાજ્ય સરકારે નક્કી કરેલ પ્રતિ ઘન મિટરના ૫૦ ટકા તંત્ર દ્વારા બાકીના ૫૦ ટકા કામ રાખનાર સંસ્થા ભોગ થશે

અગાઉના વર્ષોએ તળાવ ઉંડા કરવા સહિતના કામો ટેન્ડર દ્વારા ઠેકેદારોને મળતા હતા, હવે સીધે સીધા સંસ્થાને આપી દેવાતાં ટેન્ડર ભરનારાઓની હાલત કફોડી થતાં તેઓ લાલઘૂમ બન્યા છે. તળાવ ઉંડા કરનાર સંસ્થા પાસે જેસીબી મશીન કે ટ્રેકટર નહિં હોવાથી કામ છેવટે સ્થાનિક કોન્ટ્રાકટર પાસે આવશે. જેથી અગાઉ ડેન્ડરથી સીધુ મળતું કામ હવે પેટા કોન્ટ્રાકરમાં કરવું પડશે રાજયસરકાર દ્વારા દર વર્ષે તળાવ ઉંડા કરવાનો ભાવ પ્રતિ ઘન મીટરે સરેરાશ રૂ.૩૭ અપાતો હોય છે,જેમાં ટેન્ડરમાં સરેરાશ રૂ.૨૮ થી ૩૦ ના ભાવની ઓફર થતી હોય છે. આ વખતે સંસ્થાઓને રૂ.૩૦ નો ભાવ અપાયો છે એટલે કે ભાવ સરખો છે પરંતુ સંસ્થાઓને રૂ.૩૦ પૈકી રૂ.૧૫ સરકાર આપશે.

# લાંઘણજ ટ્રેલર લૂંટ કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

મહેસાણા

મહેસાણા તાલુકાના ગોઝારીયા પાસેથી ટ્રેલર ચાલકને માર મારી ટ્રેલરની લુંટમાં લાંઘણજ પોલીસને વધુ એક સફળતા પ્રાપ્ત થઈ છે. જેમાં માણસના સાલૈયાના આરોપીની પોલીસે અટકાયત કરી છે, જયારે પાંચ પૈકી ચાર આરોપીઓને કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા બે દિવસના પોલીસ રીમાન્ડ મંજૂર કર્યા છે.

ગોઝારીયા રેલવે ફાટક પાસેથી ૨૪ એપ્રિલ ૨૦૧૮ ના રોજ ગાંધીનગરથી રખીયા ભરીને આવતા ટ્રેલરને લૂંટીને ૭ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ કેસમાં લાંઘણજ પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલીને એક સગીર અને ચાર પુખ્તવયના મળીને પાંચ આરોપીઓને ઝડપી લીધા હતા અને કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

આ ચકચારી લુંટની ઘટનામાં પોલીસે વધુ એક આરોપી સુનિલ ડાહ્યાભાઈ પ્રજાપતિને ઝડપી તપાસ હાથ ધરી છે.

આ કેસમાં હજુ અમદાવાદના રાજુ મારવાડી, અને દિલીપ ચૌહાણ નામના બે આરોપીઓ પોલીસ પકડથી દૂર રહેવા પામ્યા છે.

# ગામડાના ડાક કર્મચારીઓને કોઈ સરકારી લાભ આપવામાં ન આવતાં દયનીય હાલત

ચાણસ્મા

અંગ્રેજોના સમયકાળથી ચાલી આવતી ગામડાની ટપાલ વ્યવસ્થામાં દેશભરમાં આશરે ૨૧૧ લાખ જેટલા કર્મચારીઓ તેમની ફરજ બજાવે છે. અને તેઓને આજે પણ આ કારમી મોંઘવારીમાં દૈનિક આશરે ૪ થી ૫ કલાક ફરજની સામે માત્ર રૂા. ૮ થી ૧૦ હજાર જેટલું વેતન ચુકવવામાં આવે છે. અને વર્ષોથી ફરજ બજાવતા આ કર્મચારીઓને કાયમી ગણી તેમને પેન્સન કે અન્ય કોઈ સરકારી લાભ આપવામાં ન આવતાં કર્મચારીઓની હાલત દયનીય બની ગઈ છે.

છે ક ગામડાના ઉંડાણના વિસ્તારમાં ટપાલ વ્યવસ્થાનું કામકાજ ગ્રામીણ ડાકસેવકો સંભાળે છે. આ કર્મચારીઓ નાણાકીય લેવડ દેવડ તેમજ અન્ય મહત્વની કામગીરી કરે છે. ગામડાની ટપાલ કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પહેલાં ઈ.ડી.એ/બી.પી.એ તરીકે ઓળખાતા હતા. તેમાં ફેરફાર કરી ગ્રામીણ ડાકસેવક નવુનામ આપવામાં આવ્યું. અને હવે છેલ્લે જી.ડી.એસ. કર્મચારીઓ તરીકે ઓળખાય છે. તેમના પગાર સહિત અન્ય માળખાકીય સુવિધાઓ વધારવા કેન્દ્ર સરકારે પંચ અને કમીટીઓની રચના કરી હોવા છતાં આજદિન સુધી આ કર્મચારીઓની દારૂણ પરિસ્થિતિમાં કોઈ જ સુધારો થયો નથી. અને હાલમાં માત્ર ૮ થી ૧૦ હજારના માસિક વેતનમાં જ તેમની ફરજ બજાવી રહ્યા છે.

ગામડાની ટપાલ કચેરીમાં આ કર્મચારીઓના માથે મનીઓર્ડર, રજીસ્ટર એડી, પાર્સલ યોજના, વિધવાપેન્સન, લાઈટબીલ, ટેલીફોનબીલ, વૃધ્ધાપેન્સન, મનરેગા, ગ્રામીણવીમો, પી.એલ.આઈ, તેમજ નાની બચતની વિવિધ યોજનાઓની કામગીરી તેમની પાસેથી લેવામાં આવે છે, વારંવાર ભુખ હડતાલ તેમજ કર્મચારીઓએ ધરણાં કરી પોતાની માગણીઓ માન્ય યુનીયન દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ હોવા છતાં તેનું કોઈ જ પરિણામ મળ્યુ નથી.

અગાઉ ગ્રામીણ ડાક સેવકને સાયકલ એડવાન્સ ચોમાસામાં છત્રી, ટપાલ ડીલીવરીબગ અને બુટ ચંપલ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવતી હતી. પરંતુ આજે કમનસીબે આ સેવાઓ પણ બંધ કરવામાં આવી છે.

# બહુચરાજીમાં કારની ડેકીમાંથી ગઠીયો રૂા.૩૦ હજાર ચોરી ફરાર

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના દેવગઢ ગામમાં એક ઈસમ ગત શનિવારે બહુચરાજી ડીસ્ટ્રીક બેંકમાંથી રૂા.૩૦ હજાર ઉપાડી કારની ડેકીમાં મુકી દયાનંદ કોમ્પલેક્સમાં કાર પાર્ક કરી રીચાર્જ કરાવવા ગયેલ તે દરમ્યાન કોઈ ગઠીયો ડેકી ખોલી રૂપિયા લઈ નાસી ગયો હતો, આ અંગે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ ચલાવેલ છે.

જાણવા મુજબ દેવગઢ ગામના મોહનભાઈ શંકરદાસ પટેલ ગત શનિવારે બહુચરાજી ડીસ્ટ્રીકટ બેંકમાંથી રૂા.૩૦ હજાર ઉપાડી કારની ડેકીમાં મુકી દયાનંદ કોમ્પલેકસમાં કાર પાર્ક કરી રીચાર્જ કરાવવા ગયા હતા. તે દરમ્યાન કોઈ ગઠીયો કારની ડેકીમાંથી રૂા.૩૦ હજાર લઈ ફરાર થઈ ગયો હતો આ બાબતે મહોનભાઈએ બહુચરાજી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે સીસીટીવીના ફૂટેજમાં તપાસ કરી તો આશરે ૧૦ થી ૨૨ વર્ષનો યુવાન સફેદ શર્ટ અને કાળુપેન્ટ પહેરેલો જણાઈ આવ્યો હતો જેની પોલીસે તપાસ ચલાવેલ છે

# બહુચરાજીના મુકિતધામમાં ભૌગોલિક સગવડો મળે તે માટે ગ્રામ પંચાયત દ્વારા પ્રયત્નો શરૂ

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીમાં એસ.ટી.વર્કશોપ નજીક આવેલ મુક્તિધામમાં છેલ્લા કેટલાય વર્ષોથી પ્રાથમિક સવલતો મળતી ન હતી. જે પરિસ્થિતિને ધ્યાનમાં લઈ મુક્તિધામમાં અગ્નિ સંસ્કારના સમયે તમામ ભૌગોલિક સગવડો ઉપલબ્ધ થાય તે માટે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આશરે ૧૫ હજારની જન સંખ્યા ધરાવતા બહુચરાજી ખાતે નાના મોટા મુક્તિધામ આવેલા છે પરંતુ આજદીન સુધી સુવિધાના નામે કોઈ વિકાસ થયો નથી. બહુચરાજીનું સૌથી મોટું અને તમામ જ્ઞાતિઓ માટે સાર્વજનિક ગણાતું હાઈવે પરનું સ્મશાન પણ જાણે શૌચક્રિયા અને કચરો ઠાલવવાનું સ્થળ બની ગયું હોય તેમ ચારેય બાજુથી ગંદકીથી ઘેરાયેલું હતુ. અંતિમવિધિ માટે જતા ડાઘુઓ પણ આ સમસ્યાથી વાજ આવી ગયા હતા. જેના કાયમી ઉકેલ માટે સ્થાનિક લોકો દ્વારા ગ્રામપંચાયત સમક્ષ આ અંગે વારંવાર રજૂઆત કરવામાં આવતી હતી તેના કાયમી ઉકેલ માટે સ્થાનિક ગ્રામપંચાયતના સરપંચ દેવાંગ પંડયા તેમજ અગ્રણીઓના પ્રયાસોથી વરંડામાં અને ભોયતળીયે પેવર બ્લોક નાખવાની કામગીરી પુરી થઈ ગઈ છે. જયારે ઈલેકટ્રીક સગડી લાકડાં સ્ટોરેજ માટેનો ઓરડો, બેઠક વ્યવસ્થા અને સ્નાન માટે પાણીનો ઘાટ બનાવવા જેવી પ્રાથમિક સગવડો પુરી પાડવા તજવીજ હાથ ધરાવામાં આવી છે.

# રાધનપુર તાલુકાના નાયતવાડામાં જળસંચય માટે હોલીયાં નો શુભારંભ




કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના નાયતવાડામાં રાજ્યના કેબિનેટ મંત્રી દિલીપજી ઠાકોરની અધ્યક્ષતામાં રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગ અને લોકભાગીદારી દ્વારા વરસાદી પાણીના રિચાર્જ હેતુ બોરવેલ (હોલીયાં) બનાવવાના કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો,આ પ્રસંગે કંડલા પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતભાઈ રાજગોર,જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ,જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી,જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજ્યગુરુ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડી.એલ.પરમાર,પ્રાંત અધિકારી શિવરાજ ડી. ગિલવા સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં મંત્રી દિલીપજી ઠાકોરે જળસંચયનું મહત્વ સમજાવીને પાણી બચાવવા લોકોને અપીલ કરી હતી.

# નગરાસણમાં હુમલાના કેસમાં બે આરોપીઓને એક વર્ષની કેદ

મહેસાણા

કડી તાલુકાના નગરાસણમાં ત્રણ વર્ષ પૂર્વે સામાજીક બાબતની તકરારમાં એક શખ્સ પર ચાકૂ તેમજ લાકડીથી હુમલો કરી માર મારવામાં આવ્યો હતો આ કેસમાં બે આરોપીને કડી કોર્ટે દોષિત ગણી એક વર્ષની કેદ અને રૂા.૩૦૦ નો દંડ ફટકાર્યો હતો. નગરાસણ ખાતે રહેતા દાનાભાઈ કાળાભાઈ પરમાર ગત ૧૦ જુન ૨૦૧૪ ની રાત્રીએ ઘર નજીક સામાજીક બાબતની ચર્ચા કરતા હતા ત્યારે આરોપીઓએ આવી ચર્ચા બાબતે તકરાર કરી હતી અને લાકડી-ચાકૂથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી આ બાબતે આરોપીઓ સામે કડી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી, જે કેસ કડી કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ કલ્પેશ યોગીની દલીલો અને પુરાવાના આધારે જજ ડી.એ. રાવલે આરોપી કાન્તીભાઈ ખુશાલ ભાઈ પરમાર અને દશરથ કાન્તીભાઈ પરમારને ગુનેગાર ઠેરવી બંનેને એક વર્ષની કેદ અને રૂા.૩૦૦ દંડ ફટકાર્યો હતો.

# રાધનપુરમાં ગઠિયો બાઈક ઉપર લટકાવેલી રૂ.૬૫ ભરેલી થેલી ઉઠાવી ગયો

રાધનપુર

રાધનપુર શહેરમાં નગરપાલિકા અને પોલીસના સંયુક્ત સહયોગથી મોટાભાગના સંવેદનશીલ વિસ્તારોમાં સી.સી. ટી.વી.કેમેરા લગાવવામાં આવ્યા હોવા છતાંય ગઠીયાઓને જાણે કે કઈ જ ફરક પડ્યો નથી. મંગળવારે સુલ્તાનપુરાના એક ભાઈએ રૂ.૬૫ હજાર ભરેલી થેલી બાઈક ઉપર ભરાવી હતી,જે ગઠિયો લઈને છુમંતર થઇ ગયો હતો.ગાંઠિયાને ના તો સી.સી.ટી.વી.કેમેરાનો ડર હતો કે ના પોલીસનો. રાધનપુર તાલુકાના સુલ્તાનપુરાના ગોવિંદભાઇ વજાભાઇ ઠાકોર મંગળવારે રાધનપુરની યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાંથી રૂ.૬૫ ઉપાડીને બનાસ બેંકમાં ભરવાના હોઈ,તેમના બાઈક ઉપર થેલીમાં રૂપિયા મૂકીને બાઈક (જી.જે.૨૪ એ.ડી.૭૦૧૭) લઈને હાઈવેથી મીરા દરવાજા રોડ ઉપર આવેલી એક દુકાને બાઈક ઉભું રાખીને ગયેલા,દુકાનમાં બેઠા હતા ત્યારે તેમની નજર સતત બાઈક સામે જ હતી, પરંતુ એક ગઠિયો તેમનાથી પણ ચાલાક નીકળ્યો અને નજર ચૂકવીને બાઈક ઉપર લટકાવેલી રૂપિયા ભરેલી થેલી લઈને છુમંતર થઇ ગયો હતો.તુરંત જ સામેની સાઈડે બેઠેલો એક ભાઈ ગોવિંદભાઇ પાસે આવેલો અને કહેલું કે તમારા બાઈક ઉપર ભરાવેલ થેલી લઈને એક માણસ હાલ જ ગયો છે,તમારો ઓળખીતો છે.?? ગોવિંદભાઈના પેટમાં ફાળ પડી અને તુરંત જ પેલા થેલી લઈને ગયેલા ગાંઠિયાની શોધખોળ કરી પણ એ ગાયબ થઇ ગયો હતો આ અંગે પોલીસ સ્ટેશન જઈને લેખિતમાં રજુઆત કરી હતી.

## દઢિયાળમાં વુધ્ધ પિતા પર પુત્રનો હુમલો

મહેસાણા

વિસનગર તાલુકાના દઢિયાળ ગામે એક વૃધ્ધ પિતા પર પુત્રએ હુમલો કરી મુઢ માર મારતાં ઈજાગ્રસ્ત વૃધ્ધને મહેસાણા સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ જો કે વૃધ્ધના નિવેદનના આધારે વિસનગર તાલુકા પોલીસે તપાસ ચલાવેલ છે. જાણવા મળતી વિગતો અનુસાર દઢિયાળના ૭૪ વર્ષિય મોતીભાઈ ચૌધરીને મુઢ માર મારવામાં આવતા મહેસાણા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. વૃધ્ધના દિકરાને કામ ધંધા બાબતે ઠપકો આપતાં તેણે હુમલો કર્યો હોવાનું પોલીસે જણાવેલ જેથી વૃધ્ધના નિવેદનના આધારે પોલીસે આ બાબતે સઘન તપાસ હાથ ધરી છે.